Thursday, 11 June 2026
પાના : ૮ ● કિંમત : રૂા.૩.૦૦

કેન્દ્ર શાસિત પ્રદેશ દાદરા નગર હવેલી અને દમણ-દીવથી પ્રસિધ્ધ થતું નં.૧ દૈનિક

गते शोको न कर्तव्यो भविष्यं नैव चिन्तयेत्।
वर्तमानेन कालेन वर्तयन्ति विचक्षणाः॥

તમારી લાગણીનું પ્રતિબિંબ પાડતું સંઘપ્રદેશનું સર્વપ્રથમ દૈનિક

# વર્તમાન પ્રવાહ

તંત્રી : મુકેશ ગોસાવી

RNI No. DDGUJ/2003/13906

દમણ કાર્યાલયઃ કલેક્ટર ઓફિસ નજીક, વીઆઈપી સર્કિટ હાઉસની સામે, ઢોલર, મોટી દમણ. Mo. 99796 19477. E-mail: vartmanpravah@gmail.com / editor.vartmanpravah@gmail.com

દમણ (VARTMAN PRAVAH, DAMAN) ● વર્ષઃ ૨૩ ● અંકઃ ૧૮૩ ● સંવત-૨૦૮૨ અધિક જેઠ વદ અગિયારસ ● Web: www.vartmanpravah.com vartmanpravah @VartmanPravahD




બદલોની આંખ માટે આંખ આખી દુનિયાને અંધ કરી નાખશે.

- મહાત્મા ગાંધીજી

# દાદરાઃ દેમણી ઘરમાં ઘુસી ટેમ્પો ડ્રાઈવરની કરાયેલી હત્યાનો ભેદ ઉકેલાયોઃ પત્ની અને પ્રેમીએ મળી નિર્દયતાથી પ્રિતેશ પટેલની કરેલી હત્યા

## પોલીસે પ્રેમીપંખીડા બંને હત્યારાઓને ઝડપી પાડી કોર્ટમાં રજૂ કરતા બંનેના દશ દિવસના પોલીસ રિમાન્ડ મંજૂર કરાયા



હત્યારી અંકિતા પટેલ



હત્યારો પ્રેમી નિકુંજ (ઉ.વ.૨૨)





**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**સેલવાસ, તા.૧૦**

દાદરા નગર હવેલીના દાદરા ગામમાં દેમણી રોડ સ્કૂલ ફળિયામાં રવિવારની મોડી રાત્રિએ ચાર અજાણ્યા વ્યક્તિ ઘરમાં ઘુસી તીક્ષ્ણ હથિયાર વડે યુવાનની હત્યા કરી ફરાર થઈ ગયા હોવાની ઘટના પ્રકાશમાં આવતા સમગ્ર દાનહમાં ભારે ચકચાર મચી જવા પામી હતી. આ હત્યા પ્રકરણમાં આજે પોલીસે એક સનસનાટીભર્યો ખુલાસો કર્યો હતો. પોલીસ તપાસમાં બહાર આવ્યું કે ૩૫ વર્ષીય પ્રિતેશ પટેલની હત્યા તેની પત્ની અને તેના પ્રેમીએ કાવતરૂ રચીને કરી હતી.

પોલીસે હત્યાના આરોપમાં મૃતકની પત્ની અને એનો ૨૨ વર્ષીય પ્રેમી નિકુંજને ઝડપી પાડી કોર્ટમાં રજૂ કરતા બંનેના દશ દિવસના પોલીસ રિમાન્ડ મંજૂર કરવામાં આવ્યા છે.

પ્રાપ્ત માહિતી પ્રમાણે દાદરા ગામના દેમણી સ્કૂલ ફળિયામાં રહેતા પ્રિતેશ પટેલ (ઉ.વ.૩૫) જેઓ ટેમ્પો ચલાવી પોતાના પરિવારનું ગુજરાન ચલાવતા હતા. પ્રિતેશની પત્ની અંકિતા પટેલ આંગણવાડીમાં નોકરી કરતી હતી. એમના સંતાનમાં એક ૧૨વર્ષની દીકરી અને એક ત્રણ વર્ષનો દીકરો છે. આ આખી ઘટનામાં પ્રેમ પ્રકરણના કારણે પ્રિતેશની હત્યા કરાઈ હોવાનું પોલીસ તપાસ બાદ સામે આવ્યું છે.

ગત રવિવારે રાત્રે પ્રિતેશ પટેલ જમી પરવારીને સુતો હતો ત્યારે રાત્રે દોઢ વાગ્યાના સુમારે પ્રિતેશની પત્ની અંકિતાનો પ્રેમી નિકુંજ ઘરમાં ઘુસ્યો હતો અને ત્યારબાદ પ્રિતેશના શરીર પર ચાકુ વડે ઉપરાછાપરી ઘા ઉપર ઘા કરી નિર્મમ હત્યા કરી દીધી હતી. આ ઘટના બાદ આખા વિસ્તારમાં સનસની ફેલાઈ ગઈ હતી. તપાસ દરમિયાન સાક્ષીઓની પૂછપરછના આધારે મૃતકની પત્ની અંકિતા અને એના પ્રેમી નિકુંજની ધરપકડ કરવામાં આવી હતી. દાનહ પોલીસ હાલમાં અન્ય તરકટોની પણ તપાસ કરી રહી છે.

આ ઘટનાથી બે માસૂમ બાળકો બંને માતાપિતાની સંભાળ વગર રહ્યા છે. હત્યાના બંને ગુનેગારોને કોર્ટમાં રજૂ કરાતા સરકારી વકીલ પારુલ રાજપૂતની દલીલોને સાંભળ્યા બાદ સેલવાસ કોર્ટના સિવિલ જજ સિનિયર ડિવિઝન અને મુખ્ય ન્યાયિક મેજીસ્ટ્રેટ શ્રી જયદેવ વાય. ધૂલેએ બન્ને આરોપીને દશ દિવસના પોલીસ રિમાન્ડ પર મોકલવાનો આદેશ કર્યો હતો. પોલીસ આ કેસની સંપૂર્ણ તપાસ કરી રહી છે.

## ત્રીજી પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ



### સ્વ. કાંતિલાલ મનસુખલાલ પટેલ

જન્મ તા.૨૦/૧૧/૧૯૪૯ સ્વ. તા.૧૧/૦૬/૨૦૨૩

તમારૂં સાદગી ભર્યું જીવન અને તમારા આદર્શ અમારા માર્ગદર્શન હતા, તમારી જીવન જીવવાની સરળ રીત તેમજ તમારો દયાળુ સ્વભાવ, લોકો પ્રત્યે આદર અને લાગણીશીલતાને અમો ક્યારેય નહીં ભુલીએ.

પ્રભુ આપના દિવ્ય આત્માને શાંતિ અર્પે એજ અમારા સૌની પ્રાર્થના.

લિ.

ગં.સ્વ. સુશીલાબેન ડી. ગરાસીયા (ધર્મપત્ની)
શ્રી દર્શનભાઈ કાંતિલાલ પટેલ (પુત્ર)
શ્રીમતી પ્રિતીબેન દર્શનભાઈ પટેલ (પુત્રવધૂ)
શ્રીમતી જીગીશાબેન શેખરભાઈ પંડિલવાર (પુત્રી)
શ્રીમતી અભિલાષાબેન મહેન્દ્રભાઈ પટેલ (પુત્રી)
ગાર્ગી દર્શનભાઈ પટેલ (પૌત્રી), રિયા દર્શનભાઈ પટેલ (પૌત્રી)

સરનામું : રો-હાઉસ નં.૧૨, મનોરથ રેસીડેન્સી, લાયન્સ સ્કૂલની સામે, સેલવાસ.

# રમત-ગમત વિભાગે ટી-૧૦ લેધર બોલ ક્રિકેટ ખેલાડીઓ માટે ટી-શર્ટ અને ટ્રેક પેન્ટ બહાર પાડ્યા



## દાનહની તમામ યુવતીઓ અને ખેલાડીઓને લાયન્સ ક્લબ ઓફ સેલવાસે આપેલો સંપૂર્ણ સહયોગ

**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**સેલવાસ, તા.૧૦**

ભારત સરકારના રમત-ગમત અને યુવા બાબતોના મંત્રાલય અંતર્ગત દાદરા નગર હવેલી અને દમણ-દીવમાં ટી-૧૦ લેધર બોલ ક્રિકેટ ખેલાડીઓની એક ટીમ બનાવવામાં આવી હતી. જેમાં યુવતીઓ અને યુવકને સમાન તકો પૂરી પાડવામાં આવી રહી છે. તે અનુસાર 'ખેલો ઈન્ડિયા' સેન્ટરના ઓડિટોરીયમમાં દાદરા નગર હવેલી અને દમણ-દીવ ખેલ સંયોજક અધિકારી શ્રી મહેશભાઈ પટેલ દ્વારા તમામ પસંદ કરાયેલા ખેલાડીઓ માટે ટી-શર્ટ અને ટ્રેક પેન્ટનું વિમોચન કરવામાં આવ્યું હતું અને લાયન્સ ક્લબ ઓફ સેલવાસના સહયોગથી પસંદ કરાયેલા તમામ ખેલાડીઓને તેનું વિતરણ કરવામાં આવ્યું હતું. જેમાં ઋત્વી પૂજારીને તેમના સતત અભ્યાસ માટે સન્માનિત કરવામાં આવ્યા અને અનીસ રોકાને તેમના શિસ્ત માટે સન્માનિત કરવામાં આવ્યા હતા. આ અવસરે અમૃતા સિંહ, સોનલ સિંહ રાજપૂત, પ્રિયા સિંહ, રીતિકા સિંહ, રીતિકા રાજપૂત, પ્રણવ ઘોષ, પ્રણવ ઝા, અમન રાજપૂત, શુભમ જી, હેમરાજ સિંહ પરમાર, તુષાર રાય, દિવ્યાંશુ રાજપૂત, મો.આકિબ હાજર રહ્યા હતા.

આ તમામ ટી-૧૦ લેધર બોલ ક્રિકેટ ખેલાડીઓ વર્ષ દરમિયાન પાંચ રાષ્ટ્રીય અને ત્રણ આંતરરાષ્ટ્રીય ટૂર્નામેન્ટમાં દાદરા નગર હવેલી અને દમણ-દીવનું પ્રતિનિધિત્વ કરશે.

આ અવસરે શ્રી મહેશભાઈ પટેલે પોતાના સંબોધનમાં ઉપસ્થિત તમામ ખેલાડીઓને પ્રોત્સાહિત કર્યા હતા અને દમણ-દીવ રમત-ગમત વિભાગ વતી તમામ છોકરીઓ અને છોકરાઓને શુભેચ્છાઓ પાઠવી સ્પર્ધા જીતીને કેન્દ્રશાસિત પ્રદેશનું ગૌરવ વધારવા બદલ ગર્વ વ્યક્ત કર્યો હતો. તેમણે તમામ ખેલાડીઓને આગળ વધવા માટે પણ પ્રોત્સાહિત કર્યા હતા.

# નેપાળ દ્વારા ભારતીય કેરીની આયાત પર કોઈ પ્રતિબંધ નથી

## નેપાળમાં ભારતીય કેરીની નિકાસ કોઈપણ અવરોધ વિના સતત ચાલુ છે

**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**અમદાવાદ, તા.૧૦**

કૃષિ અને ખેડૂત કલ્યાણ મંત્રાલયના ધ્યાનમાં આવ્યું છે કે કેટલાક મીડિયા અહેવાલોમાં એવું જણાવવામાં આવ્યું છે કે નેપાળે ભારતમાંથી કેરીની આયાત પર પ્રતિબંધ અથવા સસ્પેન્શન (સ્થગિતતા) લાદી દીધું છે. આ અહેવાલો તથ્યની દ્રષ્ટિએ ખોટા અને ભ્રામક છે.

નેપાળ સરકારે તેના પ્લાન્ટ ક્વોરેન્ટાઈન એન્ડ પેસ્ટિસાઈડ મેનેજમેન્ટ સેન્ટર (નેશનલ પ્લાન્ટ પ્રોટેક્શન ઓર્ગેનાઈઝેશન ઓફ નેપાળ) દ્વારા ૧૦ જૂન ૨૦૨૬ના રોજ સ્પષ્ટતા કરી છે કે ભારતીય કેરીની આયાત પર કોઈ પ્રતિબંધ લાદવામાં આવ્યો નથી. નિર્ધારિત ફાયટોસેનિટરી (વનસ્પતિ આરોગ્ય વિષયક) જરૂરિયાતોને આધિન આયાતની મંજૂરી આપવાનું ચાલુ રાખવામાં આવ્યું છે. આ જરૂરિયાતોનું પાલન કરવા પર અને ભારત સરકાર દ્વારા જારી કરાયેલા માન્ય ફાયટોસેનિટરી પ્રમાણપત્રો સબમિટ કરવા પર આયાત પરમિટ અને રિલીઝ ઓર્ડર જારી કરવામાં આવી રહ્યા છે.

નેપાળમાં ભારતીય કેરીની નિકાસ કોઈપણ અવરોધ વિના સતત ચાલુ છે. જાન્યુઆરી ૨૦૨૬થી અત્યાર સુધીમાં, ૨૦૦૫ મેટ્રિક ટન કેરી ધરાવતા કુલ ૧૪૯ કન્સાઈનમેન્ટ નેપાળમાં નિકાસ કરવામાં આવ્યા છે. માત્ર જૂન ૨૦૨૬ દરમિયાન જ, અત્યાર સુધીમાં ૨૬૬ મેટ્રિક ટન વજન ધરાવતા ૧૮ કન્સાઈનમેન્ટ નિકાસ કરવામાં આવ્યા છે.

નેપાળે તાજેતરમાં હોટ વોટર ટ્રીટમેન્ટ (HWT)ની જરૂરિયાત સહિતની કેટલીક આયાત શરતોમાં સુધારો કર્યો હોવા છતાં, ભારત નિર્ધારિત જરૂરિયાતોના પાલન સાથે નિકાસને સરળ બનાવવાનું ચાલુ રાખે છે. આ સાથે જ, ભારતે પૂર્વ પરામર્શ વિના નવા ફાયટોસેનિટરી પગલાં દાખલ કરવા અંગે પોતાની ચિંતાઓ વ્યક્ત કરી છે અને ડબ્લ્યુટીઓ એસપીએસ (WTO SPS) કરાર અને ઈન્ટરનેશનલ પ્લાન્ટ પ્રોટેક્શન કન્વેન્શન (IPPC) માળખા અનુસાર યોગ્ય દ્વિપક્ષીય માધ્યમો દ્વારા આ બાબત પર ફોલો-અપ લઈ રહ્યું છે.

હિતધારકો, વેપારીઓ અને જાહેર જનતાને આયાત અને નિકાસના નિયમોને લગતી માહિતી માટે સત્તાવાર સંદેશાવ્યવહાર પર જ ભરોસો રાખવા અને નેપાળમાં ભારતીય કેરીની નિકાસ પર કથિત વ્યાપાર પ્રતિબંધો અંગેના અચકાસાયેલા અહેવાલોને અવગણવા સલાહ આપવામાં આવે છે.







## સુવિચાર - સદ્‌વિચાર

જીવનમાં ઘણી વખત તમારે સંઘર્ષ કરવો પડશે,
પરંતુ હાર માનશો નહીં. દરેક સંઘર્ષ તમને મજબૂત બનાવે છે.

## કવિતા-ભજન-પદ-ગરબા

### ઝંખના

ધોળિયું ધજાયું જ્યાં ફરફરે, ગરવા ગિરિવરની ટૂંક
વાયુ રે ઢાળે વનના વીંઝણા, જાવું છે ત્યાં અચૂક
એવા રે મારગ અમે સંચર્યા.
ઊંચે રે મઢીથી ઊંચ મોલથી ઊંચા ત્રોવરથી અપાર
ઊંચે રે ઊભી ડુંગર દેરડી, વાદળગઢની મોઝાર
એવા રે મારગ અમે સંચર્યા.
ડાબે રે ઊંડી વનની ખીણ છે, જમણે ડુંગરની ભીંત
કેડી રે વંકાણી વેલી સમી, કપરાં કરવાં ચિત્ત
એવા રે મારગ અમે સંચર્યા.
પળમાં પડે ને પળમાં ઊપડે, વાદળ પડદા વિશાળ
પળમાં લોપાતી રે દેરડી, મળતી લેંશ ન ભાળ
એવા રે મારગ અમે સંચર્યા.
ખમા રે વાયુ ખમા વાદળાં, ખમા ડુંગરના સ્વામ
તમ્મારે દરશને ઝંખના, પૂરણ કરજો કામ
એવા રે મારગ અમે સંચર્યા

**- તનસુખ ભટ્ટ**

## આજની જોક

શિક્ષકે બાયોલોજીની પ્રાયોગિક પરીક્ષામાં મગનને એક પક્ષીનો પગ દેખાડીને પૂછ્યું : આ કયું પક્ષી છે, મગનને જવાબ ન આવડ્યો, તેથી શિક્ષકે તેને નાપાસ કર્યો.
શિક્ષકે ગુસ્સામાં એને માર્ક મૂકતાં પહેલાં પૂછ્યું તારૂ નામ શું છે, મગને તેનો પોતાનો જ પગ ઊંચો કરીને કહ્યું સાહેબ, તમને આવડે તો લખી લો!

## કબીર વાણી

**ભક્તિ બગાડી કામીયા, ઈન્દ્રી કેરે સ્વાદ;**
**જન્મ ગવાયા ખાધમે, હિરા ખોયા હાથ.**

**- અર્થાત-**

જે લોકો માત્ર ઈન્દ્રિયોના ભોગ-વિલાસ અને ખાવા-પીવામાં જ રચ્યાપચ્યા રહે છે, તેઓ પોતાની ભક્તિ બગાડી નાખે છે. તેઓ હીરા જેવા કીમતી માનવ જીવનને નકામું ગુમાવી દે છે.

## આજનો દિન વિશેષ

### લાલુ પ્રસાદ યાદવ



લાલુ પ્રસાદ યાદવ (જન્મ ૧૧ જૂન ૧૯૪૮) ભારતના બિહાર રાજ્યના રાજકારણી અને રાષ્ટ્રીય જનતા દળ (RJD)ના પ્રમુખ છે. તેમણે ૧૯૯૦ થી ૧૯૯૭ સુધી બિહારના મુખ્યમંત્રી તરીકે સેવા આપી હતી. બાદમાં તેમણે ૨૦૦૪ થી ૨૦૦૯ સુધી કેન્દ્રમાં સંયુક્ત પ્રગતિશીલ ગઠબંધન (UPA) સરકારમાં રેલ્વે મંત્રી તરીકે સેવા આપી હતી. જ્યારે તેઓ ૧૫મી લોકસભામાં સારણ (બિહાર) થી સંસદ સભ્ય હતા, ત્યારે તેમને બિહારમાં ખૂબ જ પ્રસિદ્ધ ઘાસચારા કૌભાંડ કેસમાં રાંચી સ્થિત સેન્ટ્રલ બ્યુરો ઓફ ઈન્વેસ્ટિગેશન (CBI) કોર્ટે પાંચ વર્ષની જેલની સજા ફટકારી હતી.

**જીવન અને રાજકીય સફર :** લાલુ પ્રસાદ યાદવ બિહારના ગોપાલગંજમાં યાદવ પરિવારમાં જન્મેલા, યાદવે જયપ્રકાશ નારાયણના જેપી ચળવળથી વિદ્યાર્થી નેતા તરીકે તેમની રાજકીય કારકિર્દીની શરૂઆત કરી હતી અને તત્કાલીન રાજકારણી સત્યેન્દ્ર નારાયણ સિંહાની નજીક હતા. ૧૯૭૭માં કટોકટી પછી તેઓ પાર્ટીમાં જોડાયા. લાલુ યાદવે લોકસભાની ચૂંટણી જીતી અને ૨૯ વર્ષની ઉંમરે પહેલી વાર લોકસભામાં પ્રવેશ કર્યો. ૧૯૮૦થી ૧૯૮૯ સુધી, તેમણે બે વાર વિધાનસભાના સભ્ય તરીકે સેવા આપી અને વિરોધ પક્ષના નેતા તરીકે પણ સેવા આપી.

**અંગત જીવન :** ૧ જૂન, ૧૯૭૩ ના રોજ, યાદવે રાબડી દેવી સાથે તેમના માતાપિતા દ્વારા ગોઠવાયેલા પરંપરાગત લગ્નમાં લગ્ન કર્યા. યાદવ નવ બાળકોના પિતા છે, સાત પુત્રીઓ અને બે પુત્રો.

પ્રસાદે ૧૯૭૦ માં પટના યુનિવર્સિટી વિદ્યાર્થી સંઘ (PUSU) ના મહાસચિવ તરીકે વિદ્યાર્થી રાજકારણમાં પ્રવેશ કર્યો અને ૧૯૭૩ માં તેના પ્રમુખ બન્યા. ૧૯૭૪માં, તેઓ અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ અને પછાત વર્ગોના અધિકારો અને વિશેષાધિકારો માટે જયપ્રકાશ નારાયણ (જેપી)ની આગેવાની હેઠળના વિદ્યાર્થી આંદોલન, બિહાર ચળવળમાં જોડાયા. PUSUએ બિહાર છાત્ર સંઘર્ષ સમિતિની રચના કરી, જેણે લાલુ પ્રસાદને તેના પ્રમુખ તરીકે ચૂંટ્યા. આંદોલન દરમિયાન, પ્રસાદ જનતા પાર્ટીના વરિષ્ઠ નેતાઓની નજીક બન્યા અને ૧૯૭૭ ની લોકસભા ચૂંટણીમાં છપરાથી જનતા પાર્ટીના ઉમેદવાર તરીકે નામાંકિત થયા. જનતા પાર્ટીના તત્કાલીન પ્રમુખ અને બિહારના નેતા સત્યેન્દ્ર નારાયણ સિંહાએ તેમના માટે પ્રચાર કર્યો. જનતા પાર્ટીએ ભારતના પ્રજાસત્તાકના ઈતિહાસમાં પ્રથમ બિન-કોંગ્રેસી સરકારની રચના કરી, અને ૨૯ વર્ષની ઉંમરે, તેઓ તે સમયે ભારતીય સંસદના સૌથી યુવા સભ્યોમાંના એક બન્યા.

## રેસીપી : દુધીના મુઠિયા

માત્ર ૧૫ મિનિટમાં તૈયાર થતી અને ગુજરાતમાં ખૂબ જ લોકપ્રિય એવી દૂધી મુઠિયા અથવા મસાલા દાળની રેસીપી તરલા દલાલની સત્તાવાર વેબસાઈટ પર ઉપલબ્ધ છે. ૧૫ મિનિટની તૈયારી અને કુકિંગ માટેની મુલાકાત લો.ઈન્સ્ટન્ટ દૂધી મુઠિયા આ વાનગી સ્વાદિષ્ટ હોવા સાથેસાથે ખૂબ જ આરોગ્યપ્રદ પણ છે.

જરૂરી સામગ્રીઃ દૂધી (છીણેલી) ૧ ૧/૨ કપચણાનો લોટ, ૧ કપ ઘઉંનો લોટ, ૧/૨ કપ આદુ-મરચાંની પેસ્ટ, ૧ ચમચી હળદર, ૧/૨ ચમચી તેલ, ૨ ચમચી મીઠું, સ્વાદાનુસાર વઘાર માટે રાઈ, જીરૂ, તલ અને લીમડો બનાવવાની રીત ૧. એક બાઉલમાં દૂધી, ચણાનો લોટ, ઘઉંનો લોટ, હળદર, આદુ-મરચાં, મીઠું અને ૧ ચમચી તેલ ઉમેરીને કઠણ કણક બાંધો (પાણીની જરૂર ન પડે તો ન વાપરવું). ૨. આ મિશ્રણમાંથી નાના-નાના રોલ (મુઠિયા) બનાવો. ૩. મુઠિયાને ૧૦ થી ૧૨ મિનિટ સુધી વરાળમાં (સ્ટીમરમાં) બાફી લો. ૪. બાફેલા મુઠિયાના નાના ટુકડા કરો. ૫. એક કડાઈમાં ૧ ચમચી તેલ ગરમ કરી તેમાં રાઈ, જીરું, તલ અને લીમડાનો વઘાર કરો. તેમાં મુઠિયા ઉમેરીને ૨ મિનિટ સાંતળો. ૬. ગરમાગરમ મુઠિયા તૈયાર છે.

---

### પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા રાષ્ટ્રસેવાના ગૌરવશાળી ૧૨ વર્ષ પૂર્ણ થવાના અવસર નિમિત્તે

# દીવ જિલ્લાના વિવિધ મંદિરોમાં વિશેષ આરતી અને પ્રાર્થના કાર્યક્રમનું સફળતાપૂર્વક આયોજન કરાયું





**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**દીવ, તા.૧૦**

ભારતીય જનતા પાર્ટીના વિવિધ મંડળના નિર્દેશ અનુસાર ભારતના લોકપ્રિય, યશસ્વી અને વિશ્વવિખ્યાત પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા રાષ્ટ્રસેવાના ગૌરવશાળી ૧૨ વર્ષ પૂર્ણ થવાના અવસર નિમિત્તે દીવ જિલ્લાના વિવિધ મંદિરોમાં વિશેષ આરતી અને પ્રાર્થના કાર્યક્રમનું સફળતાપૂર્વક આયોજન કરવામાં આવ્યું હતું.

કેન્દ્ર શાસિત પ્રદેશ દીવ ખાતે આજે આપણા લોકપ્રિય પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ દેશના ઈતિહાસમાં સૌથી લાંબો સમય સતત સેવા કરનારા ચૂંટાયેલા વડાપ્રધાન બનવાનું પરમ ગૌરવ પ્રાપ્ત કર્યુ છે. આ ઐતિહાસિક ક્ષણને વધાવવા માટે દીવ જિલ્લા, ઘોઘલા, વણાંકબારા, દીવ, સાઉદવાડી વગેરે જગ્યાના વિવિધ મંદિરોમાં ભક્તિ અને ઉત્સાહનો એક અનોખો માહોલ જોવા મળ્યો હતો.

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીના દીર્ઘાયુ, સુખાકારી, ઉત્તમ સ્વાસ્થ્ય, અને અવિરત રાષ્ટ્રસેવા માટે મહાઆરતી અને પ્રાર્થનાનું દિવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. ડમરૂના નાદ, શંખધ્વનિ અને 'હર હર મહાદેવ'ના જયઘોષ સાથે સમગ્ર મંદિર પરિસરો ગુંજી ઉઠ્યા હતા.

આ દિવ્ય પ્રસંગે સંગઠનના હોદ્દેદારો, ચૂંટાયેલા તમામ જનપ્રતિનિધિઓ અને વણાંકબારાના સેંકડો કર્મઠ કાર્યકર્તા ભાઈઓ-બહેનોએ ઉપસ્થિત રહીને વડાપ્રધાનશ્રીના વિકસિત ભારતના સંકલ્પને નવી ઊર્જા આપી હતી.રાષ્ટ્રના આ મહોત્સવમાં જોડાઈને કાર્યક્રમને ભવ્ય અને સફળ બનાવવા બદલ દરેક સંગઠન અને તમામ રાષ્ટ્રપ્રેમી કાર્યકર્તાઆનો આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો.

---

### પવિત્ર પુરૂષોત્તમ માસ નિમિત્તે

## દીવ નજીક ઉનાના અહેમદપુર માંડવી ખાતે ખારવા સમાજની બહેનો દ્વારા ૫૬ ભોગનો થાળ અર્પણ



**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**દીવ, તા.૧૦**

કેન્દ્રશાસિત પ્રદેશ દીવ નજીક આવેલ ગુજરાતના ઉના તાલુકાના અહેમદપુર માંડવી ખાતે પવિત્ર પુરૂષોત્તમ માસના પાવન પ્રસંગે ખારવા સમાજની બહેનો દ્વારા ભગવાનને ભક્તિભાવપૂર્વક ૫૬ ભોગનો થાળ અર્પણ કરવામાં આવ્યો હતો.

આ પ્રસંગે બહેનાએ ભજન-કીર્તન અને ધાર્મિક કાર્યક્રમોનું આયોજન કરી ભગવાનની આરાધના કરી હતી. આ પ્રસંગે સમગ્ર વાતાવરણ ભક્તિમય બની ગયું હતું અને મોટી સંખ્યામાં ભાવિકોએ હાજરી આપી દરેક ધાર્મિક કાર્યક્રમોનો લાભ લીધો હતો.મહિલાઓએ ભગવાન સમક્ષ સમાજના સુખ, શાંતિ, સમૃદ્ધિ અને સર્વના કલ્યાણ માટે પ્રાર્થના કરી હતી. ધાર્મિક શ્રદ્ધા અને ભક્તિથી યોજાયેલા આ કાર્યક્રમને ઉપસ્થિત ભાવિકો દ્વારા ખૂબ જ સરાહના મળી હતી.

આ અવસરે મહાપ્રસાદનું પણ વિતરણ કરવામાં આવ્યું હતું અને સમગ્ર ધાર્મિક કાર્યક્રમ હર્ષ ઉલ્લાસ તથા ભક્તિભાવ સાથે સંપન્ન થયો હતો.

---

## દીવના બુચરવાડા ખાતે કુવામાં ખાબકેલા વાછરડાને સહી સલામત બહાર કઢાયું





**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**દીવ, તા.૧૦**

કેન્દ્રશાસિત પ્રદેશ દીવના બુચરવાડા વિસ્તારમાં નવોદય વિદ્યાલય સામે આવેલા એક કુવામાં અચાનક વાછરડું ખાબકી જતાં સ્થાનિકોમાં ચિંતા ફેલાઈ હતી. ઘટનાની જાણ થતાં સ્થાનિક લોકોએ તાત્કાલિક ફાયર બ્રિગેડને જાણ કરી હતી.

વાછરડું કુવામાં પડ્યાની માહિતી મળતાં બુચરવાડાના સરપંચ શ્રીમતી નિશા વસંત, સામાજિક કાર્યકર્તા શ્રી રાહુલભાઈ રાઠોડ, ફાયર બ્રિગેડના જવાનો તેમજ સ્થાનિક લોકો ઘટના સ્થળે દોડી આવ્યા હતા. સૌના સંયુક્ત પ્રયાસાથી ભારે જહેમત બાદ વાછરડાને સલામત રીતે કુવામાંથી બહાર કાઢવામાં આવ્યું હતું.

રેસ્ક્યૂ કામગીરી દરમિયાન ફાયર વિભાગ અને સ્થાનિક લોકોએ મહત્ત્વની ભૂમિકા ભજવી હતી. વાછરડું હેમખેમ બહાર નીકળતાં હાજર લોકોએ રાહતનો શ્વાસ લીધો હતો. સ્થાનિકોએ ફાયર બ્રિગેડ તથા મદદરૂપ બનેલા તમામ લોકોની કામગીરીને બિરદાવી હતી.

---

### ૧૨૩ ગામ ટેન્કરના સહારે

## ચોમાસાની એન્ટ્રી પહેલા રાજ્યમાં પાણી સંકટ ઘેરાયું

**પાણીની સૌથી વધુ ગંભીર સ્થિતિ બનાસકાંઠા જિલ્લાના અમીરગઢ અને દાંતા તાલુકામાં જોવા મળી રહી છે**



**(સંપૂર્ણ સમાચાર સેવા)**
**ગાંધીનગર, તા.૧૦**

રાજ્યમાં આ વર્ષે ઉનાળાની આકરી ગરમી સાથે પાણીની સમસ્યા પણ ગંભીર બની રહી છે. વધતા તાપમાન અને ઘટતા ભૂગર્ભ જળસ્તરને કારણે રાજ્યના અનેક વિસ્તારોમાં પીવાના પાણીની અછત સર્જાઈ છે. પરિસ્થિતિ એવી બની છે કે છેલ્લા બે દિવસમાં રાજ્યના ૭ જિલ્લાઓના ૧૨૩ ગામોમાં લોકોને પીવાનું પાણી પહોંચાડવા માટે વહીવટી તંત્રને ટેક્રરોનો સહારો લેવો પડ્યો છે. પાણી પુરવઠા વિભાગના આંકડા મુજબ પાણીની સમસ્યાનો સામનો કરી રહેલા ગામોમાં પાણી પહોંચાડવા માટે કુલ ૯૬ ટેક્રરો કાર્યરત કરવામાં આવ્યા છે. જેમાં ૭ સરકારી અને ૮૯ ખાનગી ટેક્રરોનો સમાવેશ થાય છે. છેલ્લા બે દિવસ દરમિયાન આ ટેક્રરો દ્વારા ૩૬૯ ફેરા મારવામાં આવ્યા છે અને હજારો લોકોને પીવાનું પાણી ઉપલબ્ધ કરાવવામાં આવ્યું છે.

પાણીની સૌથી વધુ ગંભીર સ્થિતિ બનાસકાંઠા જિલ્લાના અમીરગઢ અને દાંતા તાલુકામાં જોવા મળી રહી છે. અહીં પાણી પહોંચાડવા માટે સૌથી વધુ ફેરા મારવામાં આવ્યા છે. આ ઉપરાંત કચ્છ, રાજકોટ, દેવભૂમિ દ્વારકા, ભાવનગર અને પાલીતાણા સહિતના વિસ્તારોમાં પણ પાણીની અછતને પહોંચી વળવા તંત્ર દ્વારા સતત પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. રાજ્યના વિવિધ વિસ્તારોમાં જળાશયોની સ્થિતિ પણ ચિંતાજનક બની રહી છે. કચ્છ અને સૌરાષ્ટ્ર જેવા વિસ્તારોમાં પાણીનો સંગ્રહ પ્રમાણમાં ઓછો નોંધાઈ રહ્યો છે. કચ્છમાં જળાશયોની ભરાવ ક્ષમતા ૩૦ ટકાથી પણ ઓછી છે, જ્યારે સૌરાષ્ટ્રમાં પણ પાણીનો જથ્થો મર્યાદિત રહ્યો છે. દક્ષિણ અને મધ્ય ગુજરાતમાં સ્થિતિ પ્રમાણમાં સારી હોવા છતાં પાણીના સંચાલન પર ખાસ ધ્યાન રાખવામાં આવી રહ્યું છે.

સરદાર સરોવર ડેમ સહિતના મુખ્ય જળસ્ત્રોતોમાં પણ પાણીનું સ્તર ધીમે ધીમે ઘટી રહ્યું છે. જોકે રાજ્ય સરકાર દ્વારા સ્થિતિ પર સતત નજર રાખવામાં આવી રહી છે. તાજેતરમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ખેડૂતોના હિતમાં નર્મદા કેનાલ મારફતે સિંચાઈ માટે પાણી છોડવાનો નિર્ણય લીધો હતો, જેથી કૃષિ અને પીવાના પાણીની જરૂરિયાત વચ્ચે સંતુલન જાળવી શકાય. અધિકારીઓના જણાવ્યા મુજબ હાલમાં રાજ્યમાં પીવાના પાણીનો પૂરતો જથ્થો ઉપલબ્ધ છે અને તંત્ર દ્વારા સતત મોનિટરિંગ કરવામાં આવી રહ્યું છે. તેમ છતાં જો ચોમાસું મોડું આવશે અથવા વરસાદ સામાન્ય કરતાં ઓછો રહેશે તો કેટલાક વિસ્તારોમાં પાણીની સમસ્યા વધુ ગંભીર બની શકે છે.

બીજી તરફ ગ્રામ્ય વિસ્તારોમાં પાઈપલાઈનના ભંગાણ, ભૂગર્ભ જળસ્તરમાં ઘટાડો અને સ્થાનિક સ્તરે પાણીના સ્ત્રોત સૂકાવા જેવી સમસ્યાઓને કારણે લોકોને મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો છે. અનેક ગામોમાં લોકોને પાણી માટે લાંબી રાહ જોવી પડે છે અથવા તો ટેક્રર પર નિર્ભર રહેવું પડે છે. ઉનાળાના બાકીના દિવસોમાં પાણીનો કરકસરપૂર્વક ઉપયોગ કરવાની જરૂરિયાત વધુ મહત્વની બની છે. તંત્ર દ્વારા પણ લોકોને પાણી બચાવવા અને બિનજરૂરી વપરાશ ટાળવા અપીલ કરવામાં આવી રહી છે.

---

### વાલીઓ માટે ચેતવણીરૂપ કિસ્સો

## ડિંડોલીમાં સાડા ૪ વર્ષનો માસૂમ રમતા-રમતા કાચની લખોટી ગળી ગયો



### સિવિલ હોસ્પિટલના તબીબોએ પણ ઘટનાની ગંભીરતા સમજીને બાળકને તાત્કાલિક ઈમરજન્સી સારવાર આપી હતી

**(સંપૂર્ણ સમાચાર સેવા)**
**સુરત,તા.૧૦**

નાના બાળકો ઘરમાં રમતા હોય, ત્યારે તેમના પર સતત નજર રાખવી કેટલી જરૂરી છે, તે દર્શાવતો એક ચોંકાવનારો કિસ્સો સુરત શહેરમાંથી સામે આવ્યો છે. સુરતના ડિંડોલી વિસ્તારમાં એક સાડા ચાર વર્ષનું માસૂમ બાળક રમતા-રમતા કાચની લખોટી ગળી ગયું હતું. આ ઘટનાને પગલે બાળકના પરિવારજનોના શ્વાસ અદ્ધર થઈ ગયા હતા અને ઘરમાં ભારે દોડધામ મચી ગઈ હતી.ઘટનાની મળતી માહિતી અનુસાર, સુરતના ડિંડોલી વિસ્તારમાં રહેતો સાડા ચાર વર્ષનો બાળક ઘરમાં કાચની લખોટીઓથી રમી રહ્યો હતો. આ દરમિયાન રમતમાં ને રમતમાં તેણે એક લખોટી મોઢામાં મૂકી દીધી હતી, અને જોતજોતામાં તે લખોટી ગળી ગયો હતો. બાળક લખોટી ગળી ગયું હોવાની જાણ થતાં જ માતા-પિતા ભારે ગભરાઈ ગયા હતા, કારણ કે લખોટી શ્વાસનળીમાં અટકી જવાનો મોટો ખતરો હતો.

પરિવારજનોએ જરાય સમય બગાડ્યા વિના બાળકને તાત્કાલિક સુરતની નવી સિવિલ હોસ્પિટલ ખાતે સારવાર અર્થે ખસેડ્યો હતો. સિવિલ હોસ્પિટલના તબીબોએ પણ ઘટનાની ગંભીરતા સમજીને બાળકને તાત્કાલિક ઈમરજન્સી સારવાર આપી હતી. સમયસર તબીબી સારવાર મળી જતાં એક મોટી દુર્ઘટના ટળી હતી અને હાલ બાળકની સ્થિતિ સુધારા પર હોવાનું જાણવા મળ્યું છે.આ ઘટના બાદ સિવિલ હોસ્પિટલના તબીબોએ નાના બાળકોના માતા-પિતાને ખાસ અપીલ કરી છે કે, ઘરમાં સિક્કા, કાચની લખોટી, નાના રમકડાં કે સોય-બટન જેવી નાની વસ્તુઓ બાળકોના હાથમાં ન આવે તેનું ખાસ ધ્યાન રાખવું. આવા કિસ્સાઓમાં જો વસ્તુ શ્વાસનળીમાં ફસાઈ જાય તો બાળકનો જીવ જોખમમાં મુકાઈ શકે છે, જેથી વાલીઓએ હંમેશા સતર્ક રહેવું જરૂરી છે.

---

## સમુદ્ર કિનારેથી મળ્યું બિનવારસી ચરસ, SOG પોલીસ એક્શન મોડમા

**(સંપૂર્ણ સમાચાર સેવા)**
**પોરબંદર,તા.૧૦**

પોલીસને ઓડદરથી રાંબાઈ વચ્ચેના દરિયાકિનારેથી બિનવારસુ હાલતમાં નશીલા પદાર્થ ચરસનો મોટો જથ્થો મળી આવ્યો છે.ઘટનાની મળતી માહિતી અનુસાર, પોરબંદર SOGની ટીમને બાતમી મળી હતી કે, દરિયાકિનારે શંકાસ્પદ પેકેટો પડ્યા છે. પોલીસે તાત્કાલિક ઘટના સ્થળે પહોંચીને તપાસ કરતા ત્યાંથી બિનવારસી હાલતમાં ચરસ મળી આવ્યું હતું. પોલીસે આંતરરાષ્ટ્રીય બજારમાં આશરે રૂ. ૫.૫૭ લાખની કિંમત ધરાવતો કુલ ૨.૨૩ કિલો ચરસનો જથ્થો સ્થળ પરથી જપ્ત કરી લીધો છે.

દરિયાકિનારેથી આ પ્રકારે ચરસ મળી આવવાને કારણે સુરક્ષા એજન્સીઓ પણ સતર્ક થઈ ગઈ છે. અગાઉ પણ ગુજરાતના જુદા જુદા દરિયાકિનારે પાકિસ્તાન કે અન્ય દેશોમાંથી વહીને આવેલા ડ્રગ્સના પેકેટો મળી ચૂક્યા છે, ત્યારે આ જથ્થો પણ કોઈ આંતરરાષ્ટ્રીય ડ્રગ્સ માફિયાઓ દ્વારા અહીં ફેંકવામાં આવ્યો હતો કે, કેમ તે દિશામાં તપાસ શરૂ કરવામાં આવી છે.

પોરબંદર SOG દ્વારા આ સમગ્ર મામલે ગુનો નોંધીને આગળની કાયદેસરની તપાસ હાથ ધરવામાં આવી છે. આ ચરસનો જથ્થો ક્યાંથી આવ્યો અને તેને કોણ લેવાનું હતું, તે અંગે આસપાસના વિસ્તારના સ્થાનિક માછીમારો અને સીસીટીવી ફૂટેજના આધારે પણ તપાસ તેજ કરવામાં આવી છે. તેમજ દરિયાકિનારાના અન્ય વિસ્તારોમાં પણ સર્ચ ઓપરેશન શરૂ કરાયું છે.

# પ્રગતિ પથ યાત્રા અંતર્ગત વલસાડના સાંસદ ધવલભાઈ પટેલે પારનેરા ડુંગર અને તિથલ બીચની મુલાકાત લીધી







**પારનેરા ડુંગર પર સરકારે અનેક સુવિધા ઉપલબ્ધ કરાવતા આ ઐતિહાસિક ડુંગર પ્રવાસીઓને આકર્ષી રહ્યો છેઃ તિથલ બીચ પર થઈ રહેલા વિકાસ કાર્યોનું નિરિક્ષણ કરી સાંસદશ્રીએ સહેલાણીઓ સાથે આત્મીય સંવાદ પણ કર્યો**

**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**વલસાડ, તા.૧૦**

વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના દુરંદેશી અને સશક્ત નેતૃત્વ હેઠળ ભારતે છેલ્લા ૧૨ વર્ષોમાં વિકાસના અનેક નવા આયામો સર કર્યા છે. કેન્દ્ર સરકારના આ સફળ નેતૃત્વના ૧૨ વર્ષની ઉજવણી નિમિત્તે ''પ્રગતિ પથ યાત્રા'' અંતર્ગત વલસાડ-ડાંગના સાંસદશ્રી અને લોકસભાના દંડકશ્રી ધવલભાઈ પટેલે વલસાડ તાલુકાના ઐતિહાસિક પારનેરા ડુંગર અને તિથલ બીચની મુલાકાત લઈ વિકાસના કામોનું નિરિક્ષણ કરી વલસાડના અગ્રગણ્ય લોકોના ઘરે પણ મુલાકાત લઈ કેન્દ્ર સરકારના સફળ નેતૃત્વ અંગે ચર્ચા કરી હતી.

વલસાડના પારનેરા ડુંગરની તળેટી ખાતે ફોરેસ્ટ વિભાગ દ્વારા આયોજિત વૃક્ષારોપણ કાર્યક્રમમાં સાંસદશ્રી ધવલભાઈ પટેલ અને જિલ્લા પંચાયત પ્રમુખ શ્રીમતી હેતલબેન જે. પટેલના હસ્તે વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું. ત્યારબાદ પગથિયા પાસે શ્રીફળ વધેરી માતાજીને ચૂંદડી ચઢાવી હતી. આ વેળા સાંસદશ્રીએ જણાવ્યું કે, વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં દેશ વિકાસના પથ પર તેજગતિથી દોડી રહ્યો છે. વડાપ્રધાનશ્રી આપણા ગુજરાતના મુખ્યમંત્રીશ્રી તરીકે હતા ત્યારથી જ તેમણે ગુજરાતમાં વિકાસની રાજનીતિ શરૂ કરી હતી. તમે ૩૦ વર્ષ પહેલાના વલસાડને વિચારો અને અત્યારના વિકાસશીલ વલસાડને જૂઓ તો વિકાસ દેખાય છે. પહેલાના પારનેરા ડુંગર અને અત્યારના પારનેરા ડુંગર પર સરકારની ગ્રાન્ટમાંથી પ્રવાસીઓ માટે અનેકવિધ સુવિધા ઉપલબ્ધ કરાવાઈ છે. આજે પારનેરા ડુંગર પ્રવાસીઓને આકર્ષી રહ્યો છે. સૌના સાથ અને સહકારથી વિકાસના કાર્યો થઈ રહ્યા છે.

પારનેરા બાદ સાંજે સાંસદશ્રીએ તિથલ બીચ પર થઈ રહેલા વિકાસના કાર્યોનું નિરિક્ષણ કરી સાંસદશ્રીએ તિથલ બીચને પણ દમણના બીચની જેમ મોર્ડન અને એડવાન્સ બીચ બનાવવામાં આવશે એવી ખાતરી આપી હતી. આ સાથે જ પ્રગતિ પથ યાત્રાનું મહત્વ સમજાવતા જણાવ્યું કે, તમામ નાગરિકો, લોકપ્રતિનિધિઓ, વિદ્યાર્થીઓ, પ્રતિષ્ઠિત વ્યક્તિઓ અને સમાજના વિવિધ વર્ગો વિકાસની પ્રક્રિયામાં જોડાય તે માટે સરકારના વિવિધ વિભાગોના આંતરરાષ્ટ્રીય, રાષ્ટ્રીય અને રાજ્ય કક્ષાના શ્રેષ્ઠ પ્રોજેક્ટો, વિકાસલક્ષી કાર્યો, પ્રવાસન સ્થળો, યાત્રાધામો, શૈક્ષણિક સંસ્થાઓ, સહકારી પ્રવૃત્તિઓ અને લોકભાગીદારી આધારિત વિકાસ મોડેલોના પ્રદર્શન તથા જનજાગૃતિ માટે આ ''પ્રગતિપથ યાત્રા''નું આયોજન કરાયું છે.

તિથલ ગામના સરપંચશ્રી રાકેશ પટેલે સરકારશ્રીની વિવિધ ગ્રાન્ટ અને સાંસદશ્રી ધવલભાઈ પટેલના પ્રયાસો દ્વારા થયેલા વિકાસના કામોની રૂપરેખા આપી હતી. જેમાં તેમણે તિથલના સમુદ્ર કાંઠાનું ધોવાણ અટકાવવા માટે બનાવાયેલી પ્રોટેક્શન વોલ, હાઈમસ્ટ લાઈટ, લાઈટ, કેમેરા અને સાઉન્ડ સાથેની પવનચક્કી અને સહેલાણીઓની બેઠકમાં બાંકડાની સુવિધાનો ઉલ્લેખ કર્યો હતો. જિલ્લા પંચાયત પ્રમુખશ્રી હેતલબેન જે. પટેલે સૌ સાથે મળીને વલસાડ જિલ્લાનો સુંદર વિકાસ કરી રહ્યા છે તે અંગે સરાહના કરી અધિકારીઓની મહેનતને પણ બિરદાવી હતી.

આ પ્રસંગે સાંસદશ્રીએ બીચ પર વોક કરી પ્રવાસીઓ સાથે પણ મુલાકાત કરી આત્મીય સંવાદ કર્યો હતો. સાંસદશ્રીની મુલાકાત વેળા વલસાડ તાલકા પંચાયતના પ્રમુખશ્રી કિશોરભાઈ પટેલ, જિલ્લા પંચાયતના સભ્ય જય ત્રિવેદી, પારનેરા ગામના સરપંચ ભરતભાઈ પટેલ, સામાજિક વનીકરણ વિભાગના નાયબ વન સરંક્ષકશ્રી રોહિત ચૌધરી અને ઉત્તર વન વિભાગના નાયબ વન સરંક્ષકશ્રી લોકેશ ભારદ્વાજ, નાયબ જિલ્લા વિકાસ અધિકારીશ્રી એ.વી.ડાંગી, વલસાડ તાલુકા વિકાસ અધિકારી કેતન સોલંકી, જિલ્લા સંગઠન પ્રમુખ હેમંત કંસારા, જિલ્લા સંગઠન મહામંત્રી નીખિલ ચોક્સી, વલસાડ તાલુકા સંગઠન પ્રભારી શિલ્પેશ દેસાઈ, પ્રદેશ સંગઠન યુવા મોર્ચાના કોષાધ્યક્ષશ્રી ધ્રુવિન પટેલ, તાલુકા સંગઠન પ્રમુખ તેજસ પટેલ, પારનેરા ડુંગર માતાજી મંદિરના ટ્રસ્ટીઓ અને ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

## વલસાડ જિલ્લા વિજ્ઞાન કેન્દ્ર ધરમપુર ખાતે

# ગુરુ અને શુક્ર ગ્રહની અદ્‌ભૂત યુતિ નિહાળવા વિશેષ ''આકાશ દર્શન કાર્યક્રમ'' યોજાયો




**આ દુર્લભ ખગોળીય ઘટનાને પ્રત્યક્ષ નિહાળવા ''સેલેસ્ટ્રોન સીપીસી ૮૦૦'' ટેલિસ્કોપ દ્વારા વિશેષ વ્યવસ્થા કરવામાં આવી**



**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**વલસાડ, તા.૧૦**

વલસાડ જિલ્લા વિજ્ઞાન કેન્દ્ર, ધરમપુર ખાતે તા.૯ જૂનના રોજ સાંજે ૭.૦૦ વાગ્યાથી એક વિશેષ ''આકાશ દર્શન કાર્યક્રમ''નું આયોજન કરવામાં આવ્યું હતું.

સૌરમંડળના બે સૌથી તેજસ્વી ગ્રહો-શુક્ર અને ગુરુ - સાંજના આકાશમાં એકબીજાની અત્યંત નજીક દેખાયા હતા. ખગોળશાસ્ત્રમાં આ અદ્‌ભૂત ઘટનાને ''ગ્રહોની યુતિ'' (Planetary Conjunction) કહેવામાં આવે છે. પૃથ્વી પરથી જોતાં આ બંને ગ્રહો કર્ક રાશિમાં સ્થિત હોવાથી તેમની વચ્ચેનું દેખીતું કોણીય અંતર માત્ર આશરે $1^\circ36'$ જેટલું જ હતું, જેના કારણે તેઓ આકાશમાં નરી આંખે પણ સરળતાથી એક ચમકતી જોડી તરીકે દેખાતા હતા. આ યુતિ દરમિયાન શુક્ર ગ્રહ આશરે $-4.0$ મેગ્નિટ્યુડની પ્રચંડ તેજસ્વિતા સાથે ઝળહળી રહ્યો હતો, જ્યારે ગુરુ ગ્રહની તેજસ્વિતા આશરે $-1.8$ મેગ્નિટ્યુડ જેટલી હતી. સૂર્યાસ્ત બાદ આશરે સાંજે ૭.૦૦ વાગ્યાથી ઉત્તર-પશ્ચિમ દિશાના આકાશમાં ગુરુ અને શુક્રની આ મનોહર યુતિનું અવલોકન શરૂ કરવામાં આવ્યું હતું.

આ દુર્લભ ખગોળીય ઘટનાને પ્રત્યક્ષ નિહાળવા માટે જિલ્લા વિજ્ઞાન કેન્દ્ર ખાતે ''સેલેસ્ટ્રોન સીપીસી ૮૦૦'' ટેલિસ્કોપ દ્વારા વિશેષ વ્યવસ્થા કરવામાં આવી હતી. ટેલિસ્કોપની મદદથી બંને ગ્રહો એક જ દૃશ્યક્ષેત્રમાં (Field of View) નિહાળી શકાયા હતા, જે ખગોળવિજ્ઞાનમાં રસ ધરાવતા લોકો માટે વિશેષ આકર્ષણનું કેન્દ્ર બન્યા હતા.

કાર્યક્રમમાં ઉપસ્થિત મુલાકાતીઓએ ટેલિસ્કોપિક નિરીક્ષણની સાથે-સાથે બંને ગ્રહો વિશેની રોચક વૈજ્ઞાનિક માહિતી અને જિલ્લા વિજ્ઞાન અધિકારી પ્રજ્ઞેશ રાઠોડે આપી હતી. શ્રી રાઠોડે જણાવ્યું કે, ''વૈજ્ઞાનિક દૃષ્ટિકોણથી જોઈએ તો, ગુરુ અને શુક્ર વાસ્તવમાં અવકાશમાં એકબીજાની નજીક નથી, પરંતુ પૃથ્વી પરથી જોતાં તેઓ એક જ દૃષ્ટિરેખામાં આવતા હોવાથી નજીક હોવાનો ભાસ થાય છે. આવી ગ્રહયુતિઓ સામાન્ય નાગરિકોમાં ખગોળશાસ્ત્ર પ્રત્યે રસ અને વૈજ્ઞાનિક જાગૃતિ વધારવાની ઉત્તમ તક પૂરી પાડે છે.'' આ અદ્‌ભૂત ઘટનાના સાક્ષી બનવા માટે લોકોએ મોટી સંખ્યામાં ભાગ લીધો હતો.

# ધરમપુર રજવાડી કપ સિઝન-૩નું ભવ્ય સમાપનઃ ઓમ સાંઈ ૧૧ બન્યું ચેમ્પિયન




**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)**
**વાપી, તા.૧૦**

ધરમપુર ખાતે આયોજિત રજવાડી કપ સિઝન-૩નું સફળતાપૂર્વક અને ભવ્ય માહોલ વચ્ચે સમાપન થયું હતું. ક્રિકેટપ્રેમીઓ માટે આ ટુર્નામેન્ટ એક મહાકુંભ સમાન બની રહી હતી, જેમાં કુલ ૬ ટીમોએ ભાગ લઈને રોમાંચક અને યાદગાર મુકાબલાઓ દ્વારા દર્શકોનું ભરપૂર મનોરંજન કર્યું હતું.

ફાઈનલ મુકાબલો ખૂબ જ ઉત્સાહજનક રહ્યો હતો, જેમાં ઓમ સાઈ ૧૧એ શાનદાર રમતનું પ્રદર્શન કરીને ચેમ્પિયન બનવાનો ખિતાબ પોતાના નામે કર્યો હતો. વિજેતા ટીમના માલિક મનીષભાઈ પઢિયાર તથા ટીમને ટ્રોફી સ્પોન્સર પવન યાદવના હસ્તે ટ્રોફી એનાયત કરવામાં આવી હતી. જ્યારે નગરપાલિકા સભ્ય એવા ફહાદ બાહનાનની ટીમ બાહનાન ટાઈગર્સની ટીમ રનર્સ-અપ રહી હતી.

આ ટુર્નામેન્ટના સફળ આયોજન બદલ આયોજકો પ્રણવભાઈ કોટક, કીર્તિ આહીર, રાહુલ પટેલ અને મનોજ પટેલે તમામ ખેલાડીઓ, દર્શકો અને સહયોગીઓનો આભાર વ્યક્ત કર્યો હતો.

સમગ્ર ટુર્નામેન્ટને સફળ બનાવવા પાછળ ધર્મેદ્રસિંહ રાઠોડ, સોહમ દેસાઈ તથા તેમની રજવાડી ટીમની વિશેષ મહેનત રહી હતી, જેના કારણે કાર્યક્રમ સૂચારૂં અને ભવ્ય રીતે પૂર્ણ થઈ શક્યો હતો.

ટુર્નામેન્ટના સમાપન પ્રસંગે વલસાડ-ડાંગના લોકપ્રિય સાંસદ તથા લોકસભાના દંડક શ્રી ધવલભાઈ પટેલ, ભાજપ યુવા મોરચા વલસાડ જિલ્લા પ્રમુખ શ્રી પ્રભાકર યાદવ, ધરમપુર શહેર ભાજપ પ્રમુખ શ્રી અમિતભાઈ ચોરેરા, નગરપાલિકા પ્રમુખ શ્રી મયંકકુમાર મોદી, શહેર મહામંત્રી શ્રી અક્ષય ચૌધરી, પાલિકા સભ્ય શ્રી સમીપ રાંચ, શ્રી નરેશ પટેલ તેમજ શ્રી દેવર્ષિ ભરુચા વિશેષ ઉપસ્થિત રહી ખેલાડીઓનો ઉત્સાહ વધાર્યો હતો. આ સમગ્ર કાર્યક્રમ ક્રિકેટપ્રેમીઓ માટે યાદગાર બની રહ્યો હતો તથા યુવાનોમાં રમતગમત પ્રત્યેનો ઉત્સાહ વધારવામાં સફળ સાબિત થયો હતો.

# 'પ્લાસ્ટિક સફાઈ દિવસ' નિમિત્તે ઉદવાડા ગામમાં સ્વચ્છતા અભિયાન હાથ ધરાયું



**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**

**વલસાડ, તા.૧૦:** વલસાડ જિલ્લા કલેક્ટર નીતિન સાંગવાનના માર્ગદર્શન હેઠળ ૧૨ વર્ષ વિશ્વાસના, વિકાસના અને જન કલ્યાણ નેજા હેઠળ વલસાડમાં જિલ્લામાં વિવિધ કાર્યક્રમો યોજાઈ રહ્યા છે. જેના ભાગરૂપે પારડી તાલુકાના ઉદવાડા ગામમાં સ્વચ્છતા અભિયાન અંતર્ગત 'પ્લાસ્ટિક સફાઈ દિવસ' નિમિત્તે સઘન સાફ-સફાઈ કરવામાં આવી હતી. આ ઝુંબેશમાં ગામના સરપંચ, તલાટી, સફાઈ કર્મચારીઓ અને જાગૃત ગ્રામજનોએ સાથે મળીને રસ્તાની બંને બાજુ, જાહેર સ્થળો અને બજાર વિસ્તારમાંથી તમામ પ્લાસ્ટિક કચરો એકત્રિત કરી ગામને સ્વચ્છ અને સુંદર બનાવવાનો પ્રશંસનીય પ્રયાસ કર્યો હતો.

# ઘન કચરાના વ્યવસ્થાપન માટે નાનાપોંઢા, પારડી અને ધરમપુરના ૩૦ ગામો અને અતુલ ફાઉન્ડેશન વચ્ચે ત્રિપક્ષીય MOU કરાયા




**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**વલસાડ, તા.૧૦**

જિલ્લા કલેક્ટર નીતિન સાંગવાનના માર્ગદર્શન હેઠળ ૧૨ વર્ષ વિશ્વાસના, વિકાસના અને જન કલ્યાણ અંતર્ગત નાનાપોંઢા અને કપરાડા તાલુકામાં સ્વચ્છ ભારત મિશન (ગ્રામીણ) અંતર્ગત ઘન કચરાના સુવ્યવસ્થિત વ્યવસ્થાપન માટે અતુલ ફાઉન્ડેશન સાથે ૩૦ ગ્રામ પંચાયતોના ત્રિપક્ષીય સમજૂતી કરાર (MOU) કરવામાં આવ્યા હતા.

આ બેઠક દરમિયાન SWM કન્સલ્ટન્ટ દ્વારા ઉપસ્થિત સૌને Solid Waste Management (SWM) Rules 2026 અંગે વિસ્તૃત માહિતી અને માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું હતું. આ પ્રસંગે અતુલ ફાઉન્ડેશન સાથે આ કરારનો મુખ્ય હેતુ ગ્રામ પંચાયત વિસ્તારોમાં દૈનિક ધોરણે ઉત્પન્ન થતા ઘન કચરાનું અસરકારક, સુવ્યવસ્થિત અને વૈજ્ઞાનિક ઢબે સંચાલન થાય તેમજ ગામમાં સ્વચ્છતા, જન આરોગ્ય અને પર્યાવરણ સંરક્ષણને વધુ પ્રોત્સાહન મળે તે સુનિશ્ચિત કરવાનો છે.

બેઠકમાં જિલ્લા કક્ષાના અધિકારીઓ, SWM કન્સલ્ટન્ટ, અતુલ ફાઉન્ડેશનની ટીમ તેમજ નાનાપોંઢાના ૧૨, પારડીના ૨ અને કપરાડાના ૧૬ મળીને કુલ ૩૦ ગ્રામ પંચાયતોના TDO, ATDO, SBM-G સ્ટાફ, તલાટીઓ અને સરપંચો વિશેષ રૂપે ઉપસ્થિત રહ્યા હતા.

# કપરાડામાં સ્વચ્છતા અભિયાન હેઠળ સફાઈ ઝુંબેશ હાથ ધરવામાં આવી





**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**વલસાડ, તા.૧૦**

૧૨ વર્ષ વિશ્વાસના, વિકાસના અને જન કલ્યાણ નેજા હેઠળ વલસાડમાં જિલ્લામાં યોજાયેલા વિવિધ કાર્યક્રમો અંતર્ગત જિલ્લા કલેક્ટર નીતિન સાંગવાનના માર્ગદર્શન હેઠળ કપરાડા તાલુકાના કપરાડા ગામમાં સ્વચ્છતા અભિયાન અંતર્ગત 'પ્લાસ્ટિક સફાઈ દિવસ' ની વિશેષ ઉજવણી કરવામાં આવી હતી. પર્યાવરણને શુદ્ધ અને ગામને સંપૂર્ણપણે પ્લાસ્ટિક મુક્ત બનાવવાના ઉમદા હેતુથી હાથ ધરવામાં આવેલી આ સફાઈ ઝુંબેશમાં ગામના રસ્તાઓની બંને બાજુઓ, જાહેર સ્થળો અને બજારના વિસ્તારોમાંથી તમામ પ્રકારનો પ્લાસ્ટિક કચરો એકત્રિત કરીને સઘન સાફ-સફાઈ કરવામાં આવી હતી. આ અભિયાનમાં તાલુકા પંચાયતના સભ્ય ધાકલભાઈ ભીમાભાઈ ડુમાડા, ગામના સરપંચ, તલાટી, સફાઈ કર્મચારીઓ તેમજ સ્થાનિક ગ્રામજનોએ ભાગ લીધો હતો.

# ગુંદલાવમાં તાલુકા કક્ષાની યોગ શિબિર યોજાઈ



**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**વલસાડ, તા.૧૦**

ગુજરાત સરકારના આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ દ્વારા સંચાલિત નિયામક આયુષની કચેરી ગાંધીનગર દ્વારા પ્રેરિત તથા વલસાડ જિલ્લા આયુર્વેદ અધિકારીના માર્ગદર્શન હેઠળ વલસાડ તાલુકાના ગુંદલાવ ખાતે આવેલા નોટિફાઈડ એરીયાના ગાર્ડનમાં વલસાડ તાલુકા કક્ષાના યોગ શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું.

ઈન્ચાર્જ જિલ્લા આયુર્વેદ અધિકારી ડો.ધર્મિષ્ઠા પટેલે પ્રાસંગિક પ્રવચન આપ્યું હતું, સરકારી આયુર્વેદ દવાખાનુ, ફલધરાના યોગ પ્રશિક્ષક અશ્વિનભાઈએ યોગનું મહત્વ તથા ઉપયોગીતા સમજાવી હતી અને યોગ પ્રોટોકોલ મુજબ કાર્યક્રમ આગળ ધપાવ્યો હતો. કે. કે. ગાંધી સ્કૂલના પ્રિન્સિપાલ હેમંતભાઈ પટેલ, શાંતાબેન અને નેશનલ યોગ બોર્ડના સભ્યો અને નગરજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. ફાર્માસિસ્ટ અને સેવકોએ પણ સેવા આપી હતી.

યોગ શિબિરમાં આયુષ મેડિકલ ઓફિસર વૈદ્ય ધર્મિષ્ઠા પટેલ, સરકારી આયુર્વેદ દવાખાનું, તિથલ, વૈદ્ય ભાવના બારડ, આયુષમાન આરોગ્ય મંદિર, આયુર્વેદ દવાખાનું, ફલધરા, વૈદ્ય સ્વાતિ પંચાલ, સરકારી આયુર્વેદ દવાખાનું, હરિયા, વૈદ્ય દિવ્યા સોલંકી, સરકારી આયુર્વેદ દવાખાનુ, વલસાડ, ડો.અનિતા બિરારી, સ.હો.દ. વલસાડ, ડો.કામિની પટેલ, સ.હો.દ. સેગવી, ફાર્માસિષ્ટ દીપીકાબેન પટેલ, સેવક ગણ ભાવનાબેન, સ્નેહલબેન, આશાબેન, ચૈતાલીબેન, શારદાબેન, પ્રાચી બેન, યોગ પ્રશિક્ષક અશ્વિનભાઈ અને પરુબેન ઉપસ્થિત રહ્યા હતા. સૌને યોગ સંબંધિત પેમ્ફલેટ તથા શરબત આપવામાં આવ્યું હતું. કાર્યક્રમનું સંચાલન અને આભાર વિધિ ડો.દિવ્યા સોલંકી દ્વારા કરવામાં આવી હતી. મોટી સંખ્યામાં લોકોએ યોગ શિબિરનો લાભ લીધો હતો અને શિબિરને સફળ બનાવી હતી.

અમારી લાગણીનું પ્રતિબિંબ પાડતું સંઘપ્રદેશનું સર્વપ્રથમ દૈનિક
વર્તમાન પ્રવાહ

## તંત્રી લેખ

# અંદાજીત ₹૪૦ હજાર કરોડના ખર્ચથી ઓમાનથી ગુજરાત સુધી ગેસ પાઈપલાઈન નખાશે

**ઓમાન-ગુજરાત ડીપ-સી ગેસ પાઈપલાઈન અત્યાર સુધીના સૌથી ઊંડા દરિયાઈ માર્ગોમાંથી એક હશે, જે કુદરતી ગેસનો અવિરત પુરવઠો સુનિશ્ચિત કરશે**

**પ**શ્ચિમ એશિયામાં તણાવ વચ્ચે ઊર્જા સંકટથી વિશ્વમાં ચિંતાનો માહોલ છે, તો મધ્ય પૂર્વમાંથી પુરવઠામાં વિક્ષેપથી સૌથી વધુ અસરગ્રસ્ત દેશો પૈકી ભારતે ઊર્જા પુરવઠો પુનઃ સ્થાપિત કરવા માટે ઝડપી પગલાંના ભાગરૂપે ઓમાનથી ગુજરાત સુધી લાંબી પાઈપલાઈન બનાવવાના પ્રોજેક્ટની જાહેરાત કરી છે, જે આ અરબી સમુદ્રમાં લગભગ ૨,૦૦૦ કિલોમીટરની ઊંડી સમુદ્ર ગેસ પાઈપલાઈન હશે. ઓમાન અને ગુજરાતને જોડવાની આ લાંબા સમયથી ચર્ચાસ્પદ યોજના છે, કારણ કે ભારત વધતા અનિશ્ચિત ભૂ-રાજકીય તણાવ વચ્ચે વધુ વિશ્વસનીય ઊર્જા પુરવઠો સુનિશ્ચિત કરવા માગે છે. એક મીડિયા હેવાલ મુજબ, છેલ્લા ત્રણ દાયકામાં આ પ્રોજેક્ટની ઘણી વખત સમીક્ષા થઈ ચૂકી છે, પરંતુ ઊંચા ખર્ચ, ટેકનિકલ અવરોધો અને વ્યાપારી મુશ્કેલીઓએ યોજનાને અટકાવી દીધી છે. જો કે, હવે પ્રસ્તાવને ખાનગી જૂથ એસએજીઈ દ્વારા મળેલા સમર્થનથી માર્ગ અને તેના એન્જિનીયરિંગ પડકારોનું મૂલ્યાંકન કરવા માટે દરિયાઈ તળિયાના સર્વેક્ષણ તેમજ ટેકનિકલ અને નાણાકીય અભ્યાસ પૂર્ણ કર્યા પછી પ્રોજેક્ટને નવી ગતિ મળી છે.

**ખર્ચ કેટલો થશે?:** આ પ્રોજેક્ટનો ખર્ચ આશરે રૂા. ૪૦,૦૦૦ કરોડ થવાનો અંદાજ છે. ઓમાન-ગુજરાત ડીપ-સી ગેસ પાઈપલાઈન અત્યાર સુધીના સૌથી ઊંડા દરિયાઈ માર્ગોમાંથી એક હશે. તે કુદરતી ગેસનો અવિરત પુરવઠો સુનિશ્ચિત કરશે. જો પૂર્ણ થાય, તો તે ગલ્ફ દેશો અને ભારત વચ્ચે સીધો ઊર્જા કોરિડોર સ્થાપિત કરી શકે છે, જેનાથી હોર્મુઝ સ્ટ્રેટમાંથી પસાર થતા દરિયાઈ માર્ગો પર દેશની નિર્ભરતા ઓછી થઈ શકે છે.

**પ્રોજેક્ટ શા માટે મહત્ત્વપૂર્ણ?:** ભારત આયાતી ઊર્જા પર ખૂબ નિર્ભર છે. દેશ તેની મોટાભાગની ક્રૂડ ઓઈલની જરૂરિયાતો આયાત કરે છે અને કુદરતી ગેસ, ખાસ કરીને એલએનજીના વિદેશી પુરવઠા પર ખૂબ આધાર રાખે છે. આ આયાતનો મોટો ભાગ ગલ્ફ દેશોમાંથી ઉદ્‌ભવે છે અને હોર્મુઝ સ્ટ્રેટ દ્વારા ભારત પહોંચે છે, જે પર્શિયન ગલ્ફને અરબી સમુદ્ર સાથે જોડતી સાંકડી ચેનલ છે. આ માર્ગમાં કોઈપણ વિક્ષેપ વૈશ્વિક બજારો પર તાત્કાલિક અસર કરી શકે છે, જે શાપિંગ ખર્ચ, ઈંધણના ભાવ અને પુરવઠા શ્રૃંખલાઓને અસર કરી શકે છે.


**પાઈપલાઈન કેવી દેખાશે?:** પ્રસ્તાવિત પ્રોજેક્ટ અરબી સમુદ્રમાં ફેલાયેલા પાણીની અંદરના નેટવર્ક દ્વારા ઓમાનને સીધો ગુજરાત સાથે જોડશે. તેની સૌથી મહત્ત્વપૂર્ણ વિશેષતા તેની ઊંડાઈ છે. રૂટના કેટલાક ભાગો સમુદ્ર સપાટીથી ૩,૦૦૦ મીટરથી વધુ નીચે હોવાની અપેક્ષા છે, જે તેને અત્યાર સુધી પ્રસ્તાવિત સૌથી ઊંડા પાણીની અંદરના પાઈપલાઈન પ્રોજેક્ટ્સમાંનો એક બનાવે છે.

**ગેસ આયાત માટે કેટલો ખર્ચ થશે?:** આ પાઈપલાઈન લાંબા ગાળાના પુરવઠા કરાર હેઠળ કુદરતી ગેસનું પરિવહન કરશે તેવી અપેક્ષા છે, જે ભારતને તેના ઊર્જા સ્રોતોને વૈવિધ્યીકરણ કરવામાં મદદ કરશે. ઓમાનને સ્થિર નિકાસ બજાર પણ મળશે.

# અમેરિકાના હુમલા બાદ ઈરાને કુવૈત, બહેરીન અને જોર્ડનને મિસાઈલોથી હચમચાવ્યા

**અમેરિકન સેનાએ હોર્મુઝ સ્ટ્રેટ નજીક આવેલા ઈરાનના એર ડિફેન્સ સિસ્ટમ અને રડાર ઠેકાણાઓને ભારે નુકસાન પહોંચાડ્યું**

**ઈરાને સ્પષ્ટ ચેતવણી આપી છે કે તે પોતાની સંપ્રભુતા અને સુરક્ષા સામે કોઈ પણ સમજૂતી નહીં કરે અને જો અમેરિકાના હુમલા ચાલુ રહેશે, તો ઈરાન પોતાના જવાબી હુમલાનું દાયરો (વિસ્તાર) વધુ વ્યાપક અને વિનાશક બનાવશે**



(સંપૂર્ણ સમાચાર સેવા)
**નવી દિલ્હી, તા.૧૦**

અમેરિકા અને ઈરાન વચ્ચે ચાલી રહેલો તણાવ હવે સીધી અને ખુલ્લી સૈન્ય અથડામણમાં ફેરવાઈ ગયો છે. અમેરિકન વાયુસેના અને નૌસેના દ્વારા કરવામાં આવેલા આક્રમક હુમલાના જવાબમાં હવે ઈરાને પણ ખાડી ક્ષેત્રમાં મોજુદ અમેરિકાના સૈન્ય મથકો પર જોરદાર જવાબી હુમલા શરૂ કરી દીધા છે. તેણે કુવૈત અને બહેરીનમાં આવેલા અમેરિકન સૈન્ય મથકોને હચમચાવવાનું શરૂ કર્યું છે. બંને દેશોમાં હવાઈ હુમલાના સાયરન વાગી રહ્યા છે. આ દરમિયાન જોર્ડનમાં એફ૩૫ના હેંગરને પણ નષ્ટ કર્યાની માહિતી સામે આવી છે. ઈરાની સૈન્ય કમાને દાવો કર્યો છે કે દક્ષિણ ઈરાનમાં અમેરિકા દ્વારા કરવામાં આવેલી આક્રમકતાના જવાબમાં આ મિસાઈલ હુમલા કરવામાં આવ્યા છે. બંને શક્તિશાળી દેશો વચ્ચે શરૂ થયેલા આ હુમલા અને વળતા હુમલાના કારણે સમગ્ર પશ્ચિમ એશિયામાં ભયાનક યુદ્ધ ફાટી નીકળવાની દહેશત ઊભી થઈ છે. ઈરાનની સર્વોચ્ચ સૈન્ય કમાન 'ખાતમ અલ-અંબિયા' એ સત્તાવાર રીતે દાવો કર્યો છે કે દક્ષિણ ઈરાનમાં અમેરિકાના "આક્રમક પગલાં" ના જવાબમાં કુવૈત અને બહેરીનમાં આવેલા કેટલાક અમેરિકન સૈન્ય મથકોને સીધા નિશાન બનાવીને તોડી પાડવામાં આવ્યા છે.

ઈરાની મીડિયાના જણાવ્યા અનુસાર, અમેરિકન વિમાનોના હુમલા બાદ તરત જ ઈરાની સેનાએ આ જવાબી કાર્યવાહીને અંજામ આપ્યો હતો. જોકે, અમેરિકન સેન્ટ્રલ કમાન્ડ નું કહેવું છે કે તેમણે અપાચે હેલિકોપ્ટર તોડી પાડવાની ઘટના સામે 'સેલ્ફ ડિફેન્સ' (આત્મરક્ષણ) માં આ ઓપરેશન હાથ ધર્યુ હોવાનો દાવો કર્યો. જ્યારે ઈરાનનો દાવો છે કે અમેરિકાએ પહેલા હુમલા કર્યા અને ઈરાને માત્ર તેનો જવાબ આપ્યો છે. ઈરાનની સત્તાવાર સમાચાર એજન્સીઓ 'મેહર' અને 'ફારસ' ના અહેવાલો મુજબ, હોર્મુઝ સ્ટ્રેટ ની આસપાસના અનેક વિસ્તારો પ્રચંડ ધડાકાઓથી ગુંજી ઉઠ્યા છે.

દક્ષિણ ઈરાનના અતિ મહત્વના ગણાતા કેશમ દ્વીપ અને બંદર અબ્બાસ બંદરગાહની આસપાસ પણ શ્રેણીબદ્ધ વિસ્ફોટો થવાના સમાચાર સામે આવ્યા છે. આ પરિસ્થિતિને કારણે હોર્મોઝગાન પ્રાંતના અનેક હિસ્સાઓમાં કટોકટી જેવી સ્થિતિ (ઈમરજન્સી) જાહેર કરવામાં આવી છે અને સીરિક શહેરમાં એક સૈન્ય પ્રોજેક્ટાઈલ પડવાની પણ પુષ્ટિ થઈ છે. અમેરિકન મીડિયા અહેવાલોમાં દાવો કરવામાં આવ્યો છે કે અમેરિકન સેનાએ હોર્મુઝ સ્ટ્રેટ નજીક આવેલા ઈરાનના એર ડિફેન્સ સિસ્ટમ અને રડાર ઠેકાણાઓને ભારે નુકસાન પહોંચાડ્યું છે. આ તરફ તેહરાનનું સૈન્ય નેતૃત્વ પણ અમેરિકન સૈન્ય હાજરીને તોડવા પર ધ્યાન કેન્દ્રિત કરી રહ્યું છે. ઈરાને સ્પષ્ટ ચેતવણી આપી છે કે તે પોતાની સંપ્રભુતા અને સુરક્ષા સામે કોઈ પણ સમજૂતી નહીં કરે અને જો અમેરિકાના હુમલા ચાલુ રહેશે, તો ઈરાન પોતાના જવાબી હુમલાનું દાયરો (વિસ્તાર) વધુ વ્યાપક અને વિનાશક બનાવશે.

## દરરોજ ૨૦ હજારથી વધુ ટેન્કરોની માંગ

# ભારતનું એવું શહેર જ્યાં લોકો પાણી માટે તરસે છે

(સંપૂર્ણ સમાચાર સેવા)
**હૈદરાબાદ, તા.૧૦**

વધતા તાપમાન, ઘટતા ભૂગર્ભ જળસ્તર અને ચોમાસાના વિલંબને કારણે હૈદરાબાદ તાજેતરના વર્ષોમાં સૌથી ગંભીર જળ સંકટનો સામનો કરી રહ્યું છે. શહેરના અનેક વિસ્તારોમાં અનિયમિત પાણી પુરવઠાને કારણે નાગરિકો ભારે હાલાકી ભોગવી રહ્યા છે, જેના કારણે મોટી સંખ્યામાં લોકો ખાનગી અને સરકારી ટેન્કરો પર નિર્ભર રહેવા મજબૂર બન્યા છે. શહેરમાં પાણીના ટેન્કરોની દૈનિક માંગ વધીને ૨૦,૦૦૦ સુધી પહોંચી ગઈ છે.

સંકટની ગંભીરતાને કારણે ટેન્કરોની માગમાં મોટો વધારો નોંધાયો છે. મે મહિનાના અંતિમ સપ્તાહ દરમિયાન દૈનિક બુકિંગ ૧૫,૦૦૦ને પાર પહોંચી ગયું હતું, જે હૈદરાબાદ મેટ્રોપોલિટન વોટર સપ્લાય એન્ડ સીવરેજ બોર્ડ (HMWS&SB) દ્વારા વ્યક્ત કરવામાં આવેલા અંદાજ કરતાં ઘણું વધારે છે.

તેમણે કહ્યું કે, સામાન્ય રીતે જાન્યુઆરી મહિનાથી ટેન્કરોનું બુકિંગ વધવા લાગતું હોય છે. અગાઉ અમને સમગ્ર હૈદરાબાદમાં પ્રતિદિન અંદાજે ૧,૫૦૦થી ૨,૦૦૦ ટેન્કરોના બુકિંગ મળતા હતા. જોકે, આ વર્ષે ભૂગર્ભ જળસ્તર ઘટવાને કારણે અને પાછલા ચાર-પાંચ વર્ષોમાં ક્યારેય ન સૂકાયા હોય તેવા અનેક બોરવેલ પણ સૂકાઈ જવાને લીધે માગમાં મોટો ઉછાળો આવ્યો છે.

ઉનાળાની ઋતુમાં સર્જાતી





મુશ્કેલીઓને ધ્યાનમાં રાખીને વોટર બોર્ડે પ્રતિદિન અંદાજે ૧૩,૦૦૦ ટેક્રરો દ્વારા પાણીનો પુરવઠો પૂરો પાડવા માટે પોતાના માળખાકીય સંચાલનનો વિસ્તાર કર્યો હતો. જોકે, પાણીની માગ અપેક્ષા કરતાં ઘણી વધારે હતી, જેના કારણે અધિકારીઓને ત્રણ શિફ્ટમાં સેવાઓ ચલાવવા માટે મજબૂર થવું પડ્યું.

અધિકારીઓએ કહ્યું કે, ૨૪ કલાકની અંદર ટેન્કરો દ્વારા પાણીનો પુરવઠો સુનિશ્ચિત કરવાના પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. જોકે, પાણી પહોંચાડવામાં વિલંબ થતો હોવાના અહેવાલો સતત સામે આવી રહ્યા છે, ખાસ કરીને શહેરના પશ્ચિમ વિસ્તારોમાં જ્યાં ભૂગર્ભ જળનું સ્તર ગંભીર છે.

કેટલાક વિસ્તારોમાં નગરપાલિકા દ્વારા દર ચારથી પાંચ દિવસે માત્ર એક જ વાર પાણીનો પુરવઠો પૂરો પાડવામાં આવે છે, જેના કારણે પરિવારોને રોજિંદા વપરાશ માટે પાણીનો મર્યાદિત ઉપયોગ કરવા માટે મજબૂર થવું પડે છે.

હૈદરાબાદના મુશીરાબાદના એક નિવાસીએ કહ્યું કે, પાણીનો પુરવઠો ઘટીને દર ચારથી પાંચ દિવસે માત્ર એક જ વાર થઈ ગયો છે. ટેન્કર બુક કરાવ્યા પછી પણ તે સમયસર ઉપલબ્ધ થતા નથી. અમને રોજિંદી ઘરેલું જરૂરિયાતો પૂરી કરવામાં ભારે મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે.

પાણીની ક્વોલિટીને લઈને પણ ચિંતાઓ વ્યક્ત કરવામાં આવી રહી છે. રસૂલપુરાના એક નિવાસીએ આરોપ લગાવ્યો કે, પાણીની અછતની સાથે-સાથે નળમાં ગંદુ પાણી આવી રહ્યું છે. વારંવાર ફરિયાદ કરવા છતાં અધિકારીઓ દ્વારા કોઈ નક્કર પગલાં લેવામાં નથી આવ્યા. લોકો પીવાના પાણીની તંગીની સાથે-સાથે સ્વાસ્થ્ય સંબંધી સમસ્યાઓને લઈને પણ ચિંતિત છે. આ વણસી રહેલી સ્થિતિ વચ્ચે હવે રાજકારણ પણ ગરમાયું છે. તેલંગાણા ભાજપના અધ્યક્ષ રામચંદ્ર રાવે કોંગ્રેસ સરકાર પર આ ગંભીર સમસ્યાનો ઉકેલ લાવવામાં સદંતર નિષ્ફળ રહી હોવાનો આરોપ લગાવ્યો છે.

ભારત રાષ્ટ્ર સમિતિ (BRS)ના કાર્યકારી અધ્યક્ષ કે. ટી. રામારાવે પણ જળ સંકટ મુદ્દે કોંગ્રેસ સરકાર પર આકરા પ્રહારો કરતા દાવો કર્યો હતો કે, અગાઉની બીઆરએસ સરકારના શાસન દરમિયાન હૈદરાબાદમાં પાણી કે વીજળીની કોઈ અછત નહોતી.

## ગોલ્ડ રિઝર્વ વધારીને ડોલર પર નિર્ભરતા ઓછી કરવાની ચીનની યોજના

# ચીને સતત ૧૯ મહિનાથી સોનું ખરીદતા વૈશ્વિક આર્થિક સમીકરણો બદલાયા

(સંપૂર્ણ સમાચાર સેવા)
**નવી દિલ્હી, તા.૧૦**

વૈશ્વિક સ્તરે સોના અને ચાંદીની કિંમતોમાં ભારે ઉતાર-ચઢાવ વચ્ચે ચીન સતત પોતાના સ્વર્ણ ભંડાર વધારવામાં વ્યસ્ત છે. મે ૨૦૨૬માં પણ ચીનની સેન્ટ્રલ બેંકે ૩,૨૦,૦૦ ટ્રોય ઔંસ સોનું ખરીદ્યું. આ લગાતાર ૧૯મો મહિનો છે જેમાં ચીને પોતાના ગોલ્ડ રિઝર્વમાં વૃદ્ધિ કરી છે. આ ખરીદી પછી ચીનનો કુલ સત્તાવાર સ્વર્ણભંડાર એપ્રિલમાં ૭૪.૬૪ મિલિયન ઔંસથી વધીને ૭૪.૯૬ મિલિયન ઔંસ સુધી પહોંચી ગયો છે. એનાથી સ્પષ્ટ છે કે ચીન પોતાની આર્થિક સુરક્ષા મજબૂત કરવા માટે સોના પર વિશેષ ધ્યાન આપી રહ્યું છે. મેના અંત સુધીમાં ચીનના સ્વર્ણ ભંડારનું મૂલ્ય વધીને ૩૪૦.૭૫ અબજ ડોલર થઈ ગયું છે. બજાર વિશેષજ્ઞો અનુસાર ડિસેમ્બર ૨૦૨૪ પછી આ ચીનની સૌથી મોટી માસિક ખરીદદારી છે. લગાતાર દોઢ વર્ષ કરતા વધુ સમયથી દર મહિને સોનાની ખરીદી એ વાતનો સંકેત છે કે ચીન પોતાની આરક્ષિત સંપતિને મજબૂત કરીને દીર્ઘકાલીન નીતિ પર કામ કરી રહ્યું છે. આને ૨૦૧૫ પછી ચીનની સૌથી લાંબી ખરીદ શ્રૃંખલા પણ ગણવામાં આવી રહી છે. બીજી તરફ આંતરરાષ્ટ્રીય બજારમાં સોનાની કિંમતો પર દબાણ વધી રહ્યું છે. અમેરિકા અને ઈરાન વચ્ચે શાંતિ વાટાઘાટ નિષ્ફળ રહેવાથી તેલની કિંમતોમાં વૃદ્ધિ અને મોંઘવારીની આશંકાને કારણે અમેરિકી ડોલર મજબૂત બન્યો છે. તેના પરિણામે સોનાની કિંમતોમાં ઘટાડો જોવા મળી રહ્યો છે. છતાં ચીને કિંમતમાં ઘટાડાને તક સમજીને પોતાની ખરીદી જારી રાખી છે, જેનાથી તેના વ્યૂહાત્મક અભિગમની જાણકારી મળે છે. વિશેષજ્ઞોના મતે ચીનની આ નીતિ માત્ર રોકાણ સુધી સીમિત નથી, પણ અમેરિકી ડોલર પર નિર્ભરતા ઓછી કરવાની વ્યાપક આર્થિક યોજનાનો હિસ્સો છે. ચીન પોતાના વિદેશી મુદ્રા ભંડારમાં વૈવિધ્ય લાવવા સોના જેવી સુરક્ષિત સંપતિમાં રોકાણ વધારી રહ્યું છે. સાથે જ તેનો વિદેશી મુદ્રા ભંડાર પણ વધીને ૩.૪૪૨૨ ટ્રિલિયન ડોલર સુધી પહોંચી ગયો છે, જે ૨૦૧૫ પછીનું ઉચ્ચતમ સ્તર છે. આ પગલુ વૈશ્વિક અર્થવ્યવસ્થામાં ચીનની આર્થિક શક્તિ અને પ્રભાવને વધુ મજબૂત કરશે તેવું માનવામાં આવી રહ્યું છે.

**ચીનનો વિદેશી મુદ્રા ભંડાર પણ ઉચ્ચતમ સ્તરે પહોંચતા વૈશ્વિક અર્થવ્યવસ્થામાં ચીનનો પ્રભાવ વધુ મજબૂત બનશે**

**રશિયાથી મિત્રતા ભારે પડશે!**

# ભારતીય કંપનીઓ પર પ્રતિબંધ મૂકવાની યુરોપિયન યુનિયનની તૈયારી

(સંપૂર્ણ સમાચાર સેવા)
**નવી દિલ્હી, તા.૧૦**

રશિયા અને યુક્રેન વચ્ચે ચાલી રહેલા યુદ્ધની વચ્ચે યુરોપીયન યુનિયન (EU) હવે રશિયાને આર્થિક રીતે નબળું પાડવા માટે એક બહુ મોટું પગલું ભરવા જઈ રહ્યું છે. રશિયાની યુદ્ધની કમાણી અને તેની આર્થિક શક્તિને તોડવા માટે EU દ્વારા ૨૧મા પ્રતિબંધ પેકેજનો નવો પ્રસ્તાવ તૈયાર કરવામાં આવ્યો છે. આ નવા આકરા નિયમોની સીધી અસર ભારતની કેટલીક કંપનીઓ પર પણ પડી શકે તેમ છે. આક્ષેપ છે કે ભારત, ચીન અને UAE સહિત ૬ દેશોની આશરે ૫૦ જેટલી કંપનીઓ રશિયાને આડકતરી રીતે મદદ કરી રહી છે, જેથી યુરોપીયન યુનિયન હવે આ કંપનીઓ પર નિકાસ પ્રતિબંધ (એક્સપોર્ટ કંટ્રોલ) લાદવાની તૈયારીમાં છે.

યુરોપીયન કમિશનના વાઈસ પ્રેસિડેન્ટ કાજા કલાસે આ અંગે જણાવ્યું છે કે, બ્રસેલ્સ છેલ્લા બે વર્ષમાં રશિયા વિરુદ્ધ આ અત્યાર સુધીનો સૌથી મોટો અને સૌથી કડક પ્રતિબંધ લગાવવા જઈ રહ્યું છે. જોકે, આ નિયમોને સત્તાવાર રીતે લાગુ કરતાં પહેલાં યુરોપીયન સંઘના તમામ સભ્ય દેશો સાથે તેની ચર્ચા કરવામાં આવશે અને તેમની મંજૂરી લેવામાં આવશે. આ નવા પ્રતિબંધ પેકેજનો મુખ્ય વ્યૂહાત્મક હેતુ રશિયાના સૈન્ય-ઔદ્યોગિક માળખાને નબળો પાડવાનો અને યુદ્ધ માટે થઈ રહેલા ફંડિંગને અટકાવવાનો છે. એક્સપોર્ટ બૅનનો સામનો કરી રહેલી ૫૦ કંપનીઓની યાદીમાં ભારત ઉપરાંત ચીન, તુર્કિયે, કિર્ગિસ્તાન, કઝાકિસ્તાન અને સંયુક્ત આરબ અમીરાત (UAE) જેવા દેશોની કંપનીઓ સામેલ છે. આ ઉપરાંત, ડ્રોન મેન્યુફેક્ચરિંગ સાથે જોડાયેલી ૩૦થી વધુ નવી સંસ્થાઓ અને કંપનીઓને પણ આ બ્લેકલિસ્ટમાં ઉમેરવામાં આવી છે. રશિયાને વર્તમાન પ્રતિબંધોમાંથી બચવામાં મદદ કરનારા દેશોની બૅંકો, હથિયાર બનાવતી કંપનીઓ, ઓઈલ ટ્રેડર્સ, રિફાઈનરીઓ અને ક્રિપ્ટો ઓપરેટરોને આ પ્રસ્તાવમાં સીધા નિશાન બનાવ્યા છે.

**ભારત સહિત ચીન, તુર્કિયે, કિર્ગિસ્તાન, કઝાકિસ્તાન અને સંયુક્ત આરબ અમીરાત (UAE) ૬ દેશોની કંપનીઓ રડારમાં**

અંદાજે ૯૦ જેટલી બૅંકોની અસ્કયામતો (પ્રોપર્ટી) ફ્રીઝ કરવામાં આવી શકે છે. આ સિવાય, રશિયા અને અન્ય દેશોની ૩૦થી વધુ બૅંકોના ટ્રાન્ઝેક્શન પર કડક નજર રાખવામાં આવશે. આ પેકેજ અંતર્ગત ૧૧ જેટલા ક્રિપ્ટોકરન્સી પ્લેટફોર્મ્સ દ્વારા થતાં નાણાકીય વ્યવહારો પર પણ સંપૂર્ણ પ્રતિબંધ મૂકવાની તૈયારી છે. રશિયાને આર્થિક મોરચે ઘેરવા માટે યુરોપીયન સંઘે તેના એનર્જી રેવેન્યુ (ઊર્જા આવક) પર મોટો પ્રહાર કર્યો છે. ક્રૂડ ઓઈલ અને લિક્વિફાઈડ નેચરલ ગેસ (LNG) સાથે જોડાયેલી પ્રવૃત્તિઓ પર પહેલા કરતાં વધુ કડક નિયંત્રણો લાદવામાં આવશે. રશિયાના 'શેડો ફ્લીટ' (ગુપ્ત જહાજોના કાફલા) સાથે જોડાયેલા અન્ય ૩૦ જહાજો પર પણ પ્રતિબંધનો પ્રસ્તાવ છે. સાથોસાથ, રશિયાના ૨ દરિયાઈ બંદરો અને ૪ ઍરપૉર્ટ પર પણ ટ્રાન્ઝેક્શન બૅન લગાવવાની દરખાસ્ત મૂકવામાં આવી છે.

# શંકરાચાર્ય સામે જાતીય શોષણનો ખોટો આરોપ રામચંદ્ર દાસના કહેવા પર મૂક્યાઃ આશુતોષ બ્રહ્મચારીનો ધડાકો

(સંપૂર્ણ સમાચાર સેવા)
**પ્રયાગરાજ, તા.૧૦**

જ્યોતિર્મઠના શંકરાચાર્ય સ્વામી અવિમુક્તેશ્વરાનંદ સરસ્વતી પર બટુકો(આશ્રમના બાળકો)ના યૌન શોષણનો ગંભીર આરોપ લગાવનાર આશુતોષ બ્રહ્મચારી હવે પોતાના જ નિવેદનથી ફરી ગયા છે. તેમણે એક વીડિયો જાહેર કરીને સનાતન ધર્મગુરુ સામે કરેલો કેસ તદ્દન ખોટો હોવાની કબૂલાત કરી છે. આશુતોષ બ્રહ્મચારીનું કહેવું છે કે, 'મેં શંકરાચાર્ય વિરુદ્ધ આ નકલી કેસ મારા જ ગુરુબંધુ રામચંદ્ર દાસના કહેવાથી અને તેમના ભારે દબાણમાં આવીને કર્યો હતો.' આ સમગ્ર ષડ્યંત્રમાં કેટલાક સરકારી અધિકારીઓ પણ સામેલ હોવાનો આરોપ તેમણે લગાવ્યો છે, જેના કારણે ધાર્મિક જગતમાં ભારે ખળભળાટ મચી ગયો છે.

આશુતોષ બ્રહ્મચારીએ વીડિયો દ્વારા એક મોટો ખુલાસો કર્યો છે કે, શંકરાચાર્ય અવિમુક્તેશ્વરાનંદ વિરુદ્ધ ખોટો કેસ કરવા પાછળ રામચંદ્ર દાસનો હાથ હતો. રામચંદ્ર દાસે જ આ આખું કાવતરું ઘડ્યું હતું અને મારા પર કોર્ટમાં કેસ દાખલ કરવા માટે ભારે દબાણ કર્યું હતું. એટલું જ નહીં, તેમણે પોતાના જ ગુરુની હત્યા કરાવવાનું પણ એક ગુપ્ત પ્લાનિંગ કર્યું હતું. મને ખોટી રીતે ભટકાવીને આ આખી રમત રમવામાં આવી હતી, જેના કારણે મને ભારે માનસિક ત્રાસ ભોગવવો પડ્યો છે. આ મામલે આશુતોષ બ્રહ્મચારીએ મથુરાના એસએસપી (SSP)ને લેખિત ફરિયાદ કરી છે. તેમણે આક્ષેપ કર્યો છે કે રામચંદ્ર દાસે બે આશ્રમો હડપ કરવા માટે એક નકલી વસિયત (ખોટું વિલ) બનાવી હતી. આ નકલી વસિયતના આધારે જ તેમણે કેસ કર્યો હતો અને દેવા બાબાના આશ્રમ પર ગેરકાયદે કબ્જો કરી લીધો હતો. આશુતોષે સ્પષ્ટ કહ્યું છે કે જો પોલીસ આ બાબતે કોઈ પગલાં નહીં લે, તો તેઓ નકલી વસિયત બનાવનારાઓ વિરુદ્ધ કોર્ટમાં જશે અને સત્યની લડાઈ લડશે. આશુતોષ બ્રહ્મચારીએ દાવો કર્યો છે કે તેમની પાસે કેસ કરવાથી લઈને નકલી વસિયત બનાવવા સુધીની તમામ વિગતો ધરાવતી વ્હોટ્સએપ ચેટ ઉપલબ્ધ છે. શંકરાચાર્ય વિરુદ્ધ આટલું મોટું ષડયંત્ર શા માટે રચવામાં આવ્યું અને તેની પાછળ કોનો હાથ હતો, તેનો સંપૂર્ણ ભાંડાફોડ તેઓ ટૂંક સમયમાં જ પુરાવા સાથે કરવાના છે.

# સ્પોર્ટ્સ ન્યુઝ

## ૨૧ વર્ષ બાદ ઓસ્ટ્રેલિયાને વન-ડેમાં હરાવવામાં બાંગ્લાદેશ સફળ

### ત્રણ બેટર્સની ફિફ્ટી અને મોસાદ્દેક હુસૈનની ધમાકેદાર વાપસી : ઓસ્ટ્રેલિયાનું બેટિંગ લાઇનઅપ ધ્વસ્ત

(સંપૂર્ણ સમાચાર સેવા)

**ઢાકા, તા.૧૦:** બાંગ્લાદેશ ક્રિકેટ ટીમે ઢાકાના મેદાન પર એક નવો ઈતિહાસ રચ્યો છે. ૯ જૂનના રોજ રમાયેલી વનડે મેચમાં બાંગ્લાદેશે મજબૂત ગણાતી ઓસ્ટ્રેલિયાની ટીમને ૮૬ રનથી હરાવી દીધી છે. બાંગ્લાદેશ માટે આ જીત ખૂબ જ ખાસ છે, કારણ કે તેમણે ૨૧ વર્ષના લાંબા ગાળા પછી ઓસ્ટ્રેલિયાને વનડે મેચમાં હરાવ્યું છે. આ પહેલા બાંગ્લાદેશે વર્ષ ૨૦૦૫માં ઓસ્ટ્રેલિયા સામે વનડેમાં પોતાની પહેલી જીત મેળવી હતી. આ મેચમાં વરસાદ પડવાને કારણે ડકવર્થ લુઈસ (DLS) નિયમ મુજબ બાંગ્લાદેશને વિજેતા જાહેર કરવામાં આવ્યું હતું.

મેચમાં ટોસ હારીને પહેલા બેટિંગ કરવા ઉતરેલી બાંગ્લાદેશની ટીમે શાનદાર પ્રદર્શન કરતા ૫૦ ઓવરમાં ૮ વિકેટે ૨૮૪ રનનો મજબૂત સ્કોર બનાવ્યો હતો. ટીમ તરફથી ટોપ ઓર્ડરમાં તંજીદ હસને ૫૪ રન અને નજમુલ હુસૈન શાંતોએ ૬૭ રનની ઈનિંગ્સ રમી હતી. જોકે, આકર્ષણનું કેન્દ્ર ૪ વર્ષ પછી વનડે ટીમમાં વાપસી કરી રહેલો મોસાદ્દેક હુસૈન રહ્યો હતો, જેણે લોઅર ઓર્ડરમાં આવીને સૌથી વધુ ૮૬ રનની અણનમ ઈનિંગ્સ રમી ટીમને સન્માનજનક સ્કોર સુધી પહોંચાડી હતી. ઓસ્ટ્રેલિયા તરફથી નાથન એલિસે સૌથી વધુ ૩ વિકેટ ઝડપી હતી, જ્યારે લિયામ સ્કોટ અને મેટ રેનશોને ૨-૨ વિકેટ મળી હતી.

૨૮૫ રનના ટાર્ગેટનો પીછો કરવા ઉતરેલી ઓસ્ટ્રેલિયાની ટીમની શરૂઆત ખૂબ જ ખરાબ રહી હતી. ઓસ્ટ્રેલિયાએ શૂન્ય રન પર જ પોતાની પહેલી વિકેટ ગુમાવી દીધી હતી અને સ્કોર ૨ રન પર પહોંચતા બીજી વિકેટ પણ પડી ગઈ હતી. બાંગ્લાદેશના ફાસ્ટ બોલર નાહિદ રાણાએ ઘાતક બોલિંગ કરીને ઓસ્ટ્રેલિયાના ૪ બેટર્સને આઉટ કર્યા હતા. જ્યારે મોસાદ્દેક હુસૈને બોલિંગમાં પણ કમાલ કરતા ૨ વિકેટ ઝડપી હતી. ઓસ્ટ્રેલિયા તરફથી કેમેરોન ગ્રીને અણનમ ૫૨ રનની ફિફ્ટી ફટકારીહોવા છતાં તે પોતાની ટીમને જીત અપાવી શક્યો નહોતો. જ્યારે ઓસ્ટ્રેલિયાની ટીમે ૪૨.૨ ઓવરમાં ૯ વિકેટ ગુમાવીને ૧૯૧ રન બનાવ્યા હતા, ત્યારે અચાનક જોરદાર વરસાદ શરૂ થયો હતો. વરસાદ ન રોકાવાને કારણે આખરે ડકવર્થ લુઈસ (DLS) નિયમ લાગુ કરવામાં આવ્યો અને બાંગ્લાદેશને ૮૬ રનથી વિજેતા જાહેર કરવામાં આવ્યું. બેટિંગ અને બોલિંગ બંનેમાં અદ્ભુત પ્રદર્શન કરનાર મોસાદ્દેક હુસૈનને પ્લેયર ઓફ ધ મેચ પસંદ કરવામાં આવ્યો.

આ જીત સાથે બાંગ્લાદેશે ૩ મેચની વનડે સિરીઝમાં ૧-૦ની લીડ મેળવી લીધી છે અને સિરીઝની આગામી મેચ ૧૧ જૂને ઢાકાના આ જ મેદાન પર રમાશે.

### અનશન બાદ ક્રિકેટ બોર્ડમાં હડકંપ

## પૈસા ન આપો તો રમવા ન દે...' રણજી ખેલાડીનું છલકાયું દર્દ

(સંપૂર્ણ સમાચાર સેવા)

**પટણા, તા.૧૦:** બિહાર ક્રિકેટમાં ભ્રષ્ટાચાર અને મેચ ફીમાં કમિશનખોરીના આરોપોને લઈને ફરી એકવાર મોટો ભૂકંપ આવ્યો છે. ભાગલપુરના રણજી ખેલાડી સચિન કુમાર દ્વારા જિલ્લા ક્રિકેટ એસોસિએશનના સેક્રેટરી પર મેચ ફીમાં હિસ્સો માગવાના લગાવવામાં આવેલા ગંભીર આરોપોને બિહાર ક્રિકેટ એસોસિએશન (BCA) એ અત્યંત ગંભીરતાથી લીધા છે. મામલાની ગંભીરતાને જોતાં BCAએ તાત્કાલિક એક્શન લેતા બે સભ્યોની ઉચ્ચ સ્તરીય તપાસ કમિટીની રચના કરી દીધી છે. આ કમિટીને ગમે તે સંજોગોમાં આગામી સાત દિવસની અંદર પોતાનો તપાસ અહેવાલ સોંપવાનો કડક આદેશ આપવામાં આવ્યો છે.

પ્રાપ્ત માહિતી પ્રમાણે BCAના મુખ્ય કાર્યકારી અધિકારી (CEO) મનીષ રાજે આ સમગ્ર મામલાની નિષ્પક્ષ તપાસ કરવા માટે જે કમિટી બનાવી છે, તેમાં ખૂબ જ કડક અધિકારીઓને સામેલ કરવામાં આવ્યા છે. તપાસ ટીમમાં અજિત કુમાર પાંડેય (જનરલ મેનેજર, એન્ટી-કરપ્શન યુનિટ (ACU) અને મનોજ કુમાર (OSD, BCA) સામેલ છે. આ હાઈ-પ્રોફાઈલ તપાસ અંગેની સત્તાવાર સૂચના પણ ભાગલપુર જિલ્લા ક્રિકેટ એસોસિએશનના તમામ ઉચ્ચ અધિકારીઓને ઈમેઈલ દ્વારા મોકલવામાં આવી છે, જેથી તેઓ તપાસમાં સહકાર આપવા તૈયાર રહે. જો ક્રિકેટ વર્તુળોમાંથી બહાર આવી રહેલા સમાચાર અને સૂત્રોનું માનીએ તો આ તપાસ કમિટી ટૂંક સમયમાં ભાગલપુર જઈ શકે છે. ટીમ સેન્ડિસ કમ્પાઉન્ડમાં પહોંચીને કેસ સાથે સંકળાયેલા તમામ પક્ષકારો, પીડિત ખેલાડી અને આરોપી અધિકારીઓની સામ-સામે પૂછપરછ કરી શકે છે. બીજી તરફ BCAના આ કડક વલણ બાદ ભાગલપુર ડિસ્ટ્રિક્ટ ક્રિકેટ એસોસિએશનના કેમ્પમાં હડકંપ મચી ગયો છે અને એસોસિએશનના તમામ વરિષ્ઠ અધિકારીઓ હાલમાં આ વિવાદ અંગે કેમેરા કે મીડિયા સામે કંઈપણ કહેવાનું ટાળી રહ્યા છે. તમને જણાવી દઈએ કે, આ સમગ્ર વિવાદ ગત શુક્રવારે ત્યારે ચર્ચામાં આવ્યો હતો જ્યારે ભાગલપુરના સેન્ડીસ કમ્પાઉન્ડ સ્થિત ઐતિહાસિક ક્રિકેટ મેદાનમાં રણજી ખેલાડી સચિન કુમાર અચાનક આમરણ અનશન બેસી ગયો હતો. તેણે ડિસ્ટ્રિક્ટ ક્રિકેટ એસોસિએશનના સેક્રેટરી ડૉ. જયશંકર ઠાકુર પર માનસિક ઉત્પીડન અને ભ્રષ્ટાચારનો સીધો આરોપ લગાવ્યો હતો. સચિને આરોપ લગાવ્યો હતો કે, 'મારી પાસે રણજી મેચ ફીનો અડધો ભાગ (૫૦% કમિશન) માંગવામાં આવ્યુ હતું અને જ્યારે મેં પૈસા આપવાનો ઈનકાર કર્યો, તો મારા કરિયર અને રમવાના માર્ગમાં વિવિધ અવરોધો ઉભા કરવામાં આવે છે.'

એક હોનહાર ખેલાડી દ્વારા સેન્ડીસ કમ્પાઉન્ડ જેવા મેદાનમાં અનશન પર બેસવું અને મેચ ફીમાં કાપ મૂકવાના આરોપોએ બિહાર ક્રિકેટની વિશ્વસનીયતા પર સવાલો ઉભા કર્યા હતા. આ મામલો સોશિયલ મીડિયા અને મીડિયામાં જોર પકડ્યા બાદ જ BCAએ બેકફૂટ પર આવીને આ તપાસનો નિર્ણય લેવો પડ્યો હતો. હવે રમતપ્રેમીઓથી લઈને જિલ્લા ક્રિકેટ એસોસિએશનના અધિકારીઓની નજર BCAની આ તપાસ સમિતિના રિપોર્ટ પર છે. એવું માનવામાં આવી રહ્યું છે કે એન્ટી કરપ્શન યૂનિટના આ રિપોર્ટના આધારે દોષિત ઠરેલા અધિકારીઓને ભારે સજા થઈ શકે છે.

## ટીમ ઈન્ડિયાને મોટો ઝટકો, હાર્દિક પંડ્યા ઈજાગ્રસ્ત

(સંપૂર્ણ સમાચાર સેવા)

**નવી દિલ્હી, તા.૧૦ :** ૧૩ જૂનથી શરૂ થનારી અફઘાનિસ્તાન સામેની ત્રણ મેચની ODI શ્રેણી પહેલા ટીમ ઈન્ડિયાને મોટો ઝટકો લાગ્યો છે. સ્ટાર ઓલરાઉન્ડર હાર્દિક પંડ્યા ઈજાને કારણે આખી શ્રેણીમાંથી બહાર થઈ ગયો છે.

BCCI તરફથી મળેલા મેડિકલ અપડેટ મુજબ, હાર્દિકને લો-ગ્રેડ ક્વાડ્રિસેપ્સ સ્ટ્રેનની સમસ્યા છે. મેડિકલ સ્ટાફે જણાવ્યું છે કે, રિકવરીમાં આશરે ત્રણ અઠવાડિયાનો સમય લાગી શકે છે. પરિણામે તે અફઘાનિસ્તાન સામેની ત્રણ મેચોની ODI શ્રેણીમાં રમી શકશે નહીં.

IPLમાં મુંબઈ ઈન્ડિયન્સ તરફથી રમતી વખતે પીઠની ઈજામાંથી સ્વસ્થ થયા બાદ હાર્દિક પંડ્યાએ તાજેતરમાં ફિટનેસ ક્લિયરન્સ મેળવવા માટે બેંગલુરુમાં BCCIના સેન્ટર ઓફ એક્સેલન્સ (CoE)ની મુલાકાત લીધી હતી. જોકે, ફિટનેસ તપાસ દરમિયાન, લો-ગ્રેડ ક્વાડ્રિસેપ્સ સ્ટ્રેન મળી આવ્યું હતું, જેના કારણે તેને અફઘાનિસ્તાન સામેની આગામી ODI શ્રેણીમાંથી બહાર કકવામાં આવ્યો હતો.

મેડિકલ ટીમ હવે તેની રિકવરી પર નજર રાખશે અને તેના મેદાનમાં પાછા ફરવામાં લગભગ ત્રણ અઠવાડિયા લાગવાની ધારણા છે. એવું અનુમાન છે કે CoE ખાતે મૂલ્યાંકન દરમિયાન ૧૦ ઓવરનો સંપૂર્ણ ક્વોટા બોલિંગ કરતી વખતે આ નવી ઈજા થઈ છે.

હાર્દિકની ગેરહાજરી ભારતીય ટીમના સંતુલન માટે એક મોટો ફટકો માનવામાં આવે છે. તે માત્ર મિડલ ઓર્ડરમાં વિસ્ફોટક બેટિંગ જ નહીં પરંતુ નવા બોલ સાથે અને મિડલ ઓવરો દરમિયાન ઉપયોગી ફાસ્ટ-બોલિંગ વિકલ્પ પણ આપે છે. તેની ગેરહાજરીમાં ટીમ મેનેજમેન્ટને ઓલરાઉન્ડર વિભાગમાં નવા સંયોજન પર વિચાર કરવો પડી શકે છે.

ભારતીય ટીમ શુભમન ગિલના નેતૃત્વમાં અફઘાનિસ્તાન સામે ODIશ્રેણી રમશે. ટીમમાં રોહિત શર્મા, યશસ્વી જયસ્વાલ, શ્રેયસ ઐયર, કેએલ રાહુલ અને ઈશાન કિશન જેવા બેટ્સમેનોનો સમાવેશ થાય છે. ઓલરાઉન્ડર વિભાગમાં નીતિશ કુમાર રેડ્ડી, વોશિંગ્ટન સુંદર અને હર્ષ દુબેને વધારાની જવાબદારી નિભાવવી પડી શકે છે. ભારત અને અફઘાનિસ્તાન વચ્ચેની પ્રથમ ODI૧૩ જૂને ધર્મશાળામાં રમાશે. ત્યારબાદ ૧૭ જૂને લખનૌમાં બીજી મેચ અને ૨૦ જૂને ચેન્નાઈમાં ત્રીજી અને અંતિમ ODI રમાશે. IPLની આ સિઝન દરમિયાન હાર્દિક પંડ્યાને ફિટનેસ સમસ્યાઓનો સામનો કરવો પડ્યો હતો. તે મુંબઈ ઈન્ડિયન્સ માટે કેટલીક મેચો રમી શક્યો ન હતો, જોકે તે ૨૪ મેના રોજ રાજસ્થાન રોયલ્સ સામેની ટીમની અંતિમ મેચમાં પાછો ફર્યો હતો.

### શત્રુઘ્ન અને યુસુફ પઠાનનો પણ બળવો

# TMCમાં મોટી ઉથલપાથલ, સસ્પેન્સ બાદ બળવાખોર ૧૯ સાંસદના નામ આવ્યા સામે

### આ અહેવાલે પશ્ચિમ બંગાળ અને દિલ્હીના રાજકારણમાં ભારે સસ્પેન્સ અને ઉત્તેજના વધારી દીધી છે

(સંપૂર્ણ સમાચાર સેવા)

**કોલકાતા, તા.૧૦**

પશ્ચિમ બંગાળના સત્તાધારી પક્ષ તૃણમૂલ કોંગ્રેસ (TMC)માં ચાલી રહેલી રાજકીય ઉથલપાથલ વચ્ચે એક અત્યંત ચોંકાવનારા સમાચાર સામે આવ્યા છે. મમતા બેનર્જી સામે બગાવત કરનારા ટીએમસીના ૧૯ લોકસભા સાંસદોની સત્તાવાર યાદી સાર્વજનિક થઈ ગઈ છે.

આ યાદીમાં બોલિવૂડના દિગ્ગજ અભિનેતા અને રાજનેતા શત્રુઘ્ન સિન્હા તેમજ ભારતીય ટીમના પૂર્વ સ્ટાર ક્રિકેટર યુસુફ પઠાન જેવા મોટા અને હાઈપ્રોફાઈલ નામો સામેલ છે. આ અહેવાલે પશ્ચિમ બંગાળ અને દિલ્હીના રાજકારણમાં ભારે સસ્પેન્સ અને ઉત્તેજના વધારી દીધી છે.

મળતી વિગતો અનુસાર, પક્ષના ધારાસભ્યો બાદ હવે ખૂબ જ મોટી સંખ્યામાં ટીએમસીના લોકસભા સાંસદો પણ મમતા બેનર્જીના નેતૃત્વ સામે બળવાખોર બન્યા છે. આ તમામ ૧૯ સાંસદોએ સંસદમાં પોતાનું એક અલગ સંસદીય જૂથ બનાવવા માટે લોકસભા સ્પીકર ઓમ બિરલાને સહીઓ સાથેનો સત્તાવાર પત્ર સોંપ્યો હોવાનો દાવો કરવામાં આવ્યો છે. જો કે, આ મામલે તૃણમૂલ કોંગ્રેસના મોવડીમંડળ કે મમતા બેનર્જી જૂથ તરફથી હજુ સુધી કોઈ સત્તાવાર પુષ્ટિ કે વિગતવાર પ્રતિક્રિયા આપવામાં આવી નથી.

તૃણમૂલ કોંગ્રેસ (TMC) ના આ ૧૯ સાંસદો બન્યા બળવાખોરઃ સામે આવેલી સત્તાવાર યાદી મુજબ, મમતા બેનર્જીની ચિંતા વધારનારા અને એનડીએ (NDA) તરફ ઝુકાવ ધરાવતા ટીએમસીના બળવાખોર સાંસદો અને તેમના મતવિસ્તારની વિગતો નીચે મુજબ છેઃ

કાકોલી ઘોષ દસ્તીદાર (બારાસાત), જગદીશ ચંદ્ર બસુનિયા (કૂચબિહાર), ખલીલુર રહેમાન (જંગીપુર), યુસુફ પઠાન (બહરામપુર), અબુ તાહિર ખાન (મુર્શિદાબાદ), પાર્થ ભૌમિક (બેરકપુર), બાપી હલદાર (મથુરાપુર), સાયોની ઘોષ (જાદવપુર), માલા રોય (કોલકાતા દક્ષિણ), મિતાલી બાગ (આરામબાગ), દીપક અધિકારી - દેવ (ઘાટાલ), કાલીપદ સોરેન (ઝાડગ્રામ), જૂન માલિયા (મેદિનીપુર), અરૂપ ચક્રવર્તી (બાંકુડા), ડો.શર્મિલા સરકાર (વર્ધમાન પૂર્વ), શત્રુઘ્ન સિન્હા (આસનસોલ), અસિત કુમાર માલ (બોલપુર), શતાબ્દી રોય (બીરભૂમ), રચના બેનર્જી (હુગલી).

જો આ બળવાખોર સાંસદોનો દાવો સો ટકા સાચો સાબિત થશે, તો તે ટીએમસીના ઈતિહાસનો સૌથી મોટો અને ન ભરી શકાય તેવો રાજકીય ફટકો હશે.

સંસદીય નિયમો મુજબ, ટીએમસીના કુલ ૨૮ લોકસભા સાંસદોમાંથી બે-તૃતીયાંશ (૨/૩) એટલે કે ઓછામાં ઓછા ૧૯ સાંસદો એકસાથે અલગ જૂથ બનાવે તો જ, તેમનું સભ્યપદ બચી શકે છે. આ યાદીમાં બરાબર ૧૯ સાંસદોના નામ હોવાથી તેઓ કાયદાકીય રીતે સુરક્ષિત થઈ શકે છે.

હાલમાં સમગ્ર દેશની નજર આ યાદીમાં સામેલ સાંસદોની વ્યક્તિગત પ્રતિક્રિયાઓ અને મમતા બેનર્જીના આગામી રાજકીય પગલાં પર ટકેલી છે.

## ટીએમસીને કોંગ્રેસમાં ભેળવી દોઃ સોનિયા ગાંધી

### સોનિયા ગાંધીએ મમતા બેનર્જીને બદલામાં કોંગ્રેસમાં રાષ્ટ્રીય ઉપાધ્યક્ષનું પદ આપવાની વાત કહેવામાં આવી

(સંપૂર્ણ સમાચાર સેવા)

**કોલકાતા, તા.૧૦**

પશ્ચિમ બંગાળના રાજકારણમાં હાલ એક મોટો વળાંક આવતો જોવા મળી રહ્યો છે. વિધાનસભા ચૂંટણીમાં મળેલી કારમી હાર બાદ તૃણમૂલ કોંગ્રેસ (ટીએમસી) માં મોટા પાયે ભંગાણ સર્જાયું છે અને પાર્ટી પતનની અણી પર છે. આ કટોકટીના સમયમાં સોનિયા ગાંધીએ મમતા બેનર્જીને એક મોટી ઓફર આપી છે. સોનિયા ગાંધીએ મમતાને પોતાની પાર્ટી ટીએમસીને કોંગ્રેસમાં વિલય કરી દેવાનો પ્રસ્તાવ મૂક્યો છે, જેના બદલામાં તેમને કોંગ્રેસમાં રાષ્ટ્રીય ઉપાધ્યક્ષનું પદ આપવાની વાત કહેવામાં આવી છે. એટલું જ નહીં, તેમના ભત્રીજા અભિષેક બેનર્જી માટે પણ પાર્ટીમાં મોટા પદની ઓફર કરવામાં આવી છે.

સૂત્રોના જણાવ્યા અનુસાર, સોનિયા ગાંધીએ જાતે મમતા બેનર્જીને ફોન કરીને આ ઓફર આપી છે. તેમણે સલાહ આપી છે કે ભાજપના સતત થઈ રહેલા રાજકીય હુમલાઓથી બચવા માટે ટીએમસીનું કોંગ્રેસમાં જોડાણ કરવું એ જ શ્રેષ્ઠ રસ્તો છે. જો આમ નહીં થાય તો ભાજપ તેમને આમ આદમી પાર્ટી (આપ) ની જેમ જ હેરાન કરશે. આ ડીલ મુજબ મમતાને રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ પદ અપાશે, જ્યારે તેમના ભત્રીજા અને સાંસદ અભિષેક બેનર્જીને કોંગ્રેસમાં રાષ્ટ્રીય મહાસચિવ બનાવવામાં આવશે. એવી પણ માહિતી મળી છે કે મમતા બેનર્જીએ આ પ્રસ્તાવ પર વિચાર કરવા અને અંતિમ નિર્ણય લેવા માટે થોડા દિવસોનો સમય માંગ્યો છે. ઉલ્લેખનીય છે કે, બંગાળમાં પાર્ટીની અંદર આંતરિક ખેંચતાણ ચરમસીમાએ છે. પાર્ટીના ઘણા નેતાઓ હવે ખુલ્લેઆમ અભિષેક બેનર્જીની વિરુદ્ધ થઈ ગયા છે, જેનાથી મમતા બેનર્જી માટે સ્થિતિ અત્યંત કપરી બની ગઈ છે. મમતા બેનર્જીના ૮૦ ધારાસભ્યોમાંથી ૫૮ ધારાસભ્યોએ બળવો કરીને પોતાનું અલગ જૂથ બનાવી લીધું છે. આટલું જ નહીં, દિલ્હીમાં પણ પાર્ટીના લગભગ ૨૦ જેટલા સાંસદો ટીએમસીથી અલગ થઈ ગયા છે.

આ તમામ રાજકીય ઘટનાક્રમ વચ્ચે આજે દિલ્હીમાં ૧૦ જનપથ ખાતે રાહુલ ગાંધી અને અભિષેક બેનર્જી વચ્ચે એક મહત્વની મુલાકાત પણ યોજાઈ હતી. બંને નેતાઓ વચ્ચે લગભગ દોઢ કલાક સુધી મેરેથોન બેઠક ચાલી હતી. સૂત્રોના મતે, આ બેઠક ઘણી ફળદાયી રહી હતી અને તેમાં વર્તમાન રાજકીય પરિસ્થિતિ તેમજ બંગાળની તાજેતરની ચૂંટણીઓ અંગે ગહન ચર્ચા કરવામાં આવી હતી.

સોનિયા ગાંધીની આ ડીલ અને દિલ્હીમાં ચાલી રહેલી રાજકીય હિલચાલ વચ્ચે કોંગ્રેસ પાર્ટીએ પણ એક મોટી બેઠક બોલાવી છે. કોંગ્રેસના નેતા કેસી વેણુગોપાલે જાહેરાત કરી છે કે, ૧૧ જૂને ઈન્દિરા ભવન ખાતે એઆઈસીસી (AICC) ના મહાસચિવો, પ્રભારીઓ અને પ્રદેશ કોંગ્રેસ સમિતિઓના પ્રમુખોની એક અગત્યની બેઠક યોજાશે. આ બેઠકની અધ્યક્ષતા કોંગ્રેસના રાષ્ટ્રીય પ્રમુખ મલ્લિકાર્જુન ખડગે કરશે.

### ભાજપ સરકારનો મહત્ત્વનો નિર્ણય

## મધ્ય પ્રદેશમાં સરકારી નોકરીમાં બે બાળકોની મર્યાદા ખતમ

(સંપૂર્ણ સમાચાર સેવા)

**ભોપાલ, તા.૧૦**

મધ્ય પ્રદેશમાં સરકારી કર્મચારીઓ અને તેના માટે લાયક ઉમેદવારો માટે મોટા ગૂડ ન્યૂઝ છે. હવે તેમણે બે બાળકોના નિયમનું પાલન નહીં કરવું પડશે. મુખ્યમંત્રી મોહન યાદવે ગુરુવારે આ નવા પ્રસ્તાવને પાછો ખેંચવાના આદેશ સાથે જૂના નિયમોને પણ ખતમ કરવા માટે કહ્યું છે. મુખ્યમંત્રી યાદવે સૂચિત સિવિલ સર્વિસીસ રૂલ્સના ડ્રાફ્ટમાંથી એ નિયમ હટાવવાનો આદેશ આપ્યો છે, જે અંતર્ગત સરકારી નોકરીઓ માટે મહત્તમ બે બાળકોની મર્યાદા નક્કી કરવાની જોગવાઈ કરવામાં આવી હતી.

મુખ્યમંત્રી મોહન યાદવે સત્તાવાર પોર્ટલ પરથી આ ડ્રાફ્ટને તાત્કાલિક હટાવવા માટે કહ્યું છે. જોકે, આ નિયમ રાજ્યમાં ઘણો જૂનો છે. વર્ષ ૨૦૦૧માં સામાન્ય વહીવટ વિભાગ દ્વારા આ જોગવાઈ લાગુ કરવામાં આવી હતી. જે અંતર્ગત, બે કરતાં વધુ જીવિત બાળકો ધરાવતાં ઉમેદવારોને સીધી ભરતી કે સરકારી વિભાગોમાં નિમણૂક માટે અયોગ્ય જાહેર કરવામાં આવતા હતા.

મધ્યપ્રદેશમાં વર્ષ ૨૦૦૧માં લાગુ કરવામાં આવેલા નિયમ પ્રમાણે ૨૬ જાન્યુઆરી ૨૦૦1 પછી બે કરતાં વધુ જીવિત બાળકો ધરાવતા લોકો સરકારી નોકરી માટે પાત્ર ગણાતા નહોતા. આ ઉપરાંત એમપી સિવિલ સર્વિસીસ (કન્ડક્ટ) રૂલ્સ ૧૯૬૫ હેઠળ બે કરતાં વધુ બાળકો હોવા એ સરકારી કર્મચારીઓ માટે કદાચાર માનવામાં આવતું હતું.

મુખ્યમંત્રી મોહન યાદવે આ મુદ્દા પર અત્યાર સુધીના તમામ નિયમોને હટાવવાનો આદેશ આપ્યો છે. આ સાથે જ તેમણે આ અંગેનો એક નવો ડ્રાફ્ટ તૈયાર કરવા આદેશ આપ્યો છે.

વાસ્તવમાં મધ્ય પ્રદેશમાં સેવાની સામાન્ય શરતોના નિયમો ૨૦૨૬નો એક ડ્રાફ્ટ તૈયાર કરવામાં આવ્યો હતો અને તેના પર સામાન્ય જનતા પાસેથી ૧૫ જૂન સુધી સૂચનો માગવામાં આવ્યા હતા. આ ડ્રાફ્ટમાં લાવવામાં આવેલા કેટલાક નવા નિયમોની સાથે બાળકોની મર્યાદાવાળા જૂના નિયમને પણ સામેલ કરવામાં આવ્યો હતો. પરંતુ હવે મોહન યાદવ સરકારે તેને ખતમ કરવાનો આદેશ આપી દીધો છે.

## H-1B વિઝાની ૧ લાખ ડોલરની ફી રદ કરવાના ચુકાદાને ભારતીયોએ આવકાર્યો

(સંપૂર્ણ સમાચાર સેવા)

**વોશિંગ્ટન, તા.૧૦**

રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા એચ૧-બી વિઝા પ્રોગ્રામ પર લાદવામાં આવેલી એક લાખ ડોલરની ફીને ગેરકાયદે ગણાવી રદ કરવાના અમેરિકાની સંઘીય કોર્ટના ચુકાદાથી ભારત સહિત વિશ્વભરના ટેક્નોલોજી પ્રોફેશલ્સમાં આનંદ છવાઈ ગયો છે.

કોર્ટના ચુકાદાને મોટી રાહત ગણાવતાં ફાઉન્ડેશન ફોર ઈન્ડિયા એન્ડ ઈન્ડિયા ડાયસ્પોરા સ્ટડીઝ (એફઆઈઆઈડીએસ) ના ખાંડેરાવ કાંડે જણાવ્યું હતું કે, એચ૧-બી વિઝા પરની એક લાખ ડોલરની ફી રદ કરવાના માસાચુસેટ્સ ફેડરલ કોર્ટના ચુકાદાને અમે આવકારીએ છીએ. આ ચુકાદાથી એચ૧-બી વિઝા સાથે સંકળાયેલા તમામ લોકોને મોટી રાહત થશે. તેમના મતે ટેક્નોલોજી, રિસર્ચ તથા ઉદ્યોગસાહસિકતા જેવા ક્ષેત્રોની વૈશ્વિક સ્પર્ધામાં અમેરિકાને અગ્રેસર રાખવામાં આ ચુકાદો મહત્વનો પુરવાર થશે. ટેક્નોલોજી, આરોગ્ય વ્યવસ્થા તથા આધુનિક ઉત્પાદન સહિતના અમેરિકાના તમામ ક્ષેત્રોના સતત વિકાસ માટે ઉચ્ચ કૌશલ્ય ધરાવતાં પ્રતિભાશાળી વૈશ્વિક પ્રોફેશ્નલ્સની ઉપલબ્ધિ જરૂરી છે. આ ચુકાદાએ એ પુરવાર કર્યું છે કે, નીતિને લગતાં મોટાં ફેરફારો કાયદાની મર્યાદામાં રહીને તથા આર્થિક વાસ્તવિકતાઓને ધ્યાનમાં રાખીને કરવા જોઈએ.

## વૈશ્વિક સોલાર માર્કેટમાં ગુજરાતની અદાણી સોલારનો ડંકોઃ દુનિયામાં છઠ્ઠું અને ભારતમાં પ્રથમ સ્થાન મેળવ્યું





**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**

**અમદાવાદ, તા.૧૦**

ગુજરાતની અદાણી ગ્રુપની કંપની 'અદાણી સોલાર' (Adani Solar) વૈશ્વિક સ્તરે મોટું ગૌરવ મેળવ્યું છે. ઉર્જા ક્ષેત્રની પ્રતિષ્ઠિત સંશોધન સંસ્થા વૂડ મેકેન્ઝી (Wood Mackenzie) દ્વારા વર્ષ ૨૦૨૬ માટે જાહેર કરાયેલા વૈશ્વિક સોલાર મોડ્યુલ ઉત્પાદકોના રેન્કિંગમાં અદાણી સોલાર દુનિયામાં છઠ્ઠા ક્રમે આવી છે.

ઊર્જા સંશોધન અને કન્સલ્ટન્સી ફર્મ વૂડ મેકેન્ઝી દ્વારા બહાર પાડવામાં આવેલા અહેવાલ મુજબ, કંપનીએ અગાઉના રેન્કિંગમાં આઠમા સ્થાનેથી સુધારો કર્યો છે અને તે વૈશ્વિક ટોપ ૧૦માં સ્થાન મેળવનારી એકમાત્ર ભારતીય ઉત્પાદક કંપની છે.

વૂડ મેકેન્ઝીએ દુનિયાભરના ૪૮ અગ્રણી મોડ્યુલ ઉત્પાદકોની નાણાકીય સ્થિતિ, આધુનિક ટેક્નોલોજી, કાચા માલની સપ્લાય ચેઈન અને કામગીરીની મજબૂતાઈના આધારે મૂલ્યાંકન કર્યું હતું. આ પરીક્ષણમાં અદાણી સોલારને શ્રેષ્ઠ પ્રદર્શન માટે 'ગ્રેડ એ' (Grade A) રેટિંગ આપવામાં આવ્યું હતું. આ ઉપરાંત કંપનીને બ્લૂમબર્ગ તરફથી પણ ટિયર-૧ (Tier-1) રેટિંગ મળેલું છે.

ગુજરાત માટે સૌથી ગર્વની વાત એ છે કે અદાણી સોલાર તેના કચ્છના મુંદ્રા ખાતે આવેલા પ્લાન્ટનો રેકોર્ડબ્રેક વિકાસ કરી રહી છે. કંપની આ સંકલિત પ્લાન્ટની વાર્ષિક ઉત્પાદન ક્ષમતા વધારીને ૧૦ ગીગાવોટ (GW) કરવાના અંતિમ તબક્કામાં છે. આ પ્લાન્ટની વિશેષતા એ છે કે સોલાર પેનલ બનાવવા માટેના ઈન્ગોટ્સ અને વેફર્સથી લઈને ફિનિશ્ડ મોડ્યુલ સુધીનું આખું ઉત્પાદન એક જ જગ્યાએ થાય છે.

આ સિદ્ધિ ભારત સરકારના 'મેક ઈન ઈન્ડિયા' અને આત્મનિર્ભર ભારતના સપનાને વેગ આપે છે. દેશની સોલાર મોડ્યુલ ઉત્પાદન ક્ષમતા વર્ષ ૨૦૧૪માં માત્ર ૨.૫ ગીગાવોટ (GW) હતી, જે આજે વર્ષ ૨૦૨૬માં વધીને ૧૭૦ ગીગાવોટથી વધુ થઈ ગઈ છે. સોલાર ક્ષેત્રે ભારત હવે અમેરિકાને પાછળ છોડીને દુનિયાનું બીજા નંબરનું સૌથી ઝડપથી વિકસતું માર્કેટ બની ગયું છે.

ભારત વિશ્વના સૌથી ઝડપથી વિકસતા સોલાર બજારોમાંનું એક બની ગયું છે, જેણે ૨૦૨૫માં વાર્ષિક સોલાર ક્ષમતાના ઉમેરામાં યુનાઈટેડ સ્ટેટ્સ (અમેરિકા) ને પણ પાછળ છોડી દીધું છે. દેશે તેના સ્વચ્છ ઊર્જા અને આબોહવા લક્ષ્યોને પ્રાપ્ત કરવા માટે ૧૫૫ ગીગાવોટથી વધુ સોલાર પાવર ક્ષમતા સ્થાપિત કરી છે.

સુરક્ષા એજન્સીઓએ જરૂરી અંતિમ મંજૂરી રોકી

# એલન મસ્કને ભારતે આપ્યો ઝટકો, Starlinkની મંજૂરી પર લગાવી રોક

## ઈરાન સંઘર્ષ દરમિયાન સ્ટારલિંક ટર્મિનલ્સના કથિત ઉપયોગને લઈને ઉભી થયેલી ચિંતા વચ્ચે ભારતનો નિર્ણય

(સંપૂર્ણ સમાચાર સેવા)
**નવી દિલ્હી, તા.૧૦**

ભારતે એલન મસ્કની સેટેલાઈટ ઈન્ટરનેટ સેવા સ્ટારલિંકને ફટકો આપ્યો છે. અહેવાલો અનુસાર, સરકારે દેશમાં કોમર્શિયલ સેવાઓ શરૂ કરવા માટે સ્ટારલિંકની મંજૂરીને અસ્થાયી રૂપે રોકી દીધી છે. બ્લૂમબર્ગના અહેવાલ મુજબ, ઈરાન સંઘર્ષ દરમિયાન સ્ટારલિંક ટર્મિનલ્સના કથિત ઉપયોગને લઈને ઉભી થયેલી ચિંતા વચ્ચે ભારતે આ નિર્ણય લીધો છે. જોકે, સરકારે હજુ સુધી આ બાબતે કોઈ નિવેદન જાહેર કર્યું નથી. અહેવાલ મુજબ, ગૃહ મંત્રાલય હેઠળની સુરક્ષા એજન્સીઓએ સ્ટારલિંકના લોન્ચ માટે જરૂરી અંતિમ મંજૂરી રોકી રાખી છે.

અહેવાલોમાં દાવો કરવામાં આવ્યો છે કે ઈરાનમાં લાઈસન્સ ન મળ્યું હોવા છતાં મિડલ ઈસ્ટ યુદ્ધમાં સ્ટારલિંક ટર્મિનલ્સ ( ડિશ અને રિસીવર કરતું ડિવાઈસ, જેનાથી સેટેલાઈટ ઈન્ટરનેટ ચાલે છે)નો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે. જેનાથી ભારત સરકારમાં ચિંતા વધી રહી છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, સરકાર મૂલ્યાંકન કરી રહી છે કે શું કંપની વિદેશી સરકારોના દબાણ અને માંગણીઓ છતાં ભારતની સુરક્ષા જરૂરિયાતોનું પાલન સુનિશ્ચિત કરી શકે છે.

આ SpaceX માટે એક મહત્વપૂર્ણ સમયે આવ્યો છે, જે Nasdaq પર લિસ્ટિંગ દ્વારા ઈતિહાસમાં સૌથી મોટો આઈપીઓ ઓફર કરવા જઈ રહી છે. જેનું મૂલ્ય આશરે $1.75 ટ્રિલિયન છે. અહેવાલો અનુસાર, સ્ટારલિંક કંપનીનો આવકનો મુખ્ય સ્રોત છે. તેથી ભારત જેવા વિશાળ બજારમાં નિયમનકારી અવરોધો અને મંજૂરીમાં વિલંબ કંપની માટે એક મહત્વપૂર્ણ પડકાર ઉભો કરી શકે છે.

અહેવાલો અનુસાર, સ્ટારલિંકને લગભગ એક વર્ષ પહેલા ભારતમાં GMPCS લાઈસન્સ મળ્યું હતું, પરંતુ હજુ સુધી સુરક્ષા એજન્સીઓ તરફથી અંતિમ સુરક્ષા મંજૂરી મળી નથી. આ લાઈસન્સ કંપનીને સેવા લોન્ચ માટે તૈયારી કરવાની અને વ્યવસાય કરારોમાં પ્રવેશવાની મંજૂરી આપે છે પરંતુ તે હજુ પણ ગ્રાહકોને ઈન્ટરનેટ સેવાઓ પ્રદાન કરવાનું શરૂ કરવા માટે અંતિમ મંજૂરીની રાહ જોઈ રહ્યું છે. સ્ટારલિંકે અધિકારીઓને તેની સુરક્ષા વ્યવસ્થા બતાવી છે. પરંતુ સરકાર હજુ પણ ચોક્કસ મુદ્દાઓ અને વધારાના સુરક્ષા પગલાંની વિગતો પર વધુ સ્પષ્ટતા માંગી રહી છે.

અહેવાલ મુજબ, સ્ટારલિંકની સુરક્ષા મંજૂરી ત્યાં સુધી રોકેલી રહેશે જ્યાં સુધી તે સ્પષ્ટ ન કરે કે તે એક અમેરિકન કંપની હોવા છતાં અને વૈશ્વિક સ્તરે કાર્યરત હોવા છતાં ભારતના સુરક્ષા નિયમોનું સંપૂર્ણ પાલન કેવી રીતે સુનિશ્ચિત કરશે.

અહેવાલો અનુસાર, સ્ટારલિંકની મંજૂરીમાં વિલંબથી ભારતમાં સેટેલાઈટ સંચાર સેવાઓ માટે સ્પેક્ટ્રમ ફાળવણી પ્રક્રિયા પર પણ અસર પડી છે. ટેલિકોમ્યુનિકેશન વિભાગે જરૂરી માળખું તૈયાર કર્યું છે, પરંતુ તેને હજુ સુધી કેન્દ્રીય મંત્રીમંડળ સમક્ષ મંજૂરી માટે રજૂ કરવામાં આવ્યું નથી.

# જમ્મુ-કાશ્મીરના ઉરીમાં LoC નજીક બ્લાસ્ટ થયો : ભારતીય સૈન્યના બે જવાન શહીદ

(સંપૂર્ણ સમાચાર સેવા)
**જમ્મુ, તા.૧૦**

જમ્મુ-કાશ્મીરના ઉરી સેક્ટરમાં લાઈન ઓફ કન્ટ્રોલ (LoC) નજીક એક અત્યંત દુઃખદ ઘટના સામે આવી છે. મંગળવારે મોડી સાંજે ઉરીના કમલકોટ વિસ્તારમાં લાઈન ઓફ કન્ટ્રોલ પાસે અચાનક થયેલા એક જોરદાર બ્લાસ્ટમાં ભારતીય સેનાના બે જવાન ગંભીર રીતે ઘાયલ થયા હતા અને ત્યારબાદ સારવાર દરમિયાન તેમણે દમ તોડી દીધો હતો.

આ અકસ્માત તે સમયે થયો જ્યારે બંને બહાદુર જવાનો સરહદ પર પોતાની ફરજ બજાવી રહ્યા હતા. વિસ્ફોટ એટલો ભયાનક હતો કે જવાનોને બચાવવાની તમામ કોશિશો નિષ્ફળ નીવડી હતી. આ આકસ્મિક ઘટનાને પગલે સમગ્ર દેશ સહિત શહીદ જવાનોના પરિવારમાં શોકનું મોજું ફરી વળ્યું છે.

દેશની રક્ષા કાજે પોતાનું સર્વોચ્ચ બલિદાન આપનારા આ બંને વીર જવાનો મહારાષ્ટ્રના વતની હતા. શહીદ જવાનોની ઓળખ ચવ્હાણ વિક્રમ બાલકૃષ્ણ અને અર્જુન જાધવ રાજેન્દ્ર તરીકે થઈ છે. જેમાં વિક્રમ બાલકૃષ્ણ મહારાષ્ટ્રના ઐરોલીના રહેવાસી હતા, જ્યારે અર્જુન જાધવ રાજેન્દ્ર મહારાષ્ટ્રના સતારા જિલ્લાના કરાડ તાલુકાના શાહપુર ગામના વતની હતા. માતૃભૂમિની સેવા કાજે આપેલા આ સર્વોચ્ચ બલિદાનને રાષ્ટ્ર હંમેશા આદરપૂર્વક યાદ રાખશે.

સત્તાવાર સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ, કમલકોટ સેક્ટરમાં વિસ્ફોટ થયા બાદ તરત જ બંને જવાનોને અત્યંત ગંભીર હાલતમાં એરલિફ્ટ કરીને શ્રીનગરના બાદામીબાગ સ્થિત સેનાની ૯૨ બેઝ હોસ્પિટલ ખાતે લઈ જવામાં આવ્યા હતા. ત્યાં હાજર મિલિટરી ડૉક્ટરોની ટીમે તેમને બચાવવા માટે તમામ શક્ય પ્રયાસો કર્યા હતા. જોકે, બંને જવાનોને ગંભીર ઈજાઓ પહોંચી હોવાના કારણે તમામ તબીબી પ્રયત્નો છતાં તેમને બચાવી શકાયા નહોતા અને સારવાર દરમિયાન જ તેઓ વીરગતિ પામ્યા હતા.

આ આકસ્મિક વિસ્ફોટ LoCના અત્યંત સંવેદનશીલ એવા કમલકોટ વિસ્તારમાં થયો હતો. લાઈન ઓફ કન્ટ્રોલ પર આવેલા આવા ફોરવર્ડ લોકેશન્સ પર અવારનવાર જૂની લેન્ડમાઈન્સ (બારૂદી સુરંગો) અથવા વણવપરાયેલા લશ્કરી દારૂગોળાના કારણે મોટો ખતરો બનેલો રહે છે. આ બ્લાસ્ટ કયા પ્રકારનો હતો અને તેની પાછળનું સચોટ કારણ શું હતું, તે જાણવા માટે સેનાના ઉચ્ચ અધિકારીઓ દ્વારા વિસ્તૃત તપાસ શરૂ કરી દેવામાં આવી છે. સરહદ પર દેશની રક્ષા કરતા સૈનિકો માટે આવા જોખમો હંમેશા એક મોટો પડકાર રહ્યા છે.

# અફઘાનિસ્તાનમાં ઘૂસી પાકિસ્તાને કરી એર સ્ટ્રાઇક

## ૧૧ માસૂમ સહિત ૧૩ના મોતથી ભારે આક્રોશ



(સંપૂર્ણ સમાચાર સેવા)
**ઈસ્લામાબાદ, તા.૧૦**

પાકિસ્તાન અને અફઘાનિસ્તાન વચ્ચેના સંબંધોમાં વ્યાપેલો તણાવ હવે ચરમસીમાએ પહોંચી ગયો છે. પાકિસ્તાની સેનાએ અફઘાનિસ્તાનની સાર્વભૌમત્વનું સરેઆમ ઉલ્લંઘન કરીને તેના સરહદી વિસ્તારોમાં ભયાનક હવાઈ હુમલો (એરસ્ટ્રાઈક) કર્યો છે. અફઘાન સરકારના પ્રવક્તા ઝબીઉલ્લાહ મુજાહિદ દ્વારા જારી કરાયેલા સત્તાવાર નિવેદન અનુસાર, પાકિસ્તાની વાયુસેનાના લડાકુ વિમાનોએ ગઈકાલે રાત્રે અફઘાનિસ્તાનની અંદર ઘૂસીને અંધાધૂંધ બોમ્બમારો કર્યો હતો, જેમાં મહિલાઓ અને બાળકો સહિત અનેક સામાન્ય નાગરિકો ભોગ બન્યા છે.

પ્રવક્તાએ જણાવ્યું કે, પાકિસ્તાની યુદ્ધ વિમાનોએ અફઘાનિસ્તાનના ત્રણ મુખ્ય પ્રાંતો - કૂનાર, ખોસ્ત અને પક્તિકાના રહેણાંક વિસ્તારોને ખાસ નિશાન બનાવ્યા હતા. આ વિસ્તારોમાં રહેતા સામાન્ય નાગરિકોના ઘરો પર બોમ્બ ફેંકવામાં આવ્યા હતા, જેના કારણે અનેક મકાનો સંપૂર્ણપણે જમીનદોસ્ત થઈ ગયા છે. આ કાયરતાપૂર્ણ હુમલામાં જાનમાલનું પ્રચંડ નુકસાન થયું છે. કુલ ૧૩ નાગરિકોના મોત નીપજ્યા છે, જેમને અફઘાન પ્રશાસન દ્વારા શહીદ જાહેર કરવામાં આવ્યા છે. સૌથી વધુ હૃદયદ્રાવક બાબત એ છે કે મૃતકોમાં માસૂમ બાળકોની સંખ્યા સૌથી વધારે છે; જેમાં ૧૧ બાળકો, એક મહિલા અને એક વૃદ્ધ વ્યક્તિનો સમાવેશ થાય છે. આ ઉપરાંત, ૧૪ થી વધુ લોકો ગંભીર રીતે ઘાયલ થયા છે, જેમને સારવાર માટે નજીકની હોસ્પિટલોમાં ખસેડવામાં આવ્યા છે, જ્યાં હજુ પણ કેટલાય લોકો જિંદગી અને મોત વચ્ચે ઝોલા ખાતા હોવાથી મૃત્યુઆંક વધવાની આશંકા છે. આ પાકિસ્તાની સૈન્ય કાર્યવાહી બાદ અફઘાનિસ્તાનની તાલિબાન સરકારનો ગુસ્સો ફાટી નીકળ્યો છે. પ્રવક્તા ઝબીઉલ્લાહ મુજાહિદે પાકિસ્તાનની આ હિલચાલને આકરા શબ્દોમાં વખોડી કાઢી છે. તેમણે પોતાના નિવેદનમાં જણાવ્યું કે, "અમે આ અમાનવીય અપરાધ અને ઘાતકી હુમલાની સખત શબ્દોમાં નિંદા કરીએ છીએ". અફઘાનિસ્તાને આ હુમલાને આંતરરાષ્ટ્રીય કાયદાઓનું ઘોર ઉલ્લંઘન અને સામાન્ય નાગરિકો વિરૂદ્ધ આચરવામાં આવેલો ક્રૂર ગુનો ગણાવ્યો છે, જેના કારણે બંને પાડોશી દેશો વચ્ચે આગામી સમયમાં સૈન્ય અથડામણ વધવાના એંધાણ મળી રહ્યા છે.

# કેનેડાના પાઈલટ પર ગંભીર આરોપ : ફેક લાયસન્સના સહારે ૧૬ વર્ષ સુધી ૯૦૦ ફલાઈટો ઉડાવી

(સંપૂર્ણ સમાચાર સેવા)
**કેનેડા, તા.૧૦**

જો કોઈ વ્યક્તિ કાર ચલાવવા માટે વેલિડ ડ્રાઈવિંગ લાયસન્સ વિના પકડાય જાય, તો તેને ભારે દંડ અને કાનૂની કાર્યવાહીનો સામનો કરવો પડી શકે છે. પરંતુ કેનેડામાં સામે આવેલો એક કિસ્સો આના કરતાં ક્યાંય આગળનો છે.

પોલીસના જણાવ્યા પ્રમાણે એર કેનેડાના પૂર્વ કેપ્ટન ૫૯ વર્ષીય જ્યોફ્રી વૉલે લગભગ ૧૬ વર્ષ સુધી મોટા પેસેન્જર વિમાનો ઉડાવ્યા, જ્યારે કે તેની પાસે તે પદ માટે અનિવાર્ય એવું એરલાઈન ટ્રાન્સપોર્ટ પાઈલટ લાયસન્સ (ATPL) હતું જ નહીં.


પીલ રિઝનલ પોલીસે "પ્રોજેક્ટ ઈકારસ" નામના ઓપરેશન હેઠળ તપાસ હાથ ધર્યા બાદ ૧ જૂનના રોજ વૉલની ધરપકડ કરવામાં આવી છે. તપાસકર્તાઓનું કહેવું છે કે વૉલે વર્ષ ૧૯૯૮માં એવિએશન ક્ષેત્રે પોતાના કરિયરની શરૂઆત કરી હતી અને ૨૦૦૯માં તેઓ કેપ્ટન બન્યો હતો. આ જ પદ પર નિમણૂક મેળવવા માટે ATPL જરૂરી હતું, પરંતુ આરોપ છે કે તેમણે બોગસ દસ્તાવેજોનો ઉપયોગ કરીને આ હકીકત છુપાવી હતી.

પોલીસનું કહેવું છે કે, વૉલે કથિત રીતે એર કેનેડા અને ટ્રાન્સપોર્ટ કેનેડાને બોગસ લાયસન્સ બતાવીને ગુમરાહ કર્યા હતા. એટલું જ નહીં તપાસ દરમિયાન તેમણે પોલીસને પણ ભ્રામક માહિતી આપીને ગેરમાર્ગે દોરવાનો પ્રયાસ કર્યો હતો. ૨૦૦૯થી ૨૦૨૫ વચ્ચે વૉલે ૯૦૦થી વધુ સ્થાનિક અને આંતરરાષ્ટ્રીય ફલાઈટોમાં કેપ્ટન તરીકેની જવાબદારી સંભાળી હતી. આ દરમિયાન તેણે બોઈંગ ૭૬૭, ૭૭૭ અને ૭૮૭ જેવા મોટા વિમાનો ઉડાવ્યા હતા અને હજારો મુસાફરોને તેમના ગંતવ્ય સ્થાન સુધી પહોંચાડ્યા હતા. પોલીસના જણાવ્યા પ્રમાણે આ સમયગાળા દરમિયાન તેમણે અંદાજે ૩૦ લાખ કેનેડિયન ડોલરનો પગાર પણ મેળવ્યો હતો.




ફિલ્મનો ફર્સ્ટ લૂક જાહેર કરાયો

# સની દેઓલની 'લાહોર ૧૯૪૭'નું નામ બદલીને 'બટવારા ૧૯૪૭' કરાયું




(સંપૂર્ણ સમાચાર સેવા) **મુંબઈ**

સની દેઓલે તેની ઐતિહાસિક વિષયની વધુ એક ફિલ્મનો ફર્સ્ટ લૂક જાહેર કરી દીધો છે. હવે તેનું નામ 'બટવારા ૧૯૪૭' કરવામાં આવ્યું છે, જે પહેલાં 'લાહોર ૧૯૪૭' હતું. ૯ જુને આ ફિલ્મના ફર્સ્ટ લૂક સાથે ફિલ્મની ઓફિશીયલ જાહેરાત કરવામાં આવી છે. તેમાં એક વીડિયો ટીઝરથી દેશના ભાગલા વખતની સ્થિતિની ઝલક મળે છે.

આ ફિલ્મ ૧૪ ઓગસ્ટે રિલીઝ થઈ રહી છે, આ ફિલ્મ આમિર ખાન દ્વારા પ્રોડ્યુસ કરવામાં આવી છે અને રાજકુમાર સંતોષી દ્વારા ડિરેક્ટ કરવામાં આવી છે. બોલિવૂડના તાજેતરના ઈતિહાસમાં આ સૌથી મહત્વાકાંક્ષી ફિલ્મ ગણવામાં આવી રહી છે, જેમાં ઈન્ડસ્ટ્રીના જાણીતા નામો જોડાયેલાં છે. વીડિયો ટીઝરમાં ભાગલાના સમયની હિંસા, સ્થળાંતર અને કપરી પરિસ્થિતિમાં જીવસટોસટના સંઘર્ષની ઝલક મળે છે. એક પોસ્ટરમાં સની દેઓલ હાથમાં મષાલ લઈને જોવા મળે છે અને સાથે જ તેની સાથે તે પ્રિટી ઝીંટા અને કરણ દેઓલની કાળજી લેતો પણ જોવા મળે છે. પોસ્ટર પરથી ખ્યાલ આવે છે કે તેઓ ભાગલા વખતે કોઈ મુશ્કેલ સ્થિતિમાં અનિશ્ચિતતાઓ વચ્ચે ફસાયેલા છે. અન્ય એક પોસ્ટરમાં સની દેઓલ અંધાધુંધી વચ્ચેથી દોડતો જોવા મળે છે. આ પહેલાં સની દેઓલ અને રાજકુમાર સંતોષી ઘાયલ, દામિની અને ઘાતક જેવી સફળ ફિલ્મો આપી ચુક્યા છે. તેથી તેમની આ ફિલ્મ પાસે પણ ઘણી અપેક્ષાઓ છે. આ ફિલ્મમાં લાંબા સમય પછી પ્રિટી ઝીંટા જોવા મળે છે, જે સની દેઓલ સાથે લીડ રોલમાં જોવા મળશે. તેણે આ ફિલ્મને પહેલાં તેનાં કેરિઅરની સૌથી વધુ અઘરી ફિલ્મ ગણાવી હતી. તેમનાં સિવાય આ ફિલ્મમાં શબાના આઝમી, અલી ફઝલ અને અભિમન્યુ સિંઘ પણ મહત્વના રોલમાં જોવા મળશે.

૧૪ મે ૨૦૨૭ના રોજ આ ફિલ્મ રિલીઝ થશે

# 'લગ જા ગલે'માં જાન્હવી, ટાઇગર અને લક્ષ્ય વચ્ચે લવ ટ્રાએંગલ

(સંપૂર્ણ સમાચાર સેવા) **મુંબઈ**

કરણ જોહરના ધર્મા પ્રોડક્શન્સ દ્વારા તેમની અવનારી ફિલ્મ 'લગ જા ગલે'ની રિલીઝ ડેટ ઓફિશીયલી જાહેર કરી દેવામાં આવી છે. આ ફિલ્મ રાજ મહેતા ડિરેક્ટ કરી રહ્યા છે અને તેમાં ટાઈગર શ્રોફ, જાન્હવી કપૂર અને લક્ષ્ય લીડ રોલમાં જોવા મળશે. આ ફિલ્મ ૧૪ મે, ૨૦૨૭ના રોજ રિલીઝ થશે. ૨૦૨૭ના વર્ષની ધર્માની ફિલ્મોમાંની આ એક મોટી થિએટર રિલીઝ હશે. આ ફિલ્મનો વિષય કે વાર્તા હજુ સુધી જાહેર થયા નથી. આ ફિલ્મમાં ટાઈગર અને લક્ષ્ય બંને હોવાથી ફિલ્મમાં ભરપુર એક્શન સાથે મનોરંજન હશે એવી અપેક્ષા છે.

ધર્મા પ્રોડક્શન માટે રાજ મહેતાએ આ પહેલાં ગૂડ ન્યુઝ, જુગ જુગ જીયો અને સેલ્ફી જેવી ફિલ્મો ડિરેક્ટ કરી છે. આ ફિલ્મમાં ટાઈગર શ્રોફ અને લક્ષ્ય વચ્ચે એક ડાન્સની ટક્કર પણ જોવા મળશે.

આ અંગેના અહેવાલો મુજબ આ ગીત માટે મુંબઈની મુકેશ મિલ્સમાં ડિસેમ્બર ૨૦૨૫માં એક શૂટ થયું હતું, જે ગણેશ આચાર્યએ કોરિયોગ્રાફ કર્યું છે તેમાં લગભગ ૧૦૦ ડાન્સર્ટનું વિશાળ ક્રૂ જોવા મળશે. એવા પણ અહેવાલો છે કે આ ગીતમાં બંને એક્ટર્સની અલગ અલગ ડાન્સ સ્ટાઈલની ટક્કર જોવા મળશે. ટાઈગરનો ડાન્સ તો તેની બધી ફિલ્મોમાં વખણાયો છે, આ ગીતમાં તે એનર્જેટિક એથ્લેટિક એનર્જી સાથેનાં ડાન્સમાં જોવા મળશે અને લક્ષ્યનો ડાન્સ ફ્લુઈડ અને એફર્ટલેસ હશે. આ ગીત ફિલ્મ માટે મહત્વનું હશે.

# મહાન ગાયિકા એમ.એસ. સુબ્બુલક્ષ્મીની બાયોપિક કરશે અભિનેત્રી રશ્મિકા મંદાના?

(સંપૂર્ણ સમાચાર સેવા) **મુંબઈ**

કર્ણાટક સંગીતનાં મહાન ગાયિકા એમ.એસ. સુબ્બુલક્ષ્મીના જીવન પર એક બાયોપિક ફિલ્મ બનવા જઈ રહી છે. આ અંગે સોશિયલ મીડિયા પર ઘણી ચર્ચા ચાલી રહી છે. ફિલ્મમાં મુખ્ય ભૂમિકા કોણ ભજવશે, તેને લઈને અત્યારે અલગ-અલગ માહિતી સામે આવી રહી છે.





'૧૨૩ તેલુગુ' ના જણાવ્યા અનુસાર, રશ્મિકા મંદાનાને એમ.એસ. સુબ્બુલક્ષ્મીની બાયોપિક માટે પસંદ કરવામાં આવી છે. એવું પણ કહેવામાં આવી રહ્યું છે કે તાજેતરમાં જ આ રોલ માટે તેમના ઘરે એક લુક ટેસ્ટ પણ લેવામાં આવ્યો છે. જો કે, થોડા સમય પહેલાં એવી માહિતી આવી હતી કે રશ્મિકા કે સાઈ પલ્લવીની જગ્યાએ કમિણી વસંતને આ રોલ માટે સાઈન કરવામાં આવી છે. પરંતુ સૌથી પહેલાં એવી ચર્ચા હતી કે સાઈ પલ્લવી આ પાત્ર ભજવશે અને તેમણે આ માટે કર્ણાટક સંગીત શીખવાનું પણ શરૂ કરી દીધું હતું. જો કે, ફિલ્મ મેકર્સ તરફથી હજુ સુધી કોઈ પણ નામ પર સત્તાવાર પુષ્ટિ કરવામાં આવી નથી. એમ.એસ. સુબ્બુલક્ષ્મીની બાયોપિક પર બની રહેલી આ ફિલ્મનું નિર્દેશન ગૌતમ તિન્નાનુરી કરશે. ગૌતમ તિન્નાનુરીને સુપરહિટ ફિલ્મ 'જર્સી' બનાવવા માટે ઓળખવામાં આવે છે. રશ્મિકા મંદાના આ દિવસોમાં પોતાની આગામી ફિલ્મ 'કોકટેલ ૨'ને લઈને પણ ચર્ચામાં છે. તાજેતરમાં જ આ ફિલ્મનું ટ્રેલર રિલીઝ થયું છે, જેને દર્શકોનો ભરપૂર પ્રેમ મળ્યો છે. આ માટે રશ્મિકાએ સોશિયલ મીડિયા પર પોતાનાં ફેન્સનો આભાર પણ માન્યો હતો. ફિલ્મ 'કોકટેલ ૨', ૧૯ જૂન ૨૦૨૬ના રોજ સિનેમાઘરોમાં રિલીઝ થવા જઈ રહી છે.

૧૦ વાર ફિલ્મ જોવાનો પ્લાન

# સુપર સ્ટાર રામ ચરણનો જાદુ : ફિલ્મ જોવા જાપાનથી ફેન્સ હૈદરાબાદ આવ્યા

## નવી ફિલ્મ 'પેદ્દી' જોવા માટે બે જાપાની પ્રશંસકોએ ઓફિસમાંથી પાંચ દિવસની રજા લઇ ભારત આવ્યા

(સંપૂર્ણ સમાચાર સેવા) **હૈદરાબાદ**

સાઉથ સિનેમાનાં સુપરસ્ટાર રામ ચરણનો ક્રેઝ હવે માત્ર ભારત પૂરતો સીમિત નથી રહ્યો, પરંતુ સાત સમંદર પાર જાપાન સુધી પહોંચી ગયો છે. રામ ચરણની તાજેતરમાં રિલીઝ થયેલી ફિલ્મ 'પેદ્દી'ને મોટા પડદા પર જોવા માટે તેનાં બે જાપાનીઝ ફેન્સ સીધાં ટોક્યોથી ફ્લાઈટ પકડીને હૈદરાબાદ આવી પહોંચ્યાં છે. સોશિયલ મીડિયા પર આ બંને ફેન્સનો વીડિયો હાલમાં ખૂબ વાયરલ થઈ રહ્યો છે.




માસામી અને ક્રિસ નામનાં આ બંને જાપાનીઝ પ્રશંસકોએ મીડિયા સાથેની વાતચીતમાં જણાવ્યું હતું કે, તેઓ ખાસ રામ ચરણની ફિલ્મ જોવા માટે પોતાની ઓફિસમાંથી ૫ દિવસની રજા લઈને આવ્યાં છે. ફિલ્મ રિલીઝ થવાનાં બે દિવસ પહેલાં જ તેઓ હૈદરાબાદ આવી ગયા હતા. તેમણે એવો પણ ખુલાસો કર્યો છે કે તેઓ પોતાની આ ટ્રીપ દરમિયાન 'પેદ્દી' ફિલ્મને અલગ-અલગ મલ્ટીપ્લેક્સ અને સિંગલ સ્ક્રીન થિયેટરોમાં કુલ ૧૦ વખત જોવાનાં છે, જેથી તેઓ ભારતનાં થિયેટરોનો અસલી માહોલ અને ફેન્સનો જોશ અનુભવી શકે.

હૈદરાબાદ એરપોર્ટ પર ઉતરતાની સાથે જ આ બંને જાપાનીઝ ફેન્સ ત્યાં હાજર રામ ચરણના સ્થાનિક ફેન્સની ક્લબ સાથે ઉજવણીમાં જોડાઈ ગયા હતા. વાયરલ વીડિયોમાં માસામી અને ક્રિસ અભિનેતાના પોસ્ટરો સાથે પોઝ આપતાં, રામ ચરણ માટે ચીયર્સ કરતાં અને ફિલ્મનાં લોકપ્રિય ગીતો 'રાઈ રાઈ રા રા' અને 'માસા માસા' ગાતા જોવા મળે છે. એસ.એસ. રાજામૌલીની ફિલ્મ RRRની વૈશ્વિક સફળતા બાદ જાપાનમાં રામ ચરણની લોકપ્રિયતા આસમાને છે.

અહેવાલો અનુસાર, રામ ચરણની આ નવી સ્પોર્ટ્સ ડ્રામા ફિલ્મ 'પેદ્દી' વિશ્વભરની સાથે જાપાનમાં પણ રિલીઝ થવાની હતી, પરંતુ છેલ્લી ઘડીએ કેટલીક ટેકનિકલ ખામીઓના કારણે જાપાનમાં તેની રિલીઝ કેન્સલ થઈ ગઈ હતી. જોકે, આ આંચકાથી પણ નિરાશ થયા વગર આ બંને ક્રેઝી ફેન્સે પોતાનાં મનપસંદ હીરોની ફિલ્મને રિલીઝના પહેલાં જ દિવસે જોવા માટે સીધાં હૈદરાબાદ આવવાનો નિર્ણય કરી લીધો હતો.

અત્રે ઉલ્લેખનીય છે કે, બુચી બાબુ સના દ્વારા નિર્દેશિત અને રામ ચરણ તથા જહાનવી કપૂર સ્ટારર આ ફિલ્મ ૪ જૂનના રોજ વિશ્વભરમાં રિલીઝ થઈ છે, અને તેને બોક્સ ઓફિસ પર પણ જબરદસ્ત પ્રતિસાદ મળી રહ્યો છે. વિદેશી ફેન્સનો આ પ્રેમ દર્શાવે છે કે સિનેમા અને કલાને દેશની કોઈ સરહદો નડતી નથી.





# ચીખલી પોલીસે ખૂંધ ગામે ખાડા પાસે ઘરમાંથી ૧,૫૪૨ કિલો ગ્રામ વનસ્પતિજન્ય ગાંજો કિ.રૂા.૭૭,૧૦૦/- સાથે સ્થાનિક શખ્સની કરેલી ધરપકડ

## બારડોલીના એક આરોપીને વોન્ટેડ જાહેર કરી હાથ ધરેલી વધુ તપાસ

(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)
**ચીખલી,(વંકાલ), તા.૧૦**

ચીખલી પોલીસે ખૂંધ ગામે ખાડા પાસે ઘરમાંથી ૧,૫૪૨ કિલો ગ્રામ વનસ્પતિજન્ય ગાંજો કિ.રૂા.૭૭,૧૦૦/- સાથે સ્થાનિક શખ્સની ધરપકડ કરી બારડોલીના એકને વોન્ટેડ જાહેર કરી વધુ તપાસ હાથ ધરી હતી.



બાતમીના આધારે ચીખલી પોલીસ સ્ટેશન સર્વેલન્સ સ્ટાફના હે.કો.શ્રી મહેન્દ્રભાઈ નેભાભાઈ, શ્રી વજયભાઈ દેવાયતભાઈ, શ્રી કલ્પેશ દેવજીભાઇ, પો.કો. શ્રી કલ્પેશ સાતાભાઈ, શ્રી અલ્પેશ ધરમશીભાઈ, શ્રી જયપાલસિંહ ડાભી સહિતના સ્ટાફે ચીખલી તાલુકાના ખૂંધ ગામના ખાડા વિસ્તારમાં રહેતા મહમૂદબિન આરબના ઘરની તલાસી લેતા છૂટક વેચાણ માટે વગર પાસ પરમીટે રાખેલ ૧,૫૪૨ કિલો ગ્રામ જેટલો વનસ્પતિજન્ય ગાંજો કિ.રૂ.૭૭,૧૦૦/-,ચિલમમાં લગાવવાનું ગીટક તેમજ એક મોબાઈલ ફોન મળી કુલ્લે રૂા.૮૨,૬૦૦/- ના મુદ્દામાલ સાથે મહમુદબીન મહેશબિન આરબ (ઉ.વ-૬૩) (રહે.ખૂંધ ખાડા તા.ચીખલી જી.નવસારી) ની અટક કરી પૂછપરછ હાથ ધરાતા આ ગાંજાનો જથ્થો કરણ કમલેશ રાઠોડ (રહે.આફવા ગામ નહેર ફળીયા તા.બારડોલી જી.સુરત) પાસે લાવ્યો હોવાનું બહાર આવતા પોલીસે ધી નારકોટિક્સ ડ્રગ્સ એન્ડ સાઈકોટ્રોપીક સબસ્ટનસીઝ એકટ ૧૯૮૫ની કલમ મુજબનો ગુનો નોંધી કરણ રાઠોડને પોલીસ ચોપડે વોન્ટેડ જાહેર કરી બનાવ અંગેની ફરિયાદ ચીખલી પોલીસ મથકના પીએસઆઇ શ્રી આર.એન.વાડલેએ કરતા વધુ તપાસ ખેરગામ પોલીસ મથકના પીઆઇ શ્રી પી.ડી.ચૌધરી કરી રહ્યા છે.

# આગાહીની વચ્ચે જ વલસાડના ઉમરગામમાં પવન સાથે ધોધમાર વરસાદ વરસતા રસ્તાઓ પર પાણી ફરી વળ્યા

## દેશના ૧૬ રાજ્યોમાં ચોમાસાની ધમાકેદાર એન્ટ્રી થઈ ગઈ

(સંપૂર્ણ સમાચાર સેવા)
**વલસાડ,તા.૧૦**

દેશના ૧૬ રાજ્યોમાં ચોમાસાની ધમાકેદાર એન્ટ્રી થઈ ગઈ છે, ત્યારે ગુજરાતમાં પણ મેઘરાજાએ દસ્તક દીધી છે. હવામાન વિભાગ દ્વારા આગામી ૭ દિવસ રાજ્યમાં, ખાસ કરીને દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્રમાં હળવાથી મધ્યમ વરસાદની આગાહી કરવામાં આવી છે. આગાહીની વચ્ચે જ વલસાડના ઉમરગામમાં પવન સાથે ધોધમાર વરસાદ વરસતા રસ્તાઓ પર પાણી ફરી વળ્યા છે અને લોકોને કાળઝાળ ગરમી અને બફારામાંથી મોટી રાહત મળી છે.

હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, આજે દક્ષિણ ગુજરાતની સાથે સંઘ પ્રદેશ દમણ અને દાદરાનગર હવેલીમાં વરસાદ પડી શકે છે. જો આવનારા દિવસોની વાત કરીએ તો, ૧૧ અને ૧૨ જૂનના રોજ દક્ષિણ ગુજરાતના સુરત, તાપી, ડાંગ, નવસારી અને વલસાડ જિલ્લાના છૂટાછવાયા વિસ્તારોમાં હળવાથી મધ્યમ વરસાદ થવાની પૂરેપૂરી શક્યતા છે. આ સાથે જ દમણ અને દાદરાનગર હવેલીમાં પણ વરસાદી માહોલ જળવાઈ રહેશે.

ત્યારબાદ, ૧૩ જૂને મેઘરાજા પોતાનો વ્યાપ થોડો વધારશે. આ દિવસે છોટા ઉદેપુર અને નર્મદા જિલ્લાની સાથે-સાથે સુરત, તાપી, ડાંગ, નવસારી, વલસાડ અને બંને સંઘ પ્રદેશોમાં હળવો વરસાદ વરસી શકે છે. હાલમાં રાજ્યમાં દક્ષિણ-પશ્ચિમ દિશામાંથી પવનો ફૂંકાઈ રહ્યા છે, જેને કારણે દક્ષિણ-પશ્ચિમ ચોમાસું ખૂબ જ ઝડપથી આગળ વધી રહ્યું છે.

ચોમાસાની આ આગેકૂચ વચ્ચે વલસાડ જિલ્લામાં તો વાતાવરણ સંપૂર્ણપણે પલટાઈ ચૂક્યું છે. ઉમરગામ અને તેની આસપાસના પંથકમાં ભારે પવન સાથે જોરદાર વરસાદ વરસ્યો છે. આ વરસાદને કારણે રસ્તાઓ પર પાણી ભરાઈ ગયા હતા, પરંતુ લાંબા સમયની ગરમી બાદ પડેલા આ પહેલા વરસાદથી સ્થાનિક નાગરિકોને ઠંડકનો અહેસાસ થયો છે. હવામાન નિષ્ણાત અંબાલાલ પટેલે ગુજરાતમાં ચોમાસા અને વરસાદને લઈને એક નવું અનુમાન વ્યક્ત કર્યું છે. તેમના જણાવ્યા મુજબ, હાલમાં એક પછી એક સક્રિય થઈ રહેલા વેસ્ટર્ન ડિસ્ટર્બન્સની ચોમાસા પર વિપરીત અસર પડી શકે છે. જોકે, આ સિસ્ટમના કારણે ગરમીમાં સામાન્ય ઘટાડો થશે પણ બફારો વધશે. અંબાલાલ પટેલની આગાહી પ્રમાણે, ગુજરાતમાં ૧૫ જૂનની આસપાસ ચોમાસાના આગમન પહેલાનો વરસાદ શરૂ થઈ શકે છે અને ખાસ કરીને ૧૮ થી ૨૮ જૂન વચ્ચે રાજ્યમાં સારો એવો વરસાદ પડવાની પૂરેપૂરી સંભાવના છે.

અંબાલાલ પટેલના જણાવ્યા અનુસાર, હાલમાં ઉત્તર ભારત અને ઉત્તર-પૂર્વ ભારતમાં એક બાદ એક વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ આવી રહ્યા છે. આ વાતાવરણીય પલટાની અસર ગુજરાત પર પણ જોવા મળશે. આ વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ સૌથી મોટી વિપરીત અસર ચોમાસાની સિસ્ટમ પર કરશે, જેનાથી વરસાદની પેટર્ન બદલાઈ શકે છે. આ સિસ્ટમની અસર હેઠળ ગુજરાતમાં મહત્તમ તાપમાનનો પારો તો ગગડશે, પરંતુ ભેજના કારણે અસહ્ય બફારો અને ઉકળાટ વધશે, જેથી લોકોને ગરમીથી ખાસ રાહત નહીં મળે.

# નવસારી એલસીબી પોલીસે ૫૮.૫૦ લાખ રૂપિયાનો વિદેશી દારૂના મુદ્દામાલ સાથે એક ખેપિયાની કરેલી ધરપકડ

## ગોવાથી દારૂનો જથ્થો ભરી અમદાવાદ તરફ જઈ રહ્યું હતું ટેન્કર:ગુનામાં સંડોવાયેલા અન્ય બેને વોન્ટેડ જાહેર કરાયા

(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)
**ચીખલી,(વંકાલ), તા.૧૦**



નવસારી એલસીબી પોલીસના પીઆઇ શ્રી વી.જે.જાડેજા, પીએસઆઇ શ્રી વાય.જી.ગઢવી, હે.કો. શ્રી નયનકુમાર હનુભા, શ્રી દિગ્વિજયસિંહ રવજીભાઈ, પો.કો.શ્રી કિરણ ભગુભાઈ સહિતનો સ્ટાફ ચીખલી વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતો.

દરમિયાન પૂર્વ બાતમીના આધારે બલવાડા નેશનલ હાઈવે ઉપર મુંબઈથી અમદાવાદ જતા ટ્રેક ઉપર વોચ ગોઠવતા બાતમી મુજબની ટાટા કન્ટેનર નં-એમએચ-૦૪-જીઆર-૬૬૫૫ આવતા જેને રોકી તલાસી લેતા અંદરથી ભારતીય બનાવટની વિદેશી દારૂની નાની મોટી બોટલ નંગ-૮૨૫૬ કિ. રૂા.૪૮,૪૩,૨૦૦/- તેમજ એક મોબાઈલ ફોન રોકડા રૂા.૨,૦૦૦/- મળી કુલ્લે રૂા.૫૮,૫૦,૨૦૦/-નો મુદ્દામાલ સાથે દારૂનું કન્ટેનરમાં વહન કરનાર શ્રી ક્રિષ્ના ઉર્ફે દિનેશ નેતાજી શ્રી રંગ સોમવંશી (હાલ રહે.રૂમ નં.૩ નિગડી પીપરીચિચવડ તુકારામ ભાલેકરના રૂમમાં તા.હવેલી જી.પુણે મહારાષ્ટ્ર) (મૂળ રહે.વાનવાડા પાણીની ટાંકીની બાજુમાં તા.ઔસા જી.લાતુર મહારાષ્ટ્ર)ની ધરપકડ કરી હતી.

જ્યારે દારૂનો જથ્થો ભરેલ કન્ટેનર આપી જનાર સતીષ (રહે.ભીવંડી,મહારાષ્ટ્ર) તથા કન્ટેનરનો માલિક મળી બે જેટલાને પોલીસ ચોપડે વોન્ટેડ જાહેર કરી ગુનાની વધુ તપાસ પોલીસ કરી રહી છે.

## પારડીની ઘરફોડ ચોરીનો ગણતરીના દિવસોમાં ભેદ ઉકેલાયો

# એલ.સી.બી. વલસાડે ૭ આરોપીઓને ઝડપી પાડી રૂા.૧૬.૪૧ લાખનો મુદ્દામાલ કબજે કર્યો

(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)
**વાપી, તા.૧૦**

પારડી તાલુકાના ડુંગરી ગામમાં થયેલી લાખો રૂપિયાની ઘરફોડ ચોરીનો ભેદ વલસાડ લોકલ ક્રાઈમ બ્રાન્ચ (એલ.સી.બી.)એ ગણતરીના દિવસોમાં ઉકેલી કાઢ્યો છે. પોલીસે ચોરીના ગુનામાં સંડોવાયેલા ૭ આરોપીઓને ઝડપી પાડી રૂા. ૧૬.૪૧ લાખનો મુદ્દામાલ કબજે કરી મોટી સફળતા મેળવી છે.

મળતી માહિતી મુજબ, ગત તા.૨૩ મે, ૨૦૨૬ના રોજ ડુંગરી ગામના બેરવાડ ફળિયામાં એક મકાનમાં રાત્રિના સમયે તાળા તોડી અજાણ્યા ચોરોએ સોનાના દાગીના અને રોકડ મળી કુલ રૂા. ૯.૦૨ લાખની ચોરી કરી ફરાર થઈ ગયા હતા. ઘટનાને પગલે પારડી પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધાઈ તપાસ શરૂ કરવામાં આવી હતી.



સુરત રેન્જના પોલીસ મહાનિરીક્ષક અને વલસાડ જિલ્લા પોલીસ અધિક્ષકના માર્ગદર્શન હેઠળ એલ.સી.બી.ની ટીમે સીસીટીવી ફૂટેજ, ટેકનિકલ એનાલિસિસ અને બાતમીદારોના આધારે તપાસ હાથ ધરી હતી. તપાસ દરમિયાન વાપી અને ભાવનગરમાંથી આરોપીઓને ઝડપી પાડવામાં આવ્યા હતા.

પોલીસ તપાસમાં સામે આવ્યું કે આરોપીઓએ ચોરી કરેલા સોનાના દાગીનાઓ ભાવનગરમાં વિવિધ વ્યક્તિઓ અને સોનાના વેપારીઓને વેચી દીધા હતા. ઉપરાંત ચોરી માટે ઉપયોગમાં લેવાયેલ સ્પ્લેન્ડર મોટરસાયકલ નવસારી રેલવે સ્ટેશન વિસ્તારમાંથી ચોરવામાં આવી હોવાનું પણ ખુલ્યુ હતું.

પોલીસે આરોપીઓ પાસેથી ૧૩૪.૨૮ ગ્રામ વજનના સોનાના દાગીના, રોકડ રકમ, પાંચ મોબાઈલ ફોન અને ચોરીમાં ઉપયોગમાં લેવાયેલ મોટરસાયકલ સહિત કુલ રૂા. ૧૬.૪૧ લાખનો મુદ્દામાલ કબજે કર્યો છે. આરોપીઓ પૈકી કેટલાક સામે અગાઉ પણ ચોરી, વાહનચોરી, જુગાર, પ્રોહિબિશન અને અન્ય ગુનાઓ નોંધાયેલા હોવાનું તપાસમાં બહાર આવ્યું છે. સમગ્ર કાર્યવાહી એલ.સી.બી. વલસાડની ટીમે સફળતાપૂર્વક પાર પાડી હતી.

## વિદેશ ભગાડી જવાના ત્રણથી વધુ કિસ્સા

# હિન્દુ સંગઠને આજે મહારાષ્ટ્રના દહાણું બંધનું એલાન આપ્યું

## આ વિસ્તારની પાંચ હિન્દુ-જૈન દીકરીને ફસાવ્યાની ઘટનાને પગલે હિન્દુ સમાજમાં રોષનો ચરૂ ઉકળ્યો છે

(સંપૂર્ણ સમાચાર સેવા)
**વલસાડ,તા.૧૦**

વલસાડ જીલ્લા બાદ છેવાડાના ઉમરગામ નજીકના મહારાષ્ટ્ર રાજયના બોરડી, પાલઘર અને દહાણું વિસ્તારમાં લવ જેહાદની આડમાં આંતરરાષ્ટ્રીય વુમન ટ્રાફિકિંગનું નેટવર્ક બહાર આવ્યું છે. આ વિસ્તારની પાંચ હિન્દુ-જૈન દીકરીને ફસાવ્યાની ઘટનાને પગલે હિન્દુ સમાજમાં રોષનો ચરૂ ઉકળ્યો છે. આ પ્રકારના ગંભીર કૃત્યને લઈ હિન્દુ સંગઠને આજે મહારાષ્ટ્રના દહાણું બંધનું એલાન આપ્યું હતું. જેના પગલે ધમધમતી બજારોમાં સન્નાટો જોવા મળ્યો હતો. હિન્દુ અને જૈન સમાજની દીકરીઓને કથિત રીતે પ્રેમજાળમાં ફસાવી ધર્માંતરણ કરાવી વિદેશ ભગાડી જવાના ત્રણથી વધુ કિસ્સા વલસાડ જીલ્લામાં પ્રકાશમાં આવતા હિન્દુ સમાજમાં ભારે રોષનો ચરૂ ઉકળ્યો છે. આ પ્રકારના ગંભીર કૃત્ય અંગે વલસાડ જીલ્લાના હિન્દુ સંગઠનના આગેવાનોએ જીલ્લા પોલીસવડાને આવેદનપત્ર પાઠવી વુમન ટ્રાફિકિંગના આંતરરાષ્ટ્રીય ષડયંત્ર સામે ઉચ્ચસ્તરીય તપાસ કરાવવાની માગ કરી હતી.

દરમિયાન જીલ્લાના છેવાડાના ઉમરગામ નજીકના મહારાષ્ટ્રના બોરડી, ઘોલવડ અને દહાણું વિસ્તારમાં પણ આ પ્રકારના કિસ્સા બહાર આવ્યા છે જેમાં હિન્દુ અને જૈન સમાજની પાંચ દીકરીઓને પ્રેમજાળમાં ફસાવી વિઝા અને પાસપોર્ટની વ્યવસ્થા કરી વિદેશ મોકલી દીધી હતી. આ પ્રકારના ગંભીર નેટવર્કના વિરોધમાં આજે બુધવારે વિશ્વ હિન્દુ પરિષદ સહિત વિવિધ સંગઠનો દ્વારા દહાણુ સહિત બોરડી-ઘોલવડ-સામટા બંધનું એલાન આપવામાં આવ્યું હતું. જેના ભાગરૂપે તમામ બજારો બંધ રાખી વિરોધ વ્યક્ત કરવામાં આવ્યો હતો.

વલસાડના ઉમરગામ તાલુકાના, ખાસ કરીને સંજાણ તેમજ આસપાસના વિસ્તારોમાં હિન્દુ અને જૈન સમાજની દીકરીઓને કથિત રીતે પ્રેમજાળમાં ફસાવી, તેમનું ધર્માંતરણ કરાવી વિદેશ ભગાડી જવાના કિસ્સા સામે આવતા સમગ્ર પંથકમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. ૮ જૂનના રોજ સમસ્ત હિંદુ-જૈન સમાજ દ્વારા લવ જેહાદ મામલે આપવામાં આવેલા આવેદનપત્ર મુજબ ઉમરગામ તાલુકાના સંજાણ ગામ અને આજુબાજુના વિસ્તારોમાં એક સુઆયોજિત ષડયંત્ર હેઠળ હિન્દુ અને જૈન સમાજની દીકરીઓને લક્ષ્ય બનાવવામાં આવી રહી છે. ગુજરાતમાં ધર્માંતરણ અને લગ્ન સંબંધિત કાયદાઓ ખૂબ જ કડક હોવાના કારણે, આરોપીઓ પડોશી રાજ્ય મહારાષ્ટ્રના પાલઘર વિસ્તાર અથવા ઘોલવડ ગામનો આશરો લઈ લગ્ન કરી લે છે.

આવેદનમાં તાજેતરમાં બનેલી એક ઘટનાનો ઉલ્લેખ કરતાં જણાવાયું હતું કે, સંજાણ પંથકની દીકરીઓ માટે રાતોરાત વિઝા અને પાસપોર્ટની વ્યવસ્થા કરાવી તેમને લંડન મોકલી દેવાની અને ત્યાં નિકાહ/લગ્ન કરાવી લેવાની નવી મોડસ ઓપરેન્ડી સામે આવી છે. આ ઘટનામાં દીકરી પાસે તેના જ ઘરેથી પૈસા અને દાગીનાની ચોરી પણ કરાવવામાં આવી હતી.

## વાહન ચાલકોને રાહત આપી શકે છે સરકાર

# વારંવાર લાઈસન્સ રિન્યુ કરવાની ઝંઝટ થશે દૂર

## વાસ્તવમાં કેન્દ્ર સરકાર ડ્રાઈવિંગ લાઈસન્સની વેલિડિટીનો સમયગાળો વધારવા પર હવે વિચાર કરી રહી છે

(સંપૂર્ણ સમાચાર સેવા)
**નવી દિલ્હી, તા.૧૦**

હવે દેશભરના કરોડો ડ્રાઈવરો માટે એક મોટા અને ખુશીના સમાચાર સામે આવ્યા છે. વાસ્તવમાં કેન્દ્ર સરકાર ડ્રાઈવિંગ લાઈસન્સની વેલિડિટીનો સમયગાળો વધારવા પર વિચાર કરી રહી છે.

રિપોર્ટ અનુસાર, આવી સ્થિતિમાં જો સરકારના આ પ્રસ્તાવને મંજૂરી આપવામાં આવે છે, તો ડ્રાઈવિંગ લાઈસન્સ હવે ૨૦ વર્ષની જગ્યાએ ૫૦ વર્ષની વય સુધી માન્ય રહી શકશે. સરકારના આ નવા પ્રસ્તાવનો હેતુ લોકોને વારંવાર લાઈસન્સ રિન્યુઅલની પ્રક્રિયામાંથી રાહત આપવાનો અને પરિવહન સેવાઓને વધુ સરળ અને ડિજિટલ બનાવવાનો છે.

માર્ગ પરિવહન અને રાજમાર્ગ મંત્રાલય (MoRTH) ના અધિકારીઓના જણાવ્યા અનુસાર, સરકાર ડ્રાઈવિંગ લાઈસન્સની વેલિડિટી વર્તમાન ૨૦ વર્ષથી વધારીને ૫૦ વર્ષ કરવાની દરખાસ્ત પર વિચાર કરી રહી છે. જો કે હજુ આખરી નિર્ણય લેવાયો નથી અને ચર્ચા પ્રારંભિક તબક્કામાં છે. નોંધનીય છે કે હાલના નિયમો હેઠળ ડ્રાઈવિંગ લાઈસન્સ ૨૦ વર્ષ સુધી માન્ય રહે છે. આ પછી લાઈસન્સ ધારકોએ લાઈસન્સ રિન્યુ કરાવવું પડે છે અને ઘણા કિસ્સામાં મેડિકલ સર્ટિફિકેટ સહિત અન્ય દસ્તાવેજો જમા કરાવવા પડે છે.

જો સરકારની આ નવી દરખાસ્ત લાગુ કરવામાં આવશે તો કરોડો લોકોને પ્રાદેશિક પરિવહન કચેરી એટલે કે RTOમાં વારંવાર જવાની જરૂર નહીં પડે. સરકારનું માનવું છે કે આનાથી નાગરિકો માટે પ્રક્રિયા સરળ બનશે અને સમયની પણ બચત થશે.

સરકાર માત્ર લાઈસન્સના નિયમોમાં ફેરફાર કરવા પુરતી સીમિત રહેવા માંગતી નથી. મંત્રાલય વાહન માલિકી ટ્રાન્સફર અને પરમિટ રિન્યુઅલ જેવી સેવાઓને સંપૂર્ણપણે ઓનલાઈન બનાવવાની દિશામાં પણ કામ કરી રહ્યું છે. આનાથી લોકોને કાગળની કામગીરી અને આરટીઓ ઓફિસોમાં લાંબી કતારોમાંથી રાહત મળી શકે છે. સૂચિત સિસ્ટમમાં લાઈસન્સ, પરમિટ અને અન્ય સેવાઓ સંબંધિત ફી ડિજિટલ માધ્યમથી જમા કરવામાં આવશે.

ડ્રાઈવિંગ લાઈસન્સની સાથે સરકાર રોડ સેફ્ટીને મજબૂત કરવા માટે નવી સિસ્ટમ પર પણ વિચાર કરી રહી છે. આ યોજના હેઠળ ટ્રાફિક નિયમોનું ઉલ્લંઘન કરનારા ડ્રાઈવરોને "નેગેટિવ પોઈન્ટ્સ" આપી શકાય છે. જો ડ્રાઈવર વિરુદ્ધ વારંવાર ઉલ્લંઘન નોંધવામાં આવે છે તો તેનું ડ્રાઈવિંગ લાઈસન્સ સસ્પેન્ડ અથવા રદ્દ પણ થઈ શકે છે.

# ઉમરગામમાં દિવ્યાંગો માટે તા.૧૨-૧૪ જૂને જયપુર ફૂટ કેલિપર્સ માટે નિ:શુલ્ક કેમ્પનું આયોજન

## યુએઆઈ હોલ, મહેશ્વરી હોસ્પિટલ સામે રોટરી ક્લબ અને યુઆઈએ દ્વારા થનારું આયોજન

(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)
**વાપી, તા.૧૦**

રોટરી ક્લબ ઓફ બોમ્બે-ઉમરગામ, ઉમરગામ ઈન્ડસ્ટ્રીઝ એસો. (યુ.આઈ.એ.) અને હ્યુમેનીટી ફાઉન્ડેશનના સંયુક્ત ઉપક્રમે આગામી તા.૧૨-૧૪ જૂનના રોજ દિવ્યાંગો માટે જયપુર ફૂટ, કેલીપર્સ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે.

જયપુર ફૂટ, કેલીપર્સ કેમ્પમાં ભાગ લેનાર ઉત્સુકોએ ચકાસણી અને નોંધણી કરવી આવશ્યક છે. નોંધણી માટે મિલિંદ સોનપાલ મો.નં.૯૮૨૫૫૫૯૬૪૧ ઉપર સંપર્ક કરવા જણાવાયું છે. આ નિ:શુલ્ક કેમ્પ યુ.એ.આઈ. હોલ મહેશ્વરી હોસ્પિટલ સામે યોજાશે. શિબિરમાં દિવ્યાંગોને જયપુર ફૂટ/પ્રોસ્થેટિક હાથ આપવામાં આવશે તેમજ પોલિયોગ્રસ્તોને કેલીપર્સ મફત આપવામાં આવશે. આ શિબિરમાં જરૂરીયાતમંદો માટે જાહેર આમંત્રણ પાઠવાયું છે.

નવસારી જિલ્લા તેમજ ચીખલી તાલુકાના ગામોની પ્રેસનોટ, જાહેર ખબર, અવસાન નોંધ, જન્મદિવસની શુભેચ્છાઓ સહિત અન્ય જાહેરાતો માટે સંપર્ક કરો:
દિપક સોલંકી - 98796 87316

**CHANGE OF NAME**

I HAVE CHANGE OF MY NAME FROM ALPESHSINH RANJITSINH CHAUHAN TO NEW NAME **ALPESHKUMAR RANJITSINH CHAUHAN**
**ADD.** HOUSE NO. 219, HAVELI FALIYA, B/H DEEP COMPLEX, NAROLI, SILVASSA 396235, UT OF DNH&DD

**સંઘ પ્રદેશ દા. ન. હ. તથા દ. દી. પ્રશાસન, શિક્ષણ નિયામકની કચેરી, દમણ - 396220**

જાહેરાત સંખ્યા ક્રમાંક DE/DNHDD/SVY/ADVT./26-27/1572 તારીખ 09.06.2026 દ્વારા શૈક્ષણિક વર્ષ 2025-26 માટે ડિપ્લોમા/ગ્રેજ્યુએશન/પોસ્ટ ગ્રેજ્યુએશન પ્રોફેશનલ અભ્યાસક્રમો અભ્યાસ કરતી વિદ્યાર્થીનીઓને ફીની ભરપાઈ કરવા માટે "સરસ્વતી વિદ્યા યોજના" હેઠળ અરજીઓ મંગાવવામાં આવી છે.

| | |
|---|---|
| પ્રારંભ તારીખ: | 15.06.2026 |
| અંતિમ તારીખ: | 15.07.2026 |

No. IP/DMN/2/5/2026-27/237, Dated: 10/06/2026

**સંઘ પ્રદેશ દાદરા અને નગર હવેલી તથા દમણ અને દીવ પ્રશાસન**
જાહેર બાંધકામ વિભાગ – દીવ
**ટેન્ડર આમંત્રિત કરવાની સુચના**

દીવ ખાતે સેવા ભવન બિલ્ડિંગનું આંતરિક કામ. એસએચ-- દીવ ખાતે સેવા ભવન બિલ્ડિંગમાં ડી.જી સેટ, યુપીએસ, આરએમયુ, એલબીએસ અને અન્ય સલગ્ન કામ પૂરું પાડવું અને સપ્લાય કરવું

For details please scan
https://ddtenders.gov.in
eepwd-diu-dd@nic.in
02875-252294

| | | |
|---|---|---|
| ટેન્ડર સુચના નં. તથા ઓળખ નં. | : | 26/2026-2027 (2026_DIUDT_4818_1) |
| પ્રી-બીડ મીટીંગ ની તારીખ | | -- |
| ડાઉનલોડ ની છેલ્લી તારીખ | : | 16/06/2026 |
| ઓનલાઇન સબમીટ છેલ્લી તારીખ | : | 16/06/2026 |
| બીડ ખોલવાની તારીખ | : | 16/06/2026 |

કાર્યપાલક અભિયંતા, લોક નિર્માણ વિભાગ, નિર્માણ વિભાગ-૨, દીવ.
No. IP/DMN/2/5/2026-27/231, Dated: 10/06/2026

**સંઘ પ્રદેશ દાદરા અને નગર હવેલી તથા દમણ અને દીવ પ્રશાસન**
જાહેર બાંધકામ વિભાગ – દીવ
**ટેન્ડર આમંત્રિત કરવાની સુચના**

એજ્યુકેશન હબ, કેવડી, દીવ ખાતે બાકીના હોસ્ટેલ રૂમ માટે વિવિધ ફર્નિચર વસ્તુઓની જોગવાઈ, પુરવઠો અને ખરીદી.

For details please scan
https://ddtenders.gov.in
eepwd-diu-dd@nic.in
02875-252294

| | | |
|---|---|---|
| ટેન્ડર સુચના નં. તથા ઓળખ નં. | : | 27/2026-2027 (2026_DIUDT_4819_1) |
| પ્રી-બીડ મીટીંગ ની તારીખ | | -- |
| ડાઉનલોડ ની છેલ્લી તારીખ | : | 12/06/2026 |
| ઓનલાઇન સબમીટ છેલ્લી તારીખ | : | 12/06/2026 |
| બીડ ખોલવાની તારીખ | : | 12/06/2026 |

કાર્યપાલક અભિયંતા, લોક નિર્માણ વિભાગ, નિર્માણ વિભાગ-૨, દીવ.
No. IP/DMN/2/5/2026-27/230, Dated: 10/06/2026

વર્તમાન પ્રવાહ વાંચકોને આથી ભલામણ કરવાની કે આ પ્રકાશનમાં પ્રસિદ્ધ થતી કોઈપણ જાહેરખબરના સંદર્ભમાં પૈસા મોકલતા અગાઉ કે તબીબી ભલામણના આધારે થતા ખર્ચ અથવા તો તેવા જ પ્રકારની કોઈપણ વચનપૂર્તિ કરતા અગાઉ અધિકૃત પૂછપરછ અને સલાહ લેવી. વર્તમાન પ્રવાહ સમાચાર જૂથ જાહેરાતની કોઈપણ સેવા કે ઉત્પાદનો અંગે કોઈ જ દાવાની ચકાસણી કરતું નથી. પ્રિન્ટર, પબ્લિશર, તંત્રી, વર્તમાન પ્રવાહ જૂથ પબ્લિકેશનના માલિક તેનાથી ઉપસ્થિત થતાં કોઈપણ પરિણામ કે દાવા જો જાહેરાતકારો નકારે તો તેની જવાબદારી લેશે નહીં.- વ્યવસ્થાપક

Owner, Publisher, Printer & Editor: Mukesh H. Gosavi, Printed at Vartman Pravah Offset Division :- 17-Sapphair Industrial Park, Dabhel, Nani Daman (U.T.), Publication Place : 92 Damanwada, Bhamti, Moti Daman, Daman (U.T.)

# વલસાડ-ડાંગ સાંસદ ધવલભાઈ પટેલે વાપી બુલેટ ટ્રેન પ્રોજેક્ટ અને ફાયર બ્રિગેડની મુલાકાત લઈ કામગીરીનું મૂલ્યાંકન કર્યું

**વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ ૪૩૯૯ દિવસ વડાપ્રધાન પદે રહી નવો કિર્તિમાન સ્થાપ્યો તેના ભાગરૂપે સાંસદે મુલાકાત લીધી**





**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો) વાપી, તા.૧૦**

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના દુરંદેશી અને સશક્ત નેતૃત્વ હેઠળ ભારતે છેલ્લા ૧૨ વર્ષોમાં વિકાસના અનેક નવા આયામો સર કર્યા છે. કેન્દ્ર સરકારના આ સફળ નેતૃત્વના ૧૨ વર્ષની ઉજવણીના અવસરે આયોજિત 'પ્રગતિ પથ યાત્રા' અંતર્ગત વલસાડ-ડાંગના સાંસદ ધવલ પટેલ દ્વારા વાપી ખાતે વિવિધ પ્રકલ્પોની વિશેષ મુલાકાત લેવામાં આવી હતી.

આ યાત્રા અંતર્ગત સાંસદ ધવલ પટેલે વાપીના ડુંગરા ખાતે નિર્માણાધીન અત્યાધુનિક 'બુલેટ ટ્રેન પ્રોજેક્ટ'ની સ્થળ મુલાકાત લીધી હતી. આ મુલાકાત દરમિયાન દેશના આધુનિક ઈન્ફ્રાસ્ટ્રક્ચરના નિર્માણ અને ઝડપી વિકાસના સંકલ્પને નજીકથી નિહાળવાનો તેમજ પ્રોજેક્ટની પ્રગતિ વિશે અધિકારીઓ સાથે ચર્ચા કરી વિગતવાર માહિતી મેળવી હતી.

સાંસદે વાપી ફાયર સ્ટેશનની પણ વિશેષ મુલાકાત લીધી હતી. આ મુલાકાત દરમિયાન તેમણે અગ્નિશામક દળની ત્વરિત કામગીરી, આપાતકાલીન પરિસ્થિતિને પહોંચી વળવા માટેના આધુનિક સાધનોનું નિરીક્ષણ કર્યું હતું અને મુશ્કેલ સમયમાં ખડેપગે રહેતા ફાયર જવાનોની અદમ્ય સેવાભાવનાને બિરદાવી હતી.

# વલસાડ એસઓજીએ પારડીમાં ગાંજાના ગેરકાયદે વાવેતરનો પર્દાફાશ કર્યો: રૂા.૩૭.૨૦ લાખના મુદ્દામાલ સાથે એક આરોપીને ઝડપ્યો





**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો) વાપી, તા.૧૦**

વલસાડ જિલ્લા પોલીસ દ્વારા માદક પદાર્થોના ગેરકાયદે વેપાર અને વાવેતર સામે ચલાવવામાં આવી રહેલા અભિયાન હેઠળ એસ.ઓ.જી. (સ્પેશિયલ ઓપરેશન ગ્રુપ)ને વધુ એક મહત્વપૂર્ણ સફળતા મળી છે. પારડી તાલુકાના સરોધી ગામમાં ગાંજાના ગેરકાયદે વાવેતરનો પર્દાફાશ કરી પોલીસે રૂા.૩૭.૨૦ લાખથી વધુ કિંમતનો મુદ્દામાલ જપ્ત કરી એક આરોપીની ધરપકડ કરી છે.

પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર, સુરત રેન્જના પોલીસ મહાનિરીક્ષક પ્રેમ વીર સિંહના માર્ગદર્શન હેઠળ તથા વલસાડ જિલ્લા પોલીસ અધિક્ષક યુવરાજસિંહ જાડેજાના નિર્દેશ અનુસાર જિલ્લામાં માદક પદાર્થો સામે વિશેષ ઝુંબેશ ચલાવવામાં આવી રહી છે.

એસ.ઓ.જી.ના પોલીસ ઈન્સ્પેક્ટર ડી.ડી.પરમારની રાહબરી હેઠળ કાર્યરત ટીમને મળેલી ચોક્કસ બાતમીના આધારે પારડી તાલુકાના સરોધી ગામના બરવાળી ફળિયામાં આવેલી જમીન પર દરોડો પાડવામાં આવ્યો હતો. તપાસ દરમિયાન ત્યાં ગાંજાના કુલ ૧૮ છોડ મળી આવ્યા હતા. પોલીસે કબજે કરેલા ગાંજાના છોડનું કુલ વજન ૭૪.૩૧૦ કિલોગ્રામ હોવાનું સામે આવ્યું છે, જેની અંદાજિત કિંમત રૂા. ૩૭,૧૫,૫૦૦ થાય છે. ઉપરાંત એક એન્ડ્રોઈડ મોબાઈલ ફોન પણ જપ્ત કરવામાં આવ્યો હતો. આમ કુલ રૂા. ૩૭,૨૦,૫૦૦નો મુદ્દામાલ કબજે કરવામાં આવ્યો છે.

આ કેસમાં પોલીસે જીતેન્દ્રભાઈ ઉર્ફે જીતુ અમૃતભાઈ કોંતી (ઉ.વ.૨૩), રહેવાસી ગામ માની, મંદિર ફળિયું, તા. કપરાડા, જી. વલસાડની ધરપકડ કરી છે. આરોપી મજૂરી કામ સાથે સંકળાયેલ હોવાનું જાણવા મળ્યું છે. પોલીસે આરોપી સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. સમગ્ર ગુનો પારડી પોલીસ સ્ટેશનમાં નોંધવામાં આવ્યો છે.


વલસાડ જિલ્લામાં ગાંજા અને અન્ય માદક પદાર્થોના ગેરકાયદે કારોબાર સામે પોલીસ દ્વારા સતત કડક કાર્યવાહી કરવામાં આવી રહી છે. એસ.ઓ.જી.ની આ કાર્યવાહીથી માદક પદાર્થોના ધંધાર્થીઓમાં ફફડાટ ફેલાયો હોવાનું માનવામાં આવે છે.

આ સફળ કામગીરીમાં પોલીસ ઈન્સ્પેક્ટર ડી.ડી. પરમાર, પો.સ.આઈ. વાય.પી. હડીયા, એ.એસ.આઈ.સયદભાઈ બાબનભાઈ, એ.એસ.આઈ. ભાવેશકુમાર મગનભાઈ સહિત એસ.ઓ.જી.ની ટીમના અધિકારીઓ અને કર્મચારીઓએ મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી હતી.

પારડીના સરોધી ગામમાં ગાંજાના ગેરકાયદે વાવેતરનો પર્દાફાશ કરીને એસ.ઓ.જી. વલસાડે માત્ર એક ગુનો શોધી કાઢ્યો નથી, પરંતુ જિલ્લામાં માદક પદાર્થોના નેટવર્ક સામે કડક સંદેશ પણ આપ્યો છે કે આવા ગેરકાયદે કારોબારને કોઈપણ સંજોગોમાં ચલાવી લેવામાં નહીં આવે.

# વલસાડ પારનેરા હાઈવે ઉપર વિચિત્ર અકસ્માત સર્જાયો: એક સાથે આઠ વાહનો એકબીજા સાથે ભટકાયા





**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો) વાપી, તા.૧૦**

વલસાડ પારનેરા હાઈવે ઉપર આજે બુધવારે વિચિત્ર અકસ્માત સર્જાયો હતો. હાઈવે ઉપર દોડતા આઠ વાહનો એકબીજા સાથે ભટકાતા થોડીવાર માટે તો ભયનું મોજુ ફેલાઈ ગયું હતું. થોડા સમય પછી તમામ વાહનચાલકો અને કાર સવાર લોકો સંપુર્ણ સલામત જણાતા ઉપસ્થિત લોકો અને વાહન ચાલકોએ રાહતનો શ્વાસ લીધો હતો.

નેશનલ હાઈવે ડ્રાઈવિંગની આ એક મર્યાદા છે. ક્યારે અને ક્યાં અને કેવો અકસ્માત સર્જાય તેની કોઈ વ્યાખ્યા હોતી નહોતી. કંઈક તેવો જ વિચિત્ર અકસ્માત આજે પારનેરા હાઈવે ઉપર સર્જાયો હતો. કોઈ કારણસર આગળ જતા વાહને આકસ્મિક બ્રેક લગાવતા પુરપાટ પાછળ આવતા વાહનો ધડાધડ ફિલ્મી દૃશ્યની જેમ એકબીજા સાથે ભટકાયા. ચાલકો અને કાર સવાર મુસાફરોના જીવ પડીકે બંધાઈ ગયા હતા પરંતુ સદનસીબે કોઈને પણ કોઈ પણ પ્રકારની ઈજા નહોતી થતા તમામનો ચમત્કારિક બચાવ થયો હતો. હા અલગ અલગ વાહનોને નાનું મોટું નુકશાન થયું હતું. બીજી તરફ કતારબંધ અથડાયેલા વાહનોને લઈ મુંબઈ તરફ જતી લાઈનમાં ટ્રાફિકજામ થઈ ગયો હતો. ટ્રાફિક પોલીસે ઘટના સ્થળે પહોંચી જરૂરી કાર્યવાહી હાથ ધરી હતી.

# વલસાડ અબ્રામામાં બંધ રો-હાઉસને તસ્કરોએ નિશાન બનાવ્યું: રોકડ, ઘરેણાં મળી રૂા.૪.૪૫ લાખ ચોરી ગયા





**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)**

**વાપી, તા.૧૦:** વલસાડ અબ્રામા હાઈવે નજીક કિસાન પાર્ક રો હાઉસના એક બંધ મકાનને તસ્કરોએ નિશાન બનાવી ૪.૪૫ લાખની ઘરફોડ ચોરી કરી ચોરટા પલાયન થઈ ગયા. પરિવાર ઘર બંધ કરીને બે દિવસ બહારગામ ગયેલો ત્યારે તસ્કરો તે તક ઝડપી ચોરી કરી લીધી હતી. વલસાડ અબ્રામા હાઈવે નજીક ટાટા શો રૂમ નજીક આવેલ કિસાન પાર્ક રો હાઉસમાં વિનયભાઈ ઝા, પરિવાર સાથે રહે છે. ગત તા.૭ના રોજ મકાન બંધ કરીને પરિવાર બહાર ગામ ગયો હતો. તા.૯ના રોજ પરિવાર ઘરે પરત આવતા જોયું તો મકાનના મુખ્ય દરવાજાના તાળા તૂટેલા હતા. ઘરમાં પ્રવેશી જોયું તો લાકડાના કબાટ સરસામાન વેરવિખેર પડ્યો હતો. વેપારી વિનયભાઈએ તપાસ કરી તો કબાટમાં રાખેલા રોકડા રૂપિયા ૧.૨૦ લાખ તથા સોના, ચાંદી, ઘરેણાં કિંમતી ઘડિયાળ મળી કુલ ૪.૪૫ લાખની મત્તા ચોરાયેલી જણાઈ હતી. તેથી પોલીસને જાણ કરી ફરિયાદ નોંધી હતી. પોલીસે સીસીટીવી ફૂટેજ તપાસી આગળની તપાસનો ધમધમાટ શરૂ કર્યો હતો.

# સ્વાભિમાન અને સંસ્કૃતિની શાન: બ્રિટનની ધરતી પર ગર્વથી છલકાતું રાજપૂતી લોહી

**ગંગાજળના કળશો, પોતાની પરંપરાઓ પ્રત્યેની અડગ નિષ્ઠા અને રાજપૂતી સ્વાભિમાન સાથે થયેલી, હિન્દુ સંસ્કૃતિને પ્રતિબિંબિત કરતી આ યાત્રા ભારતીય રાજવીઓના ઈતિહાસની સૌથી અનોખી અને સ્મરણીય વિદેશ યાત્રાઓમાંની એક ગણાય છે**

**વા**ત છે એક સ્વાભિમાની જયપુરના રાજપૂત મહારાજાની - દાનવીર, પ્રજાવત્સલ અને દૂરંદેશી વિખ્યાત શાસક સવાઈ માધોસિંહ (બીજા)ની.

તેમનું મૂળ નામ કાયમસિંહ હતું. તેઓ ઈસરદા ઠિકાણાના રાજપરિવારમાં જન્મ્યા હતા.

જયપુરના મહારાજા સવાઈ રામસિંહના અવસાન બાદ તેમને દત્તક લઈ ગાદી પર બેસાડવામાં આવ્યા હતા. તેઓએ સતત ૪૨ વર્ષ (૧૮૮૦થી ૧૯૨૨) સુધી જયપુર રાજ્યનું શાસન કર્યું.

રાજાશાહી વૈભવ હોવા છતાં તેઓ પ્રજાના પ્રશ્નો પ્રત્યે હંમેશા સંવેદનશીલ હતા. તેમણે આધુનિકતાનું સુંદર સમન્વય સાધી પોતાની પ્રજાના કલ્યાણ માટે કાર્ય કર્યું.

દુષ્કાળ અને મહામારીના સમયમાં તેમણે પ્રજાને રાહત આપવા માટે અનેક યોજનાઓ અમલમાં મૂકેલી.

એ સમયે દુનિયાભરમાં અંગ્રેજ હકૂમતની આણ હતી. અનેક રજવાડાઓમાં વહેંચાયેલા હિન્દુસ્તાનના નાના મોટાં રાજવીઓ પણ અંગ્રેજોના ઈશારે નાચતા હતા. કહોને કે અંગ્રેજોની દખલ વગર તેઓ માટે કોઈ કાર્ય શક્ય બનતું નહીં. તેમ છતાં બ્રિટિશ સરકાર સાથે સારા સંબંધો ધરાવતા રાજવીઓમાં માધોસિંહની ગણના થતી હતી.

**જ્યારે સમુદ્ર ઓળંગવો 'કાળાપાણી' ગણાતું**

૧૯૦૨ની વાત છે.

બ્રિટિશ સરકારે ભારતના વાઈસરૉય દ્વારા માધોસિંહને રાજા એડવર્ડ (સાતમા)ના રાજ્યાભિષેક પ્રસંગે લંડન પધારવા આમંત્રણ આપ્યું.

તે સમયના ઘણા રૂઢિચુસ્ત હિંદુઓ માનતા કે સમુદ્ર પાર કરવાથી ધાર્મિક શુદ્ધિ અને જાતિ-રીતિને નુકસાન થાય.

સમુદ્ર ઓળંગવાની ક્રિયા 'કાળાપાણી' તરીકે પ્રસિદ્ધ હતી. આ ક્રિયા કરનારને સમાજ અને દેશથી વિમુખ કરવામાં આવતો. તેથી કોઈ રૂઢિચુસ્ત સમુદ્ર પાર કરવાનું સાહસ નહીં કરતો.

વાઈસરૉયના આમંત્રણથી મહારાજા માધોસિંહ અને તેમના સલાહકારો મૂંઝવણમાં મુકાઈ ગયા. જો આમંત્રણ સ્વીકારવામાં ન આવે તો અંગ્રેજો સાથે અકારણ ખટરાગ પેદા થાય!

સંસ્કૃતિ જોખમાય તેવું એક પણ કાર્ય કરવા મહારાજા તૈયાર ન હતા. તેથી તેમણે સવિનય આમંત્રણના અસ્વીકારનો પ્રસ્તાવ વાઈસરૉયને મોકલી આપ્યો.

આ પ્રસ્તાવથી અંગ્રેજ હકુમતમાં ખળભળાટ થઈ ગયો.

વાઈસરૉયે અન્ય રાજાઓ દ્વારા આમંત્રણ સ્વીકારવા માધોસિંહ પર દબાણ કર્યું. તેથી તેમણે તેમના દરબારીઓ અને પૂજારીઓ સાથે વિમર્શ કર્યો.

સમાધાન રૂપે એવું નક્કી કરવામાં આવ્યું કે, યાત્રા દરમિયાન પૂર્ણપણે ધાર્મિક નિયમોનું પાલન કરવું.

ગંગાજળ અને રાશન સાથે લઈ જવું. અંતે વિદેશની ભૂમિના અન્ન-જળ ન ગ્રહણ કરવાની શરત સાથે રાજ્યાભિષેકમાં ઉપસ્થિત રહેવાનું આમંત્રણ સ્વીકાર્યું.

**ગંગાજળ સાથેની અનોખી યાત્રા**

**સિક્કાની ત્રીજી બાજુ**





**- સ્વામી ચિન્મયદાસ**

મહારાજાએ વિદેશની લગભગ ચારેક મહિનાની લાંબી યાત્રા માટે એક વહાણ ભાડે લીધું. તેમાં માટી પથરાવી તુલસીના છોડ રાખવામાં આવ્યા. પોતાના ઈષ્ટદેવ ગોવિંદ દેવની મૂર્તિ પણ સાથે લીધી. તેમની નિત્યપૂજા કરવા માટે પૂજારીઓ પણ લીધાં.

**ગંગાજળ માટે ચાંદીના કળશ**

કહેવાય છે કે ઈષ્ટદેવને તાજુ દૂધ ધરાવવા માટે ચારેક રાજસ્થાની ગાયો પણ લીધી. પૂરતાં પ્રમાણમાં ઘાસચારો પણ લીધો. પૂજાવિધિ અને રસોઈ માટે ગંગાજળનો સંગ્રહ કરવા તેમણે ૧૫,૦૦૦ શુદ્ધ ચાંદીના સિક્કા ઓગળાવી લગભગ પાંચ ફૂટ ઊંચા બે કળશો બનાવડાવ્યા.



રાજસ્થાની ગોવિંદરામ અને માધવ નામના બે કારીગરો દ્વારા નિર્મિત નકશીદાર ચાંદીના આ બે કળશોનું વજન આશરે ૩૪૫ કિલો જેટલું હતું. જેમાં સહેલાઈથી ચારેક હજાર લીટર પાણી ભરી શકાય. (ગિનિસ બુકમાં સ્થાન પામેલાં આ બન્ને કળશો આજે સિટી પેલેસ જયપુરમાં સુરક્ષિત છે.)

પર્યાપ્ત અનાજ અને મસાલા સાથે લગભગ ચારસો જેટલાં કર્મચારીઓ સાથે તેઓ એડવર્ડ (સાતમા)ના રાજ્યાભિષેક સમારંભ માટે લંડન પહોંચ્યા. મહારાજાનો વિદેશની ભૂમિમાં આવો શાહી ઠાઠ જોઈ અંગ્રેજ અમલદારો મોમાં આંગળા નાંખી ગયા.

**રાણીના સવાલ પર મહારાજાનો સણસણતો જવાબ**

એક વાર બ્રિટિશ રાજપરિવારે તેમને ભોજન માટે આમંત્રિત કર્યા. જ્યાં ઘણા રાજવીઓ પશ્ચિમી જીવનશૈલી અપનાવી રહ્યા હતા ત્યાં કપાળમાં તિલક કરી ભારતીય પોશાકમાં ગંગાજળનું પાન કરતાં મહારાજા માધોસિંહ સૌનું આકર્ષણ બની ગયા.

મહારાજાની ચુસ્ત હિન્દુ પ્રણાલીની શિસ્ત અંગ્રેજ વર્તુળોમાં ચર્ચાનો વિષય બની ગઈ.

સૌથી નિર્લેપ રહી ભારતીય સંસ્કૃતિની શાન વધારતા મહારાજાની આ અલિપ્તા સૌને ખટકવા લાગી.

શાહી ભોજનમાં ભાગ ન લેવા બદલ અપમાન રૂપે કેટલાંકે ક્વીન એલેક્ઝાન્ડ્રાની કાન ભંભેરણી કરી.

રાણીએ તે સમારંભમાં રીતસર મહારાજાને તે માટે જાહેરમાં ઠપકો આપ્યો.

પરંતુ વાક્પટુ મહારાજાએ પરિસ્થિતિ પારખી જે ઉત્તર આપ્યો તેનાથી રાણી સ્તબ્ધ થઈ ગઈ.

પ્રચલિત વર્ણન પ્રમાણે

સ્વાભિમાન જાળવતા મહારાજાએ કહ્યું, 'અમારી રાજસ્થાની પ્રણાલી પ્રમાણે દીકરીને ત્યાં અન્ન કે જળ ગ્રહણ કરવાની પ્રથા નથી. હું આપને દીકરી સમાન માનું છું!'

મહારાજાની વિનમ્રતા અને પિતૃભાવ રાણીને સ્પર્શ કરી ગયા. રાણીના અહોભાવથી અંગ્રેજ અમલદારોના ચહેરા અમાસની રાત જેવા ફિક્કા પડી ગયા.

મૂળ રાજ્યાભિષેક જૂન ૧૯૦૨માં થવાનો હતો, પરંતુ રાજા એડવર્ડ (સાતમાં)ને એપેન્ડિસાઈટિસ થતાં સમારોહ મુલતવી રાખવો પડ્યો. ઘણા વિદેશી મહેમાનો પાછા ફરી ગયા પરંતુ મહારાજા અંગ્રેજોના આગ્રહથી લંડનમાં લાંબો સમય રોકાયા.

અંતે ૯ ઓગસ્ટ ૧૯૦૨ના રોજ રાજ્યાભિષેક યોજાયો.

માધોસિંહજીએ એડવર્ડને ૭૧૯ હીરાથી જડિત અનોખી તલવાર અને મ્યાન ભેટ સ્વરૂપે અર્પણ કરી. આ ભેટ આજે પણ બ્રિટનની રાજકીય સંગ્રહાલયમાં સુરક્ષિત છે.

ગંગાજળના કળશો, પોતાની પરંપરાઓ પ્રત્યેની અડગ નિષ્ઠા અને રાજપૂતી સ્વાભિમાન સાથે થયેલી, હિન્દુ સંસ્કૃતિને પ્રતિબિંબિત કરતી આ યાત્રા ભારતીય રાજવીઓના ઈતિહાસની સૌથી અનોખી અને સ્મરણીય વિદેશ યાત્રાઓમાંની એક ગણાય છે.

# વલસાડ જિલ્લાની તમામ શાળામાં શૈક્ષણિક અને વહીવટી સ્તર વધુ મજબૂત બનાવવા 'કર્તવ્યક્રાંતિ' સેમિનાર યોજાયો

**શિક્ષણ એ માત્ર અક્ષરજ્ઞાન નથી પણ ચારિત્ર્ય નિર્માણનું ઘડતર છે: પ.પૂ. કપિલ સ્વામી**





**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક) વલસાડ, તા.૧૦**

વલસાડ જિલ્લાના શિક્ષણ વિભાગ દ્વારા જિલ્લાની તમામ સરકારી, ગ્રાન્ટેડ અને નોન-ગ્રાન્ટેડ શાળાઓના શૈક્ષણિક અને વહીવટી સ્તરને વધુ મજબૂત બનાવવાના હેતુથી એક ભવ્ય ''કર્તવ્યક્રાંતિ'' સેમિનાર વલ્લભ આશ્રમ એમ.જી.એમ. અમીન અને વી.એન. સવાણી શાળા ખાતે યોજાયો હતો. આ સેમિનાર જિલ્લા શિક્ષણાધિકારી ડૉ. રાજેશ્રી એલ. ટંડેલના અધ્યક્ષસ્થાને યોજાયો હતો. જેમાં જિલ્લાભરના શિક્ષણ જગતના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા. સેમિનારમાં ફેબ્રુઆરી-માર્ચ ૨૦૨૬ની બોર્ડ પરીક્ષાના પરિણામોની વિસ્તૃત સમીક્ષા કરવામાં આવી હતી, તેમજ આગામી શૈક્ષણિક વર્ષ ૨૦૨૬-૨૭માં પરિણામ સુધારણા અને ગુણવત્તાયુક્ત શિક્ષણ આપવા અંગે સઘન ચર્ચા કરવામાં આવી હતી.

જિલ્લા શિક્ષણાધિકારી ડૉ. રાજેશ્રી એલ. ટંડેલે બોર્ડની પરીક્ષામાં શ્રેષ્ઠ પ્રદર્શન કરવા બદલ શાળાઓને અભિનંદન પાઠવ્યા હતા. તેમણે આગામી વર્ષમાં વિદ્યાર્થીઓ ઉચ્ચ શૈક્ષણિક સિદ્ધિ હાંસલ કરે તે માટે ઉપસ્થિત સૌને સંકલ્પ લેવડાવ્યા હતા અને વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ માટે '૩૬૦ ડિગ્રી એપ્રોચ' અપનાવવા ખાસ સૂચન કર્યું હતું. સેમિનારમાં વિશેષ ઉપસ્થિત સેલ્ફ ફાઈનાન્સ એસોસિએશન વલસાડના સ્થાપક અને અધ્યક્ષ પૂજ્ય કપિલ સ્વામીજીએ પ્રાસંગિક વક્તવ્ય આપતા જણાવ્યું કે, શિક્ષણ એ માત્ર અક્ષરજ્ઞાન નથી પણ ચારિત્ર્ય નિર્માણનું ઘડતર છે. નવા શૈક્ષણિક વર્ષમાં તમામ શાળાઓ, સંચાલકો અને આચાર્યો સાથે મળીને વિદ્યાર્થીઓને એવું નૈતિક અને ગુણવત્તાસભર વાતાવરણ પૂરું પાડે જેથી તેઓ દેશના જવાબદાર નાગરિક બને. શિક્ષણ ક્ષેત્રે આવતા નવા પ્રવાહો અને ટેકનોલોજીને અપનાવીને આપણે વલસાડ જિલ્લાને શૈક્ષણિક ક્ષેત્રે મોખરે રાખવાનો છે.

આ સેમિનારમાં પ્રેસિડન્ટ અલ્પાબેન કોટડિયા, સંચાલક મંડળમાંથી રાજુભાઈ પટેલ, આચાર્ય સંઘના પ્રમુખ દિનેશભાઈ પટેલ, આચાર્ય રાજ્ય સંઘ અન્વેષક પંકજભાઈ પરમાર, માધ્યમિક સંઘના પ્રમુખ દીપકભાઈ પટેલ તેમજ વહીવટી સંઘના પ્રમુખ સંજયભાઈ પટેલ સહિત જિલ્લાના અન્ય અગ્રણી હોદ્દેદારો અને આચાર્યશ્રીઓ મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા.